યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- • વર્ષ - ૧૩ અંક - ૮-૯ ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૬

Postal Registration No. GAMC 1417/2015-2017 Valid up to 31-12-2017 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-



## તું ભગવાનની સન્મુખ થા

તારો અમર મિત્ર ભગવાન છે - જે તમારી હૃદયગુહામાં બિરાજેલ છે. તે આત્માનો પણ આત્મા છે. આશ્વાસન અને સહાનુભૂતિ અર્થે તેની સન્મુખ થાવ. પ્રભુ પર દૃઢ શ્રદ્ધા રાખો તે તમને માર્ગદર્શન આપશે. તમારી કાળજી રાખશે અને શક્તિ પ્રદાન કરશે. અખંડ ભગવન્નામસ્મરણ કરો. આતુરતાથી તેની પ્રાર્થના કરો. જરૂરિયાતના પ્રસંગે પ્રભુ હંમેશાં તમને સહાય કરશે.

- સ્વામી શિવાનંદ



ગુજરાત રાજ્યના નૂતન મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને
ઉપમુખ્યમંત્રી શ્રી નીતિન પટેલના શપથવિધિ પ્રસંગે
પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજીના આશીર્વાદ લેતા મંત્રી મહોદય.




'પ્રિન્ટ વિઝન' અને 'ગીતાબહેન રાંભિયા ટ્રસ્ટ'
(અબોલ જીવોની સેવા સંસ્થા)ના અનુદાનથી એમ્બ્યુલન્સનું
લોકાર્પણ કરતા પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી (તા.૨૭-૮-૨૦૧૬)



કુલ-કમલ યોગ આશ્રમ, ફીલાડેલ્ફીયા (અમેરિકા) ખાતે
યોગશિક્ષક તાલીમ શિબિર (૧૪-૭ થી ૨૪-૭-૨૦૧૬)



અમેરિકાના સ્વાતંત્ર્ય પર્વે માર્ટિન લ્યૂથર કિંગ સ્મૃતિ ભવન ખાતે
પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પહાર પછી
શાંતિયાત્રા અને મહિમાસભા. (૪-૭-૨૦૧૬)



ભારતીય મંદિર ટ્રોય મિશિગન ખાતે નૂતન ધ્વજસ્તંભ અને ગરુડ
દેવતાની પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના વરદ હસ્તે
સ્થાપના (૨૩-૭-૨૦૧૬)



અનુપમ મિશન, એલન ટાઉન (અમેરિકા) ખાતે
ગુરુપૂર્ણિમા ઉત્સવ-પૂજ્ય સ્વામીજી, પૂજ્ય સાહેબજી
અને મુક્તો (૧૯-૭-૨૦૧૬)

શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત

# દિવ્ય જીવન

વર્ષ : ૧૪ અંક : ૮-૯ ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૬

**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
અધ્યક્ષ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (તંત્રી)
ડૉ. મફતભાઈ જે. પટણી
શ્રીમતી રૂપા મજમુદાર

○

તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી
**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

○

**મુખ્ય કાર્યાલય :**
'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :
સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ
ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :
શ્રી યશેશભાઈ દેસાઈ
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

○

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org

## લવાજમ

| | | |
|---|---|---|
| **ભારતમાં** | | |
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા

ॐ

सा ब्रह्मेति होवाच ब्रह्मणो वा एतद्विजये ।
महीयध्वमिति ततो हैव विदाञ्चकार ब्रह्मेति ॥ १ ॥
तस्माद्वा एते देवा अतितरामिवान्यान्देवान्यदग्नि-
र्वायुरिन्द्रस्ते ह्येनन्नेदिष्ठं पस्पृशुस्ते ह्येनत्प्रथमो चिदाञ्चकार ब्रह्मेति ॥ २ ॥

केनोपनिषद् - १, २

પછી તે ઉમાએ તે યક્ષ પ્રસિદ્ધ બ્રહ્મ હતું એમ ઈન્દ્રપતિને કહ્યું. તે બ્રહ્મે જ અસુરોનો પરાજય કર્યો છે, તમે તો તેમાં નિમિત્તમાત્ર છો, તેથી તેમના વિજયથી તમે સ્તુતિ તથા પૂજારૂપ મહિમાને પ્રાપ્ત થયા છો, અને તમને આ મિથ્યાભિમાન છે જે ''આ અમારો વિજય ને આ અમારો મહિમા છે.'' ત્યારે ઈન્દ્રે તે ઉમાના વચનથી જ તે યક્ષ બ્રહ્મ હતું એમ જાણ્યું, સ્વતંત્રપણે ન જાણ્યું.

જેથી અગ્નિ, વાયુ અને ઈન્દ્ર આ ત્રણ દેવો સંવાદદર્શનાદિ વડે બ્રહ્મની સમીપ ગયા, તેથી શક્તિ અને ગુણાદિરૂપ મહદ્‌ભાગ્ય વડે બીજા દેવોથી તેઓ અતિશ્રેષ્ઠ થયા; અર્થાત્ જેથી અગ્નિ, વાયુ અને ઈન્દ્ર એ ત્રણ દેવોએ બ્રહ્મની સમીપ જઈને બ્રહ્મની સાથે પૂર્વે કહેલી રીતે સંવાદાદિક પ્રકારથી સ્પર્શ કર્યો, અને તે દેવો બ્રહ્મને આ બ્રહ્મ હતું એમ પ્રથમ જાણતા હતા; તેમ અગ્નિએ અને વાયુએ ઈન્દ્રના વાક્યથી આ બ્રહ્મ હતું એમ પ્રથમ સાંભળ્યું, તેથી તેઓ બીજા દેવોમાં શ્રેષ્ઠ થયા.

## શિવાનંદ વાણી

### શ્રીકૃષ્ણ દર્શન પ્રયોગ.

જે કેવળ ભગવાન ઉપર વિશ્વાસ રાખે તેના ઉપર ઈશ્વરીય કૃપા ઊતરે જ. માટે નિયમિત જપ અને પ્રાર્થના દ્વારા ભગવાનનો ઉપકાર માનો. મહામૃત્યુંજય જપરૂપી દિવ્ય-ઔષધનું સેવન કરો.

જ્યારે તમે શ્રીકૃષ્ણની હૃદયગુહામાં ઉપાસના કરો ત્યારે અનુભવો :-

શ્રીકૃષ્ણ ત્યાં જ છે. ચરણકમલથી મુખારવિંદ સુધી તમારા મનને ચક્રગતિથી ફેરવો. અંતમાં મુખકમલ ઉપર તમારી દૃષ્ટિ સ્થિર-એકાગ્ર કરો. હવે તમારું ધ્યાન ભગવાન શ્રીકૃષ્ણની રૂપમાધુરી પર સ્થિર થઈ ગયું છે. ત્યારબાદ આધ્યાત્મિક પ્રવાહ શરૂ થશે. જેમ જેમ ધ્યાન કરશો તેમ તેમ પ્રવાહનો વેગ સ્થિર થતો જશે. જ્યારે ગંભીર અને તીવ્ર ધ્યાન થશે ત્યારે 'સમાધિ' સ્વરૂપમાં પરિણમશે.

અનુભવ કરો:- શ્રીકૃષ્ણમાંથી વહેતો આધ્યાત્મિક સ્રોત, આનંદ-શાંતિ અને પરમ-સુખ રૂપે, ધ્યાન દરમ્યાન તમારા પ્રતિ અખંડ પ્રવાહિત થઈ રહ્યો છે.

**- સ્વામી શિવાનંદ**

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | કેનોપનિષદ્ ......... ............................ | | ૩ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | ............................. | ૪ |
| ૩. | સંપાદકીય | તંત્રી........................ | ૫ |
| ૪. | સાધનચતુષ્ટય | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૬ |
| ૫. | વિવેક | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૧૦ |
| ૬. | શ્રાદ્ધમાં શું કરવું ? | શ્રી સ્વામી કૃષ્ણાનંદજી .......... | ૧૨ |
| ૭. | આચરણમાં મૂકવાનાં વીસ બોધ - સૂત્રો | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૧૪ |
| ૮. | શ્રીમદ્ ભગવદ્‌ગીતા | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૧૬ |
| ૯. | ધર્મ | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૨૦ |
| ૧૦. | માનવજાતને અનુરોધ | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૨૨ |
| ૧૧. | જગત આપણો શત્રુ નથી | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૨૫ |
| ૧૨. | શરણાગતિનું હાર્દ | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૨૮ |
| ૧૩. | અંતિમ યાત્રા | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૩૦ |
| ૧૪. | દૈનિક જીવન : આંતરિક સાધનાનું પરીક્ષણ | શ્રી સ્વામી ચિદાનંદજી.......... | ૩૨ |
| ૧૫. | જીવનનાં કેટલાંક મૂળભૂત સત્ય | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૩૩ |
| ૧૬. | સુખ અને સફળતા મેળવવા માટેની બાર ચાવીઓ | શ્રી સ્વામી ચિદાનંદજી....... | ૩૫ |
| ૧૭. | કૃષ્ણાવતાર | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૩૯ |
| ૧૮. | પરમ તત્ત્વની પધરામણી | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૪૦ |
| ૧૯. | દાન | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૪૫ |
| ૨૦. | ગૃહસ્થીઓને સલાહ | શ્રી સ્વામી ચિદાનંદજી........... | ૪૬ |
| ૨૧. | અવતારી પુરુષ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ | શ્રીમતી રૂપા મજમુદાર .......... | ૪૮ |
| ૨૨. | પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીજીનો અક્ષરવાસ ....... | | ૫૧ |
| ૨૩. | વહાલા બાલુકાકાનું પુણ્ય મહાપ્રયાણ ..... | | ૫૨ |
| ૨૪. | ચિદાનંદમ્ લોકાર્પણ | | ૫૩ |
| ૨૫. | ભારતની સાંસ્કૃતિક વિરાસત એ જ દિવ્યજીવનની સંજીવની | ભાવનાબેન પંડ્યા ..... | ૫૪ |
| ૨૬. | Report Divya Tour 2016 | | |
| ૨૭. | વૃત્તાંત | ............................. | ૫૯ |
| ૨૮. | જાહેરાત | ............................. | ૬૩ |


## તહેવાર સૂચિ

**સપ્ટેમ્બર-૨૦૧૬**

| તા. | તિથિ | (અષાઢ વદ) |
|---|---|---|
| ૧ | ૩૦ | અમાવાસ્યા |
| | | (ભાદ્રપદ સુદ) |
| ૫ | ૪ | શ્રી ગણેશ ચતુર્થી |
| ૬ | ૫ | શ્રી ઋષિપંચમી |
| ૮ | ૭ | પૂજ્ય શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનો ૧૨૯મો પ્રાકટ્યદિન |
| ૯ | ૮ | શ્રી રાધાઅષ્ટમી |
| ૧૩ | ૧૧ | એકાદશી, શ્રી વામન જયંતી |
| ૧૪ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૧૫ | ૧૪ | શ્રી અનંત ચતુર્દશી |
| ૧૬ | ૧૫ | પૂર્ણિમા |
| | | (ભાદ્રપદ વદ) |
| ૧૭ | ૧ | મહાલય (પિતૃપક્ષ-શ્રાદ્ધ પક્ષ) શરૂ |
| ૨૪ | ૯ | શ્રી સ્વામી ચિદાનંદજીનો ૧૦૧મો પ્રાકટ્ય દિવસ |
| ૨૬ | ૧૧ | એકાદશી |
| ૩૦ | ૩૦ | અમાવાસ્યા, મહાલય (પિતૃપક્ષ-શ્રાદ્ધ પક્ષ) પૂર્ણ |

**ઓક્ટોબર-૨૦૧૬**

| | | (આસો સુદ) |
|---|---|---|
| ૧ | ૧ | શારદીય નવરાત્રી પ્રારંભ |
| ૨ | ૧ | ગાંધી જયંતી |
| ૭ | ૬ | મા સરસ્વતી આરાધના, દુર્ગા સપ્તમી |
| ૯ | ૮ | શ્રી દુર્ગાષ્ટમી, સરસ્વતી પૂજન, કુમારીકા પૂજન અને અષ્ટમીનો હવન |
| ૧૦ | ૯ | શ્રી મહાનવમી શારદીય નવરાત્રી સમાપ્ત |
| ૧૧ | ૧૦ | દશેરા, વિજયા દશમી, અને વિજયા દશમીના હવન પછી વિદ્યારંભણ |
| ૧૨ | ૧૧ | એકાદશી |
| ૧૩ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૧૬ | ૧૫ | પૂર્ણિમા, શ્રી વાલ્મિકી જયંતી |
| | | (આસો વદ) |
| ૨૬ | ૧૧ | એકાદશી |
| ૨૭ | ૧૨ | વાક્બારસ, પ્રદોષ પૂજા |
| ૨૮ | ૧૩ | ધનતેરસ, ધન્વંતરી જયંતી |
| ૨૯ | ૧૪ | કાળી ચૌદશ, નરક ચતુર્દશી |
| ૩૦ | ૩૦ | દિપાવલી, અમાવાસ્યા, ચોપડા પૂજન અષ્ટલક્ષ્મી ભવનમાં અન્નકૂટ |
| | | (કારતક સુદ) |
| ૩૧ | ૧ | ગોવર્ધન પૂજા વિક્રમ સંવત ૨૦૭૩ શરૂ |

# સંપાદકીય

શિવાનંદ આશ્રમ (હૃષીકેશ)ના એક સાધના સપ્તાહમાં સૌ સાધકોને એક પ્રતિજ્ઞાપત્ર આપવામાં આવેલ. તેમાં દશ વાતો લખી હતી. હું અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહનું પાલન કરીશ. હું નિત્ય ધ્યાન, પ્રાર્થના, જપ, સેવા અને પરોપકાર કરીશ. હું દરરોજ ગીતા સ્વાધ્યાય કરીશ. હું દરરોજ સદ્‌ગ્રંથોનું અધ્યયન કરીશ. હું ક્રોધ કરીશ નહીં. અસત્ય ભાષણ કરીશ નહીં. સેવા કરવાની એક પણ તક જતી કરીશ નહીં. હું દરરોજ અમુક કલાકનું મૌન પાળીશ. હું અઠવાડિયે એક વખત મીઠું (SALT) અને ખાંડ (ગળપણ) વગરનું ભોજન કરીશ. હું મારી કરેલી ભૂલો બદલ પશ્ચાત્તાપરૂપે એક દિવસ ઉપવાસ કરીશ. હું એકાદશીનો ઉપવાસ કરીશ. હું દરરોજ પરિવારના સદસ્યો સાથે બેસીને સત્સંગ કરીશ. રાત્રે સૂતાં પૂર્વે હું મારી આધ્યાત્મિક ડાયરી અવશ્ય લખીશ. રાત્રે જપ-ધ્યાન અને પ્રાર્થના કરીને પછી જ સૂઈશ.

આવાં બે પ્રતિજ્ઞાપત્રો ઉપર ગુરુદેવ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજે હસ્તાક્ષર કર્યા. તેમણે કહ્યું, 'એક તો દિવ્ય જીવન સંઘનો અધ્યક્ષ છું માટે અને બીજું એક વ્યક્તિ-સાધક તરીકે હસ્તાક્ષર કરું છું.'

જે સિદ્ધ છે, જે સમગ્ર વિશ્વમાં તેમની પવિત્રતા, તેમના જીવનની પારદર્શિતા માટે પૂજાય છે; તેઓએ હું પવિત્ર જીવન ગાળીશ તેવું પ્રતિજ્ઞાપત્ર ભરવાનું હોય ? પરંતુ શ્રી વિષ્ણુસહસ્રનામમાં લખ્યું છે કે **'આચારો પ્રથમો ધર્મઃ'** આચરણ એ સૌથી પ્રથમ ધર્મ છે. આચરણ એટલે જીવન જીવવાનો રાજમાર્ગ. આ એક એવી કઠિન કેડી છે કે જે કંડારેલી નથી, પરંતુ ત્યાં ચાલીને તેના ઉપર માર્ગ કંડારવાનો છે. માટે જ શ્રુતિ કહે છે, **'મહાજનો યેન ગતઃ સઃ પન્થાઃ'** જે ગુરુ છે, તે જાગૃત છે. તે પ્રકાશના પંથે ચાલવા માટે પોતાના સ્વકીય જીવનના ઉદાહરણ આપીને અંધકારમાંથી-અંધકાર ભેંકાર પથે પ્રકાશ પાથરતા જાય છે ત્યારે જ તે ગુરુ છે. તે સ્વતંત્ર છે, સ્વચ્છંદ નથી. નિર્બંધ છે, છતાં આંતરજાગરણના અધિકૃત પ્રશસ્તિકર્તા છે. નિર્મોહી-નિરહંકારી નિરભિમાની અને છતાં ગૌરવસભર અને ગરિમા સમ્પન્ન જીવનના ધણી આવા સંતો હોય છે – આપણું સૌનું સદ્‌ભાગ્ય રહ્યું કે જ્યારે ગુરુભગવાન પૂજ્યશ્રી સ્વામી ચિદાનંદજી મહારાજશ્રીનું આ પૃથ્વી ઉપર અવતરણ થયું ત્યારે આપણે પણ તેમની આગળ-પાછળ, આજુ-બાજુ ચાલ્યા. એક જ પૃથ્વી, એક જ આકાશ, એક જ હવા, પરંતુ સ્વભાવમાં એકતા કેમ ન લાવી શકાય? માટે આ સ્વામી ચિદાનંદ શતાબ્દી પર્વમાં કમર કસીને સંપૂર્ણ જાગૃતિ કરીને હું ચિદાનંદ જીવન જીવીશ. તેમની કરુણા, ઉદારતા, દયા, સૌજન્ય, ઔદાર્ય, જ્ઞાન, પ્રકાશ અને વિકાસનો ધણી થઈશ. આ અસંભવ નથી, જેનું ધ્યાન કરીએ તે તત્ત્વને પામીએ. આવો, આ ચિદાનંદ શતાબ્દી પર્વે ધ્યાયીએ ચિદાનંદને, ગાઈએ ચિદાનંદને, વાગોળીએ ચિદાનંદને અને પામીએ ચિદાનંદને ! તેઓ બંને હાથ વિસ્તારીને આપણને આલિંગવા તૈયાર છે, તેમના ચિદાનંદ સ્વરૂપમાં આગળ વધો, પ્રમાણિકપણે આંતરજીવનમાં અવગાહન કરીને દિવ્ય જીવન જીવીએ અને ધન્ય કરીએ શતાબ્દી પર્વને.

ૐ શાંતિ.

# સાધનચતુષ્ટય

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

સાધનચતુષ્ટય અથવા મોક્ષપ્રાપ્તિનું ચતુર્વિધ સાધન અથવા ચાર પ્રકારની યૌગિક સાધના એ જ્ઞાનયોગના સાધક માટેની પૂર્વજરૂરિયાતો છે. આ ચાર સાધન છે - વિવેક, વૈરાગ્ય, ષટ્સંપદ અને મુમુક્ષુત્વ.

(૧) વિવેક એટલે આત્મા અને અનાત્મા, સત્ અને અસત્, સાંચ અને જૂઠ, નિત્ય અને અનિત્ય, કાયમી અને ક્ષણિક, તથા કર્મ અને અકર્મ વચ્ચેનો તફાવત સમજવાની શક્તિ. વિવેક એટલે આ પ્રકારે ભેદ સમજવાની શક્તિ.

(૨) વૈરાગ્ય એટલે સાંસારિક બાબતોથી વિમુખ થવું તે; સાંસારિક બાબતો પ્રત્યે વૈરાગ્ય તે સંસારી પદાર્થો અને ઇન્દ્રિયજન્ય સંસારી સુખ પ્રત્યે વિરક્તિ બતાવે છે.

**वैराग्यस्य फलं बोधः । बोधस्य फलं उपरतिः ।**

એટલે કે વૈરાગ્યનું ફળ બોધ અથવા જ્ઞાન છે અને બોધનું ફળ છે ઉપરતિ અથવા અત્યંત સંતોષ.

**ब्रह्म सत्यं जगन्मिथ्या, जीवो ब्रह्मैव नाऽपरः ।**

બ્રહ્મ અથવા પરમ પુરુષ એ જ સત્ય છે, આ જગત અસત્ય અથવા મિથ્યા છે. જીવાત્મા પરમાત્માથી ભિન્ન નથી.

આ જ્ઞાનવૈરાગ્યમાંથી સંસારી પદાર્થો પ્રત્યેની વિરક્તિ ઉત્પન્ન થાય છે.

(૩) ષટ્સંપદ એટલે છ પ્રકારના ગુણો અથવા દૈવી સંપત્તિ. તે છે - શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન.

શમ એટલે પરમ શાંતિ, વાસનાઓ અથવા કામનાઓ નિર્મળ થતાં નીપજતી મનની શાંતિ. તેનો સંબંધ મનના નિગ્રહ ઉપર છે.

દમ એટલે આત્મનિગ્રહ અથવા જાત ઉપર કાબૂ, ઈન્દ્રિયો ઉપર કાબૂ. તેનો સંબંધ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો સાથે છે.

ઉપરતિ એટલે સંતોષ, અથવા પરમ સંતોષની સ્થિતિ, જે કેવળ સંપૂર્ણ ત્યાગ અથવા સંન્યાસ અને વિવેકથી જ પ્રાપ્ત થઈ શકે છે.

તિતિક્ષા એટલે સહનશક્તિ, માનસિક તેમ જ શારીરિક જીવનની દરેક સ્થિતિમાં સ્થિરતા અને સાહસ તથા ધૈર્ય, ગરમી અને ઠંડી, સુખ અને દુઃખ તથા સ્તુતિ અને નિંદા પ્રત્યે સહનશીલતા.

શ્રદ્ધા એટલે વિશ્વાસ, નિરપેક્ષ સત્ય, ધર્મશાસ્ત્રો અને ગુરુ તથા તેમના ઉપદેશોમાં સંપૂર્ણ વિશ્વાસ તે શ્રદ્ધા.

સમાધાન એટલે મનનું સમત્વ, મનની એકાગ્ર સ્થિતિ. મન તેના ધ્યેયમાં જ કેન્દ્રિત થાય અને બીજાં કોઈ બાહ્ય આકર્ષણોથી લિપ્ત ન થાય તે સ્થિતિ.

જ્ઞાનયોગના માર્ગે પ્રગતિ કરવા માટે આ છ ગુણ સાધક માટે અતિ આવશ્યક છે.

(૪) મુમુક્ષુત્વ એટલે મોક્ષ અથવા આત્મસાક્ષાત્કાર માટેની તીવ્ર ઈચ્છા અથવા ઉત્સુકતા, મુક્તિ માટેની જ્વલંત અભિલાષા.

જે માણસે પૂર્વ જન્મમાં નિરહંકારી ભાવથી, પ્રભુ પ્રીત્યર્થે નિષ્કામભાવે સારાં કામો કર્યાં હોય તેવા માણસમાં આ જન્મમાં ઈશ્વરકૃપાથી વિવેક બુદ્ધિ જન્મે છે.

પહેલાં તમારે વિવેક અને વૈરાગ્ય કેળવવો જોઈએ.

વિવેક અને વૈરાગ્યમાં સ્થિર થયા પછી જ તમને શમના અભ્યાસમાં સફળતા મળશે. વિવેકમાંથી જન્મેલો વૈરાગ્ય જ કાયમી રહેશે અને આવો વૈરાગ્ય જ તમને યોગસાધનાના માર્ગે ઉપયોગી નીવડશે, કારણ કે મિલકત નાશ થવાથી ઉપજેલો વૈરાગ્ય કે સ્ત્રી-બાળકના મૃત્યુથી ઉત્પન્ન થયેલો વૈરાગ્ય કેવળ ક્ષણિક હશે.

વળી, તે નિરર્થક નીવડશે. તે તો એમોનિયા જેવો બાષ્પશીલ છે.

શમ એટલે મનની પ્રશાંતતા. જે વાસના અથવા કામનાઓની સતત નિવૃત્તિથી અથવા ઉન્મૂલનથી પેદા થાય છે. જ્યારે મનમાં સાંસારિક કામનાઓ ઊભી થાય ત્યારે તેમને પૂર્ણ કરવા પ્રયત્ન કરશો નહિ; પરંતુ વિવેક અને યોગ્ય નિરીક્ષણ તથા વૈરાગ્યથી તેમને દૂર કરવા પ્રયત્ન કરો. સતત અભ્યાસથી તમને મનની શાંતિ તથા માનસિક શક્તિ પ્રાપ્ત થશે. મન નિર્મળ બનશે. મન ભટકતું અટકશે. તેની બહિર્મુખી વૃત્તિઓનો નિરોધ થશે. જ્યારે કામનાઓ નિર્મળ થશે ત્યારે વિચારો પણ આપોઆપ જ શમી જશે. મનની ખામીઓના સતત નિરીક્ષણથી તે અનેકવિધ સંસારી પદાર્થોમાંથી વિરક્ત બનશે અને બ્રહ્મમાં સ્થિર થશે. શમ અને દમના અભ્યાસમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો ઉપર કાબૂ મેળવાય છે, ઉપરાંત પાંચ કર્મેન્દ્રિયો ઉપર પણ કાબૂ મેળવાય છે અને કર્મેન્દ્રિયોનો નિગ્રહ થાય છે અને તે શિસ્તમાં આવે છે.

આંખો સુંદર વસ્તુ જોવા ઈચ્છે છે. જો તમે તે વસ્તુ ઉપરથી દૃષ્ટિ તરત જ ખેંચી લો તો તે છે આત્મનિગ્રહ. આ જ પ્રમાણે તમારે નિશ્ચયાત્મક રીતે પ્રયત્નપૂર્વક બીજી ઈન્દ્રિયો ઉપર પણ કાબૂ મેળવવો જોઈએ.

કેટલાક કહે છે, ''દમનો અભ્યાસ જરૂરી નથી કારણ તે શમમાં સમાયેલો છે. ઈન્દ્રિયો સ્વતઃ કામ કરી શકતી નથી. તેઓ મન સાથે મળીને જ કામ કરી શકે છે. માટે જો મન ઉપર કાબૂ આવે તો ઈન્દ્રિયો પણ આપોઆપ જ કાબૂમાં આવી જાય છે.''

જો તમે દમનો અભ્યાસ કર્યો હશે તો મન સહેલાઈથી કાબૂમાં આવી શકશે; કારણ કે આ રીતે દુશ્મન ઉપર અંદર તેમ જ બહાર બંને બાજુથી હુમલો કરવામાં આવે છે. આ રીતે ઉપદ્રવી મનને સહેલાઈથી અને ઝડપથી દબાવી શકાય છે કે શાંત કરી શકાય છે. જો સામેનો અને પાછળનો એમ બંને દરવાજા એકીસાથે બંધ કરવામાં આવે તો શત્રુને સહેલાઈથી સપડાવી શકાય છે, પછી તેને છટકવા માટે એક પણ માર્ગ રહેતો નથી. દમના અભ્યાસથી તમે મનને જ્ઞાનેન્દ્રિયો મારફતે બાહ્ય પદાર્થોના સંસર્ગમાં આવવા દેતા નથી. આ રીતે તમે મનમાં જ્ઞાનેન્દ્રિયો મારફતે બાહ્ય પદાર્થોનું રૂપ લેવા દેતા નથી. શિખાઉ સાધકોમાં શમનો પ્રખર અભ્યાસ કરવા છતાં પણ મન કદાપિ આત્મા ઉપર કેન્દ્રિત અથવા એકાગ્ર રહી શકતું નથી. તે અવારનવાર બાહ્ય પદાર્થો તરફ દોડી જાય છે. જો દમનો પણ અભ્યાસ કરવામાં આવે તો તે મનને સારી રીતે કાબૂમાં લાવવામાં ખૂબ જ મદદરૂપ નીવડશે. કોઈ તોફાની છોકરાના તમે હાથ બાંધશો તો તે પગ વડે ઉપદ્રવ કરશે પરંતુ જો પગ પણ બાંધી દેશો તો પછી તે શાંત થઈ જશે. આમ, શમ અને દમનો અભ્યાસ એટલે તોફાની છોકરાના હાથ અને પગ બાંધવા તે માટે શમની સાથે દમનો અભ્યાસ કરવો પણ જરૂરી છે.

પ્રત્યાહાર દમના અભ્યાસનો અનુવર્તી છે. રાજયોગના અભ્યાસીને જેમ પ્રત્યાહાર તેમ જ્ઞાનયોગના અભ્યાસીને દમનો અભ્યાસ છે. જ્ઞાનયોગી શમના અભ્યાસ પછી દમનો અભ્યાસ કરે છે જ્યારે રાજયોગી પ્રાણાયામના અભ્યાસ પછી પ્રત્યાહારનો અભ્યાસ કરે છે. રાજયોગમાં પ્રાણ ઉપર કાબૂ મેળવીને પછી ઈન્દ્રિયોને અંતર્મુખ બનાવવામાં આવે છે. જ્ઞાનયોગમાં મનને શાંત કરીને અથવા તેના ઉપર કાબૂ મેળવીને ઈન્દ્રિયોને અંતર્મુખ કરવામાં આવે છે. બંને રીતે એટલે કે મન અને પ્રાણ બંનેને એકીસાથે અંતર્મુખ કરવાથી ઈન્દ્રિયો વધારે સહેલાઈથી અંતર્મુખ બની શકે છે. ઈન્દ્રિયોને ચલિત કરનાર કોઈ હોય તો તે મન જ છે. પ્રાણ જ ઈન્દ્રિયોને વધુ સુસ્પષ્ટ, સબળ અને શક્તિશાળી બનાવે છે. શમ અને દમ, પ્રાથમિક તબક્કે રાજયોગનો જ અભ્યાસ છે.

હવે આપણે ઉપરતિના અભ્યાસનો વિચાર કરીએ. કેટલાક ઉપરતિની વ્યાખ્યા તમામ કર્મોનો ત્યાગ અને સંન્યાસ ગ્રહણ કરવો તે કરે છે. શમ અને દમના અભ્યાસ પછી ઉપરતિનો અભ્યાસ આવે છે. ઉપરતિ એટલે આત્મ-પ્રતિનિવૃત્તિ-પોતાની જાતને બાહ્ય પદાર્થોમાંથી પાછી વાળવી તે. બાહ્ય પદાર્થો દ્વારા ભડકાવવા છતાં પણ મન નિશ્ચલ રહે તો તે ઉપરતિ. ઉપરતિ એટલે અત્યંત સંયમ. ઉપરતિ એટલે સંસારી પદાર્થોમાંથી મનને સંપૂર્ણપણે વિમુખ કરવું તે.

જે સાધક ઉપરતિના અભ્યાસમાં સ્થિત થયેલો છે તેનું મન કોઈ પણ સુંદર વસ્તુ જોવા છતાં જરા પણ વિચલિત નહિ થાય. તેનામાં તે પ્રત્યે જરા પણ આકર્ષણ નહિ જન્મે. કોઈ પુરાણા વૃક્ષ અથવા લાકડાના ટુકડાને જોતાં તેના મનમાં જેવી લાગણી પેદા થશે તેવી જ લાગણી કોઈ યુવાન સ્ત્રીને જોવાથી તેના મનમાં પેદા થશે. સ્વાદિષ્ટ ભોજન કે રસાળ ફળ જોઈને તે લલચાશે નહિ. તે પ્રાપ્ત કરવા માટે તેના મનમાં જરા પણ ઈચ્છા થશે નહિ. કોઈ વિશેષ ભોજન કે વસ્તુ માટે તેના મનમાં પ્રાપ્તિની કામના હશે નહિ. મારે ભોજનમાં અમુક વાનગીઓ જોઈએ એવું એ કદાપિ કહેશે નહિ. તેને જે કંઈ આપવામાં આવે તેનાથી તે સંતોષ પામશે.

આનું કારણ એ છે કે તેણે વિવેક, વૈરાગ્ય, શમ અને દમના અભ્યાસથી માનસિક શક્તિ પ્રાપ્ત કરેલી છે. વળી, ઉપરોક્ત સાધનાથી મન આશ્ચર્યજનક શાંતિ અને શ્રેષ્ઠ આધ્યાત્મિક સુખનો અનુભવ કરે છે. તેને હવે નાનાં અને ભ્રામક સુખ નથી ખપતાં. એક વાર તમારી પાસે શેરડીનો ટુકડો આવે તો પછી બીજી તુચ્છ વસ્તુને ચૂસવા પાછળ તમે નહિ દોડો. મનને એક વખત ઉચ્ચ પ્રકારના સુખનો અનુભવ કરવાની ટેવ પાડવામાં આવે તો પછી તે સાંસારિક પદાર્થ પ્રત્યે આસક્ત થશે નહિ. આ રીતે તમે મનને સંસારી પદાર્થોથી વિરક્ત અને વિમુખ બનાવી શકશો. જો કોઈ સાંઢને તમે કપાસ ખવરાવો તો પછી તે ઘાસ ખાવા દોડશે નહિ. મન આ સાંઢ જેવું છે.

જે લોકો બ્રહ્મચર્યનો અભ્યાસ કરે છે તે લોકોએ શમ, દમ અને ઉપરતિની વિધિથી પૂર્ણ રીતે માહિતગાર રહેવું જોઈએ. તેમ થાય તો જ તે લોકો બ્રહ્મચર્યમાં સ્થિત થઈ શકશે.

બ્રહ્મનું અસ્તિત્વ, ધર્મશાસ્ત્રો, ગુરુનો ઉપદેશ અને અને એમાં અવિચળ વિશ્વાસ એ જ શ્રદ્ધા. જેનામાં આ ગુણ હોય તેને સમાધાન અને મુમુક્ષુત્વની પ્રાપ્તિ થશે. મન સ્વાભાવિક રીતે જ હંમેશાં અંતરાત્મા તરફ પ્રવૃત્ત થશે. શિષ્યે હવે કોઈ બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જવું જોઈએ, શ્રુતિઓનું શ્રવણ કરવું જોઈએ અને 'તત્ત્વમસિ' મહાવાક્ય ઉપર સતત ચિંતન અને ધ્યાન કરવું જોઈએ. તેને આત્મસાક્ષાત્કાર થશે.

જો તમારામાં વિવેક હશે તો વૈરાગ્ય આપોઆપ જ આવશે. જો તમારામાં વિવેક અને વૈરાગ્ય હશે તો શમ પણ આપોઆપ જ આવશે. તે જ પ્રમાણે વિવેક, વૈરાગ્ય અને શમ હશે તો દમ પણ આપોઆપ જ આવશે. શમ અને દમની પ્રાપ્તિ થતાં ઉપરતિની પણ પ્રાપ્તિ થશે. જો તમારામાં પણ આ બધા ગુણો હશે તો તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન અને મુમુક્ષુત્વ પણ આપોઆપ જ પ્રગટ થશે.

તિતિક્ષા એટલે સહનશક્તિ. તિતિક્ષુ સુખ-દુઃખ, માન-અપમાન, ગરમી-ઠંડી વગેરે બધું જ સહન કરી શકે છે. તે તેમના પ્રતિ-સમાધાન કરવાની ચિંતા કરતો નથી. તે ચિંતામુક્ત હોય છે. તે પોતાને થયેલા નુકસાનનો ખેદ કરતો નથી.

જીવનમુક્તની બાબતમાં પણ ટેવના કારણે દૃષ્ટિ સંસારી પદાર્થો તરફ મંડાય છે; પરંતુ જો તે ઈચ્છે તો તેમાંથી પોતાની દૃષ્ટિ પાછી વાળી લે છે અને પોતાની આંખોને ખાલી ખોખાની જેમ બનાવી રાખે છે. જ્યારે તે કોઈ સ્ત્રીને જુએ છે ત્યારે તે તેને પોતાની બહાર નથી જોતો. તે સમસ્ત જગતને પોતાનામાં જ

નિહિત જુએ છે. તે સ્ત્રી તેની પોતાની જાત જ છે એમ માને છે. જાતીય વિચાર કે બીજા કોઈ બૂરા વિચારો તેના મનમાં હોતા જ નથી. તે સ્ત્રી માટે તેને જરા પણ જાતીય આકર્ષણ હોતું નથી. સંસારી મનુષ્ય સ્ત્રીને પોતાનાથી ભિન્ન સમજે છે અને તેના વિષે તે વિલાસી વિચારો સેવે છે. આ છે તેને 'આત્મા' વિષે કોઈ વિચાર જ હોતો નથી - પરિણામે તે તેના તરફ આકર્ષાય છે. આ છે એક જ્ઞાની અને સંસારીની દૃષ્ટિનો ભેદ. કોઈ સ્ત્રી સામે જોવામાં કોઈ દોષ નથી, પરંતુ તેના વિશે મનમાં દુષ્ટ વિચારો ન સેવવા જોઈએ. સ્ત્રી જગદંબાનું સ્વરૂપ છે એવું અનુભવો; સ્ત્રીનું સૌંદર્ય એ પરમાત્માનું સૌંદર્ય છે એવું અનુભવો. બધાં જ નામરૂપો ઈશ્વરનાં જ સ્વરૂપ છે એવું અનુભવો. આવા વિચારો અને અનુભૂતિથી તમારું મન ઉન્નત થશે.

કેટલાક શિષ્યો પૂછે છે કે શું અમારે વિવેક, વૈરાગ્ય વગેરેનો અભ્યાસ એક પછી એક કરવો, એટલે કે એકમાં પ્રભુત્વ મેળવ્યા પછી જ બીજાનો અભ્યાસ શરૂ કરવો? કે આ બધાં અંગોનો અભ્યાસ એકીસાથે શરૂ કરવો? જો અમે એક પછી એક અંગનો અભ્યાસ કરીએ તો કદાચ આ જન્મમાં એક કે બે અંગોમાં માંડ સંપૂર્ણ પ્રભુત્વ મેળવી શકીએ; અને પરિણામે બધાં અંગોમાં પ્રભુત્વ મેળવવામાં કદાચ અનેક જન્મો લાગે. જીવન તો ઘણું ટૂંકું છે તો કરવું શું?

આનો આધાર સાધકના સ્વભાવ, શક્તિ અને રુચિ ઉપર છે. કેટલાક એક અંગ ઉપર પૂર્ણ પ્રભુત્વ મેળવ્યા પછી જ આગળ જવા ચાહે છે. જ્યારે કેટલાક બધાં જ અંગોનો અભ્યાસ એકીસાથે કરવા માગે છે. છ માસ સુધી વિવેક, વૈરાગ્ય અને શમ કેળવવામાં એકાગ્ર બનો. પછી છ માસ દરમ્યાન શ્રદ્ધા, સમાધાન અને મુમુક્ષુત્વ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરો. જે ગુણની તમારામાં ઊણપ જણાય તે પ્રાપ્ત કરવા પાછળ વધુ સમય આપો. જો તમે પૂરતા ઉત્સુક અને ધ્યેયનિષ્ઠ હશો તો આ જન્મમાં જ તમે વિવેક, વૈરાગ્ય, ષટ્સંપદ અને મુમુક્ષુત્વ કેળવી આત્મસાક્ષાત્કાર પામશો.

વેદાંતનો વિદ્યાર્થી કહેશે : ''મુક્તિ માટે વિવેક, વૈરાગ્ય વગેરે સાધનચતુષ્ટય પ્રાપ્ત કરવાની કશી જ જરૂર નથી; આ તો લાંબો કંટાળાજનક માર્ગ છે અને કદાચ હું અનેક જન્મોમાં પણ તે પ્રાપ્ત કરી શકીશ નહિ. આત્મસાક્ષાત્કારનો ટૂંકામાં ટૂંકો માર્ગ તો છે સતત બ્રહ્મચિંતન. હું બધા ગુણો આપોઆપ જ પ્રાપ્ત કરીશ અને પછી ગંભીર ધ્યાનનો અભ્યાસ કરીશ.'' તે સાચો પણ હોઈ શકે. પ્રથમ શ્રેણીનો સાધક આ રીત અખત્યાર કરી શકે છે, કારણ તેણે પૂર્વજન્મોમાં આ ચાર સાધનો કેળવેલાં છે, પ્રાપ્ત કરેલાં છે. મધ્યમ શ્રેણીનો સાધક કદાચ શરૂઆતથી જ બ્રહ્મ ઉપર વિચાર ન કરી શકે. જ્યાં સુધી મનમાં અશુદ્ધિઓ ભરી હોય, જ્યાં સુધી મન ઉપદ્રવી અને ઈન્દ્રિયો બેકાબૂ બની ઉપદ્રવ મચાવતી હોય ત્યાં સુધી મન બ્રહ્મ ઉપર વિચાર કરી જ શી રીતે શકે? ખરેખર એ અશક્ય છે. તે આત્મા ઉપર ધ્યાન ધરવાનો પ્રયત્ન કરી શકે છે. તેનું મન હવાઈ કિલ્લા બાંધતું હશે અને બીજા પદાર્થોના વિચાર કરતું હશે. તે કદાચ એવી ઘેલી કલ્પના કરી લેશે કે મને તો નિર્વિકલ્પ સમાધિ લાગી છે. ગાઢ નિદ્રાને તે ભલો માણસ સમાધિ માની બેસશે. ઘણા આવી રીતે ભ્રમણામાં પડી જાય છે. તેમણે જરા પણ આધ્યાત્મિક પ્રગતિ કરી હોતી નથી. તેમને બ્રહ્મનો જરા પણ વિચાર હોતો નથી. વિવેક, વૈરાગ્ય, શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન અને મુમુક્ષુત્વથી શુદ્ધ થયેલું મન જ બ્રહ્મનો કોઈ ચોક્કસ ખ્યાલ ધરાવી શકે છે. બ્રહ્મ વિષેના વિચાર અશાંત અથવા અસ્થિર અને અશુદ્ધ મનમાં સંભવી શકતા જ નથી.

તમે સાધનચતુષ્ટના અભ્યાસથી આ જન્મમાં જ દિવ્ય પ્રકાશની સર્વોચ્ચ સ્થિતિ અને બ્રહ્મ-સુખ પ્રાપ્ત કરો.

□ **'સાધના' માંથી સાભાર**

# વિવેક

**શ્રી સ્વામી ચિદાનંદજી**

વેદાંતના અભ્યાસની શરૂઆત કરવાનો પાયાનો માર્ગ 'વિવેક ચૂડામણિ' પુસ્તકનું અધ્યયન છે. શ્રી શંકરાચાર્યે સાધકને વાસ્તવિકતા અને આભાસ, શાશ્વત અને અશાશ્વત, નિત્ય અને અનિત્ય, આત્મા અને અનાત્મા વચ્ચે વેદાંતની રીત દ્વારા વિવેકબુદ્ધિથી પરિચિત કરવા આ પુસ્તક - વિવેક ચૂડામણિ - લખેલું.

આધ્યાત્મિક સાધનાના ક્ષેત્રમાં આપણે પણ વિવેકી થવું જોઈએ. આપણે એક અખંડ બ્રહ્મ અને અનેક અનિત્ય, હંગામી, કાળ સાથે ક્ષય તથા વિઘટન થાય તેવા પાત્ર તેમજ અવકાશમાં સીમિત વચ્ચેનો વિવેક કરવો જોઈએ. એટલું જ નહિ આપણે અવિચ્છિન્નપણે, સક્રિયપણે, આપણા દૈનિક જીવનમાં આ વિવેકનો ગુણ ઉતારી આચરવો જોઈએ.

આપણે એક આદર્શ માટે જીવીએ છીએ. આપણે જીવનમાં અમુક જીવનના આદર્શો સ્વીકાર્યા છે. તેથી આપણે દરેક પગલે, દરેક ક્ષણે, ઊંડો વિવેક કરવો જોઈએઃ ''આ વિચાર, આ મનોભાવ કે ભાવના, આ શબ્દ, આ કાર્ય મને આદર્શ તરફ લઈ જશે કે મને ખોટી દિશામાં લઈ જશે? આ વિચાર મને ઈશ્વરમાં કેન્દ્રિત કરવામાં મદદરૂપ બનશે કે પછી તે દ્વારા ઈશ્વરને વિસારે પાડવાનું કાર્ય કરશે? જો તેથી હું ઈશ્વરને વિસરી જાઉં તો હું તે કાર્યને સ્વીકારીશ નહિ. જો મને ઈશ્વરમાં સ્થિત કરવામાં મદદ કરે તેમ હશે તો હું તેને આવકારીશ, હું મારા જીવનમાં તે બાબતને સ્થાન આપીશ.''

કઠોપનિષદમાં ધર્મના મહાન ભગવાન, યમધર્મરાજ, જિજ્ઞાસુ બુદ્ધિમાન બાળક નચિકેતાને કહે છેઃ ''હે નચિકેતા, દરેક વ્યક્તિ માટે બે માર્ગ શક્ય હોય છે - એક જે ફક્ત આનંદદાયક અને આકર્ષક હોવાથી છેતરી અને લલચાવી, ગેરમાર્ગે દોરી જાય છે અને બીજો સારો છે, જે આપણને ઊર્ધ્વતા તરફ દોરે છે, આધ્યાત્મિકતાને પ્રબળ કરે અને ગૌરવ અપાવે છે.''

આમ 'પ્રેયમાર્ગ' જે ફક્ત આકર્ષક છે તે અને 'શ્રેયમાર્ગ' જે અઘરો જણાય પણ જેમાં આપણું સર્વોચ્ચ કલ્યાણ રહેલું હોય તેની વાત કરે છે. સમજણો સાધક વિવેકવાળો હોય છે. તે ઉપલી બંને બાબતો વચ્ચે વિવેકબુદ્ધિથી ચકાસણી કરે છે. તે ફક્ત સુખદ, જે ક્યાંય ન લઈ જાય કે કદાચ દુઃખ તરફ દોરી જાય તેને તજી દે છે અને ભલે દેખીતો મુશ્કેલ હોય, ખાસ આકર્ષક પણ ન હોય પણ ઈશ્વર તરફ દોરતી દિશાવાળો અને આધ્યાત્મિક ધ્યેયની સફળ પ્રાપ્તિ અને ફળપ્રાપ્તિ તરફ લઈ જનાર માર્ગને પસંદ કરે છે.

વિવેક, તમારા ધ્યાનના ઓરડામાં કે તમારા અધ્યયનના કમરામાં કરવાની બાબત નથી. તમારા ઓરડામાં તમે સાચા વિવેકની કળા અને વિજ્ઞાન, આવશ્યકતા, પ્રકૃતિ અને રીત વિવેક ચૂડામણિ, ભગવદ્‌ગીતા અને ગુરુદેવનાં વ્યાવહારિક આધ્યાત્મિક પુસ્તકો વાંચી શીખી શકો પણ વિવેક પોતે તો આંતરિક અવસ્થા છે. આ બાહ્ય જગતમાં જાગો તે ક્ષણથી તે ફરી વાર જે ક્ષણે સૂવો ત્યાં સુધી સતત સદા સક્રિય રાખવાની બાબત છે.

સાધન ચતુષ્ટયમાં વિવેક પહેલી અનિવાર્ય સાધના છે. આપણા પુરાતન આધ્યાત્મિક ગુરુઓએ આપણને સૂચવેલ અને મુકરર કરેલ ચતુર્વિધ સાધનો છે - વિવેક, વૈરાગ્ય, ષટ્‌સંપત્‌ અને મુમુક્ષુત્વ. વિવેક પહેલું સાધન છે, કારણ બીજી બધી સાધનાઓ વિકસિત વિવેકની શિસ્ત પર આધાર રાખે છે.

વિવેક વગર વૈરાગ્ય શક્ય ન બને, પછી વૈરાગ્ય ફક્ત મનોભાવ, અનિત્ય, ભાવનો ઉભરો કે મિજાજ બની રહે. જો વિવેકનો અવિરત અભ્યાસ કરતા રહો તો ક્રમે ક્રમે કાળે કરીને વૈરાગ્ય તમારા અંતઃકરણમાં એક કાયમની સ્થિતિ બની રહે. એવા કિસ્સાઓ બન્યા છે જ્યારે કોઈ ઓચિંતાનો બનાવ

વ્યક્તિના જીવનમાં પલટો આણતું પરિવર્તનબિંદુ બની જાય છે અને માણસને આધ્યાત્મિક ખોજનો આરંભ કરાવી દે છે અને તે વ્યક્તિમાં આવા અનુભવની અસરથી પરમ વૈરાગ્ય પેદા થઈ જાય છે. પછી તે કાયમી વૈરાગ્ય બની રહે છે, તે ફક્ત સરી જતો મિજાજ રહેતો નથી, પરંતુ આવા કિસ્સા વધુ તો જવલ્લે બનતા અપવાદો હોય છે, તે નિયમ નથી હોતા.

ઊલટાનું વારંવારના ફટકા અને ઝટકા તેમજ કડવા અનુભવો છતાં માનવમન એવું તો પ્રગાઢ મૂર્ખતાભર્યું હોય છે, એટલું મોહમાં ઊંડા મૂળ ઘાલી ફસાયેલું હોય છે કે સીધું રહેવાના બદલે તેની જૂની ઘરેડમાં પાછું આવી જાય છે અને વારંવાર તેની જૂની વર્તણૂકમાં પાછું સરકી જાય છે. જવલ્લે જ કોઈ કિસ્સો એવો બને છે, જ્યાં વૈરાગ્ય ચિનગારીની માફક પ્રગટે છે અને જ્યોત બની જાય છે. ઘણું ખરું મન તેનો સ્વભાવ સહેલાઈથી બદલતું નથી.

તેમ છતાં જો સતત સક્રિયપણે વિવેક દ્વારા આપણે મનની વિચારસરણી, તેનો સ્વભાવ, તેની ભાત બદલી શકીએ અને બાહ્ય જગત સાથેનો તેનો સંબંધ ફેરવી શકીએ તેમજ વિષય-વસ્તુઓની મનની સમજણ બદલી શકીએ તો કાળે કરીને મન સંપત્તિરૂપ બની જાય. વ્યક્તિને ફસાવનાર જાળ કે બંધન ન બનતાં તે એક જીવન પ્રકાશ બની રહે છે.

અને આવું પરિણામ મેળવવા માટે આપણે મનને સમજવું પડશે, તેને તાલીમ આપવી પડશે અને જાગ્રત બુદ્ધિથી મનને સતત રાહ બતાવતાં રહેવું પડશે. તેને અવિરત સાચી દિશા બતાવવી પડશે. તે ઈશ્વરની દિશામાં જાય તે માટે સતત માર્ગદર્શન આપવું પડશે. તમે ભક્ત હો, જ્ઞાની હો, યોગી હો કે કર્મયોગી હો આ અવિરતપણે કરવાની પ્રક્રિયા છે. તમે હિન્દુ, ખ્રિસ્તી, મુસલમાન, બૌદ્ધ, પારસી કે જૈન ગમે તે હો, તમે ગમે તે સ્થળે હો છતાં આ એક અનિવાર્ય, ગુપ્ત, આંતરિક સાધના ચાલ્યા જ કરે છે.

તેથી આ સ્તરે જો આપણે વિવેક કરીએ અને સમજણપૂર્વક વર્તીએ અને સત્સંગ, સ્વાધ્યાય અને સદ્‌વિચારમાંથી બને તેટલી મદદ લઈએ તો ધીમે ધીમે આપણી ચેતનાને, આપણા બીજા સ્તર, આધ્યાત્મિક સભાનતાના ઉચ્ચતર સ્તર, જે આપણી અંદર જ છે તેનાથી સભાન બનાવી શકીએ. અંતઃકરણને આધ્યાત્મિક સ્તર પર તમે કેટલી શક્તિ અને પ્રમાણથી ઉપર ઉઠાવી શકો છો તેના પર તમારી આધ્યાત્મિક ખોજની સફળતા અને પરિપૂર્તિની ઝડપનો આધાર છે.

□ 'મુક્તિપથ'માંથી સાભાર

(દૈનિક જીવન : આંતરિક સાધનાનું પરીક્ષણ પાના નં. ૩૨ ઉપરથી ચાલુ)

દિવસ અને રાત્રિ, મહિનાઓ અને વર્ષોની હારમાળા છે. સમય એ પળોની, દિવસોની, સપ્તાહોની અને મહિનાઓની હારમાળા છે. આ જીવનમાં વિચારવાની અને તર્ક કરવાની શક્તિની સાથે તેનો ઉપયોગ કરવા માટે તમને સમય આપવામાં આવ્યો છે.

સમય મન દ્વારા અસ્તિત્વમાં આવે છે. મન સમયમાં કાર્યાન્વિત થાય છે. જો સમયનો સદુપયોગ કરવામાં આવે તો તે મનની અંદર છુપાયેલું ગૂઢ તત્ત્વ બહાર લાવે છે જેના દ્વારા મનથી પર જઈને સમય રહિતની સ્થિતિનો અનુભવ થાય છે. સમયનો ઉપયોગ કરીને તમારી શક્તિઓનો જો સાચી અને રચનાત્મક દિશામાં ઉપયોગ કરવામાં આવે તો વ્યક્તિ સમય રહિતની શાશ્વત સ્થિતિએ પહોંચી શકે છે, જે હંમેશાં સમયના અધિષ્ઠાન તરીકે વિદ્યમાન હોય છે. ભગવદ્‌ગીતામાં ભગવાન જાહેર કરે છે કે ''તે સ્થિતિ મારી સર્વોચ્ચ અવસ્થા છે, જેને પ્રાપ્ત કર્યા પછી વ્યક્તિ પુનઃ આ સમયના સામ્રાજ્યમાં પાછી આવતી નથી.'' તેથી આ જીવનમાં સમયની સામગ્રીનો યથાર્થ ઉપયોગ સૌ કોઈના માટે અને વિશેષ કરીને આધ્યાત્મિક સાધકો માટે બહુ મહત્ત્વનો છે.

# શ્રાદ્ધમાં શું કરવું ?

**શ્રી સ્વામી કૃષ્ણાનંદજી**

(૧) પિતૃલોકમાં સોમરસની પ્રધાનતા છે. ચંદ્રલોક સોમ-જળપ્રધાન હોઈ પિતૃઓનું શરીર પણ સોમ-જળની પ્રધાનતાવાળું હોય છે. તેથી શ્રાદ્ધમાં સોમની પ્રધાનતા હોય તે જ અન્ન જમાડવું પડે. દૂધમાં સૌથી વધારે સોમ હોઈ દૂધપાક, બાસુંદી વગેરે દૂધથી બનેલા પ્રવાહી પદાર્થો શ્રાદ્ધમાં જમાડવા.

દૂધથી ઓછું સોમ ચોખામાં છે. ચોખાથી ઓછું સોમ ઘઉંમાં છે. અગ્નિપ્રધાન ચીજ શ્રાદ્ધમાં ન જમાડવી, કેમ કે તેનાથી પિતૃઓની તૃપ્તિ થતી નથી. સોમપ્રધાન અન્નથી જ તેમની તૃપ્તિ થાય છે કેમ કે તેમને પ્રિય હોઈ સુગમતાથી ગ્રહણ કરી શકે છે.

(૨) દેવકાર્યમાં બે અને પિતૃકાર્યમાં ત્રણ અથવા એક-એક નિસ્પૃહી વિદ્વાન બ્રાહ્મણને જમાડવા. પરંતુ ગમે તેટલા શ્રીમંત હો તો પણ વિસ્તાર ન કરવો. એક જ વિદ્વાન અને વેદોના પારંગત બ્રાહ્મણને જમાડવાથી વેદરહિત દસ હજાર બ્રાહ્મણોને જમાડવા જેટલું ફળ મળે છે. બ્રાહ્મણનું મુખ અગ્નિ માન્યું છે અને એ અગ્નિ દ્વારા પિતૃની તૃપ્તિ થાય છે, જોકે ખાનાર છે બ્રાહ્મણનું સ્થૂળ શરીર, પરંતુ બ્રાહ્મણનું મુખ અગ્નિ માન્યું હોઈ પિતૃઓ ખૂબ સંતુષ્ટ બને છે.

(૩) શ્રાદ્ધમાં જમનાર બ્રાહ્મણને કઠોપનિષદ્‌નો અધ્યાત્મતત્ત્વ અધ્યાય ૨/૩/૧૮ સંભળાવવામાં આવે તો શ્રાદ્ધ કરનારની સાતેય પેઢી તરી જાય છે.

(૪) શ્રાદ્ધના દિવસે શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો પાઠ અવશ્ય કરવો. ભગવદ્‌ગીતાના માહાત્મ્યમાં પણ લખ્યું છે કે,

> પિતૃનુદિશ્ય યઃ શ્રાદ્ધે ગીતાપાઠં કરોતિ વૈ।
> સંતુષ્ટા પિતરસ્તસ્ય નિરયાદ્યાન્તિ સદ્‌ગતિમ્॥
> ગીતાપાઠેન સંતુષ્ટાઃ પિતરઃ શ્રાદ્ધતર્પિતાઃ।
> પિતૃલોકં પ્રયાન્ત્યેવ પુત્રાશીર્વાદતત્પરાઃ॥

જે મનુષ્ય શ્રાદ્ધમાં પિતૃઓને ઉદ્દેશીને ગીતાનો પાઠ કરે છે તેના પિતૃઓ સંતુષ્ટ થાય છે અને નરકમાંથી સદ્‌ગતિ પામે છે.

ગીતાપાઠથી પ્રસન્ન થયેલા તથા શ્રાદ્ધથી તૃપ્ત કરાયેલા પિતૃઓ પુત્રને આશીર્વાદ દેવા તત્પર થઈ પિતૃલોકમાં જાય છે.

(૫) અન્ન ઊનું હોય અને શ્રાદ્ધમાં જમનારા જ્યાં સુધી મૌન રાખીને જમે છે તથા હવિષ્યાન્નના અન્નના સારા-નરસા સ્વાદની વાત કરતા નથી ત્યાં સુધી જ પિતૃ જમે છે.

ભગવદ્‌ગીતામાં પણ અ-૧૧ના ૨૨માં શ્લોકમાં ભગવાને પિતૃઓ માટે ''ઉષ્મપા'' શબ્દ યોજ્યો છે. ''ઉષ્મા હિ પિતરઃ।'' અર્થાત્ પિતૃઓ ઉષ્ણ અન્ન ખાનારા છે.

(૬) શ્રાદ્ધમાં ભાણેજને દોહિત્રને ખાસ જમાડવા, કેમ કે માતાપિતાનો તેમનામાં વધુ પ્રેમ હોય છે. મહાભારત બતાવે છે કે પુત્રીને ત્યાં પુત્ર જન્મે તો પિતાને સ્વર્ગ મળે છે તેથી તેઓમાં માતાપિતાનો પ્રેમ હોઈ તેમને ખાસ જમાડવા.

(૭) માતામહ, નાના, ગુરુ, જમાઈ, મામા-માસીના બંધુ, કુટુંબ તથા વિદ્વાન બ્રાહ્મણને શ્રાદ્ધમાં જમાડવા, પરંતુ કાણો, આંધળો, મૂર્ખ, સંધ્યા ગાયત્રી ન કરનાર બ્રાહ્મણ, ચોર, પતિત, વ્યંઢળ, નાસ્તિક, વેદાધ્યયન ન કરનાર બ્રહ્મચારી, ધુતારો, તામસી, જુગારી, વૈદ્ય, જ્યોતિષી, પૂજારી વગેરેને શ્રાદ્ધમાં જમાડવાથી ભસ્મમાં આહુતિ આપ્યા સમાન શ્રાદ્ધ નિષ્ફળ જાય છે. તેથી એ બધાંને જમાડવાં નહીં.

(૮) મરેલા સંબંધી બીજી કોઈ યોનીમાં ન ગયા હોય અથવા બીજું શરીર (ભૂત) ન મળ્યું હોય તો તેનું સૂક્ષ્મ શરીર વાયુ મંડળમાં ઘૂમે છે. યાદ રાખો કે

ભૂત એ એક અલગ યોની છે. તેથી તે ભૂત બનીને નહીં, પરંતુ સૂક્ષ્મરૂપે ઘૂમે છે. મરવા બાદ હવે પછીના આગળના શરીરને આપવા જેટલાં તેનાં પુણ્ય હજુ પાક્યાં નથી અને તેથી તેનું પ્રારબ્ધ હજુ બન્યું નથી તો તેને તરત બીજું શરીર મળતું નથી. તેથી તેને જ્યાં સુધી બીજું શરીર પ્રારબ્ધ અનુસાર ન મળે ત્યાં સુધી તે ભૂતાત્મા વાયુમંડળમાં ઘૂમે છે અને જો એના નિમિત્તે શ્રાદ્ધ કરાય તો તે પૂર્વજ શ્રાદ્ધમાં જમનાર બ્રાહ્મણના શરીરમાં સૂક્ષ્મરૂપથી વાયુરૂપે આવી તે બ્રાહ્મણ દ્વારા પૂર્વજ ભોજન કરે છે.

(૯) શાસ્ત્ર તો ત્યાં સુધી કહે છે કે અમાવાસ્યા (સર્વપિતૃ અમાસ)ના દિવસે વાયુમંડળમાંથી તમારા પિતૃઓ શ્રાદ્ધથી તેમની તૃપ્તિ માટે તમારા દ્વાર પર આવે છે અને સાંજ સુધીમાં તેઓ તૃપ્ત ન થાય તો નિસાસા નાખી પાછા જાય છે. તેથી તમારા પિતૃઓની મૃત્યુતિથિએ તથા સર્વપિતૃ અમાસે તેમનું શ્રાદ્ધ તર્પણ કરવાથી પિતૃઓ તૃપ્ત થઈ પ્રસન્ન થતાં આયુ, પ્રજા, ધન વગેરે આપી એનું રક્ષણ કરે છે.

(૧૦) શ્રાદ્ધના દિવસે આંસુ ન પાડવાં, ક્રોધ ન કરવો. જૂઠું ન બોલવું.

કેમ કે, આંસુ પાડવાથી શ્રાદ્ધનું ફળ પ્રેતોને જાય છે.

ક્રોધ કરવાથી શ્રાદ્ધનું ફળ શત્રુને જાય છે.

જૂઠું બોલવાથી શ્રાદ્ધનું ફળ કૂતરાંને જાય છે.

અન્નને પગ અડાડવાથી શ્રાદ્ધનું ફળ રાક્ષસને જાય છે.

અન્નને ફગાવવાથી શ્રાદ્ધનું ફળ પાપીને જાય છે.

(૧૧) ત્યાગી સંન્યાસી કે જેણે પ્રેષ મંત્ર લીધો છે તેને શ્રાદ્ધ કરવાની શાસ્ત્રની આજ્ઞા નથી. એની માનસિક શક્તિ પ્રબળ હોઈ તેને શ્રાદ્ધ કરવાની જરૂર જ નથી. તે તેની અતિવિશેષ માનસિક શક્તિથી તેના પિતૃઓને તૃપ્ત કરી શકે છે. સંન્યાસીનાં સત્કર્મો અને ભાવનાથી પિતૃઓ તૃપ્ત થાય છે.

પરંતુ ગૃહસ્થી તો મંત્ર, દ્રવ્ય અને માનસિક શક્તિ (શ્રાદ્ધ) ત્રણેયની ભેગી શક્તિથી પિતૃઓની તૃપ્તિ કરી શકે છે.

(૧૨) પિતૃયાગ (શ્રાદ્ધ) કરવાથી,

- પાપોનો નાશ થાય છે.
- પુણ્ય પેદા થાય છે.
- પિતૃઓ સર્વજ્ઞ હોઈ તૃપ્ત થતાં તમારું કલ્યાણ કરનાર બને છે.
- દેવો તૃપ્ત થાય તો ભોગ અને ઐશ્વર્ય આપે, પરંતુ પિતૃઓ તૃપ્ત થાય તો તમારી વંશવૃદ્ધિ કરે છે.
- પિતૃઓ તમારા આયુષ્યની રક્ષા કરી અકાળ મૃત્યુથી બચાવે છે.
- તમારા વ્યવહારમાં સહાય કરે છે.
- તમારી પ્રજા-સંતાનની, ધનની, વિદ્યાની રક્ષા કરી વૃદ્ધિ કરે છે, ઉપરાંત મરવા બાદ સ્વર્ગે પણ તમને પહોંચાડી શકે છે.
- પિતૃઓ મોક્ષ ન આપી શકે, પરંતુ મુમુક્ષુ જીવ હોય તો મોક્ષનું સાધન જે જ્ઞાન, તે જ્ઞાનપ્રાપ્તિનાં સાધનોની અનુકૂળતા કરી આપે.

આમ કરેલું શ્રાદ્ધ ફોગટમાં જતું નથી. છેવટે જેમણે તમને આ શરીર આપ્યું અને તમારું લાલનપાલન કર્યું તેમના શરીરને પુષ્ટ કરવા પણ ગૃહસ્થીએ શ્રાદ્ધકર્મ અવશ્ય કરવું જ જોઈએ.

**☐ 'પાંચ મહાયાગ તથા શ્રાદ્ધતર્પણ'માંથી સાભાર**

ગમે તેટલાં હલેસાં મારો, પરંતુ પવન જો તમારી તરફેણમાં ન હોય તો બધું જ વ્યર્થ. આધ્યાત્મિક સાધનામાં ગુરુકૃપાનું ખૂબ જ મોટું અને અગત્યનું મહત્ત્વ છે.

**- સ્વામી અધ્યાત્માનંદ**

# આચરણમાં મૂકવાનાં વીસ બોધ - સૂત્રો

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

હે પૃથ્વીના યાત્રી ! વધાર વેગ, કરવા અંતર ઓછું,
છે જે કંઈ તવ જીવનમાં કાચું પોચું.
આ માર્ગ ઘણો અંતરાળ, વિકટ વળી અતિ મહાભારી
વિષમ જગત તત્કાળ, ભાંગશે શક્તિ સઘળી તારી.
સાંભળ મુસાફર ! આ સોનેરી સમજણ વહાલા !
છે મહામોઘું આ જ્ઞાન કહી ગયા પૂર્વજ તારા.
આ વીસ ટૂંકી વાત કહીશ હું પથને તારે;
છે સત્ય સુભગ આનંદ મુક્તિનો માયા જાળે.
ઊઠ છોડ પથારી બ્રાહ્મમુહૂર્તે ચાર વાગ્યે
સત્ય સત્ત્વનાં સ્પંદનથી તું જગ ભરી દે.
હે; બેસ સુખ કે સિદ્ધિ વળી પદ્માસન આધારે
ધર ધ્યાન પ્રભુનું કર ચિંતન બ્રહ્મ તણું જે.
છે સૌથી પવિત્ર નામ ઈશનું તું જપી લે,
તે ટાળે ખોટી આશ, નિવારે દુષ્ટતાને
જપ માળ એકસો આઠ મણકા ફેરવજે તું;
એ બક્ષે દિવ્ય આનંદ પરમપૂર્ણત્વને તું.
છે ધ્યાન ખંડ જે પૂર્ણ ભરેલો દિવ્ય સ્પંદને
ગ્રહ સ્વસ્થ સ્થિર આસન, રાખી એકાગ્રતાને
સ્મર મંત્ર પવિત્ર બે-ચાર પ્રેરણાપૂર્ણ વળી જે
ધપ ધ્યાન પથે આગળ પામવા પરમતત્ત્વને.
કંઈ ખાસ ચૂંટેલાં આસનો અચૂક કરી લે,
ઉત્સાહપૂર્ણ અભ્યાસ પ્રાણાયામનો અવશ્ય કરી લે;
જે પરિણમશે સ્વાસ્થ્ય, શક્તિ સુસંવાદિતામાં સારું
એ અર્પે આ કસરત, છે આ વચન મારું.
ઉત્કર્ષે સાહિત્ય ધર્મ અધ્યાત્મ તણું જે
પરોવી ચિત્ત તે તું વાંચ, સંતોએ જે લખ્યું હતું.
ગીતા, રામાયણ ને વળી ભાગવત ગ્રંથો;
વધશે સત્ત્વ, કરે તવ ભવના ઊજળા પંથો.
જાળવ શાંતિ તું પ્રતિદિન જીવની થોડી પળો;
આ મૌન નિવારે ધાંધલ રજસનો કાપે ફંદો
મિત ભાષણ, મીઠું ભાષણ જે કંઈ બોલો તમે,
હો સત્ય તણો આધાર, તવ જીવનના પાયે.
તાળવું સૂકવવાને રાખવો સંયમ આકરો,
અનુશાસિત ભોજન બક્ષશે જીવન સહારો.

વ્રત ઉપવાસથી શરીર અને મન બનશે સુતંત
જીભ તણો સંયમ કર આ કામનાઓનો અંત
પાળ અપરિગ્રહ પાકો, શીખ જીવવું ભરી સાદગી
કો દીન દુઃખી રઝળેલને દે દાન હોંશથી,
ન સંગ્રહ ધન અધિક તું જરૂરથી વહાલા
સતત ચિંતા તાપ શાપનો સાચો એ ટાળે પ્યારા.
રાખ સંભાળ સાચવી જતન જાળવી ઓજસને તું
ભર વિચાર, વાણી વ્યવહાર અતિ પવિત્રતાથી તું.
આત્મ-સંયમ છે આધાર અધ્યાત્મ જીવન પથનો
અગ્રસરે આનંદે અભિગમે એ અમરત્વને.
કદી ન આપીશ છેહ ક્રોધના ઊભરાને તું.
ક્રોધ છે રૂપ પરાત્પર કપરા ક્રોધ-હવસનું
સમજણથી તું પામ વિજય તું ક્રોધ અગન પર
ક્ષમા-પ્રેમથી ઠાર-માર તું ક્રોધ હવસ તું.
નિત્ય નિરંતર સ્મર હરિને શરણ લે તેનું
ખોલ હૃદયનાં દ્વાર ભરી દે ભાવ-ભરોસો ત્યાં તું.
વિચ્છેદ માયા જાળ પૃથક્ તું ગ્રંથી તંતુએ
ઉત્કર્ષ તે તુંને ઈશનાં ઉચ્ચ શિખરે આત્મ-સૌન્દર્ય.
સઘળું આ છે રહ્યું નભી બસ તું જ ઊપરે
પ્રારબ્ધ પણ ટળે, પુરુષાર્થને બળે બળે,
સદાચાર-સ્વધર્મને વળગી તું રહેજે,
યમ-નિયમ તણા બે અશ્વ જીવન રથને દોરશે સ્હેજે.
શાણા-સમજુનો સંગ સદા તું કરજે, વહાલા
વિશ્વથી વિશ્વ નિયંતા સુધી દોરી જશે તુને ઓ પ્યારા;
સત્સંગ પ્રભાવે પરિણમશે જીવન પવિત્રતામાં
સત્વરે વરશે લક્ષ્ય તવ જીવનની પ્રભુતામાં.
અધ્યાત્મ જીવનની નોંધ ડાયરીમાં રાખ તું;
ચીવટથી વિગત સાધનમાં પૂરી નજર રાખ તું.
રાખજે નિયમિત દૈનિક જીવનક્રમ પામશે પરમ લાભ;
ને અંતર સુખ-પ્રતિભા પ્રગતિનો વિચાર પામ તું.
રોજબરોજના કાર્ય કલાપે હેતુ શું છે છુપાઈ રહ્યો,
પ્રભુ વિહોણા ભ્રમર વમળે વાસના વિકારથી ભર્યો ભર્યો,
જેમ માળી નિંદે નિંદામણ શોધી-ખોળી વિષય તણું
સાધના પથે વિશ્લેષણ આ આત્માનું ઉત્કર્ષે ઘણું.
તત્પરતાથી રહો વળગી આ દિવ્ય નિયમ જીવનમાં
મહામોંઘા હીરક આ મુજ જીવન જ્ઞાન ગહનના,
સાર સાધનાનો અહીં અતિ સુંદરતાથી ભરેલો,
પાળ જીવનમાં થઈ અતિ ઉત્સાહી યોગથી પ્રકાશ ભરેલો.

# શ્રીમદ્ ભગવદ્ગીતા

**શ્રી સ્વામી ચિદાનંદજી**

શ્રીમદ્ ભગવદ્ગીતા એ સાચું દિવ્ય કલ્પતરુ છે. જરૂરિયાત મુજબ દરેકને જે વસ્તુની જરૂર હોય તે આપનાર કલ્પવૃક્ષ (કલ્પના કરો કે વસ્તુ હાજર) છે. માનવસમાજમાંથી ધર્મ જવા લાગ્યો અને સડો પેઠો અને દુરાચાર અને ભ્રષ્ટાચારનો યુગ શરૂ થયો તે સમયનો પ્રમાણભૂત લેખ ગીતાજીમાં રજૂ થયો છે, તેમાં તત્ત્વજ્ઞાનીની કલ્પના, માનવીના મનમાં રહેલાં આંતરિક બળોની નાટકીય પ્રતિકાત્મક રજૂઆત તથા આ બળોને સંપૂર્ણ વશ કરવાની ઉદાત્ત રીતો જોવા મળશે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં જેઓ જૂનવાણી રૂઢિચુસ્તો છે તેમને ગીતામાં 'પ્રસ્થાનત્રય' (વેદધર્મના પાયારૂપ ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ભગવદ્ગીતા) દેખાશે. હિંદુ સંસ્કૃતિના ચુસ્ત અનુયાયીને ગીતામાં વેદાંતના ઉન્નત વિચારો અને ઉપનિષદોનાં સંશોધન તથા સારાંશ - અર્ક દેખાશે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં તમામ ધર્મગ્રંથોનું સત્ત્વ સમાયેલું છે.

એક જુવાન ગોવાળિયો હતો. ગાયો ચરાવતો હતો. તે કાંઈક બોલ્યો અને આજે તેની એ વાણી અમર થઈ ગઈ છે. તે જે કાંઈ બોલ્યો તે દુનિયાની મહાન પુસ્તિકામાંની એક બની ગઈ છે અને એ પુસ્તિકા એ જ ગીતા. તે આપણને એક ગતિશીલ વ્યાવહારિક માર્ગ બતાવે છે. આ માર્ગ એ ઉપનિષદોમાં બતાવેલો જીવન જીવવાનો માર્ગ છે. તે ઉપનિષદોમાંથી અમૃત કેવી રીતે દોહી શકાય અને ચખાય તેનું દર્શન આ ગ્રંથ કરાવે છે.

ઉપનિષદો અપરોક્ષ (સીધી) અનુભૂતિ પર ભાર મૂકે છે. તેઓ જણાવે છે કે આખું વિશ્વ એક સ્વપ્ન સમાન છે, છતાં આપણો ખરેખર અનુભવ શું છે ? ઠપકાનો એક નાનો શબ્દ, તમારા ખોરાકના સ્વાદમાં સહેજ તફાવત અને વિશ્વ એક સ્વપ્ન છે એવું તમે કહેતા હોવા છતાં વિશ્વને વાસ્તવિક ઠરાવે છે. આમ, તમે જાળમાં પૂરેપૂરા ફસાયા છો.

ધારો કે એક શ્રીમંત માણસ છે. બધા માટે ખુલ્લો ભોજન સમારંભ ગોઠવે છે, બધાંને તે આમંત્રણ આપે છે, પણ તેણે એક મોટો જંગલી કૂતરો પ્રવેશદ્વાર આગળ બાંધ્યો છે. બધાં ડોકિયું કરે છે, પણ કોઈ પ્રવેશતું નથી, કારણ કે રાક્ષસી કૂતરો ત્યાં બાંધેલો છે. આત્મ-સાક્ષાત્કારના દિવ્યાનંદનું પણ આવું જ છે. ધાર્મિક ક્ષેત્રમાં પણ આવું બની રહ્યું છે, જેથી તમે ધારેલા લક્ષ્ય ભોજનરૂપી આત્માનંદના સ્વાદને ચાખી શકતા નથી. કેટલાક કૂતરારૂપી આ અવરોધને શેતાન કહે છે. બીજા કેટલાક એને માયા કહે છે. દરેક ધર્મમાં આ શેતાન કે માયા છે જ. ઉપનિષદોનો બધો જ આનંદ તમને લલચાવે છે, પણ તેમાં એક અંતરાય છે, જેને પાર કરવો સહેલો નથી **મમ માયા દૂરત્યયા.** ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને આ વિધાન કર્યું છે. બધાં ઉપનિષદો હોવા છતાં, બધાં ધર્મશાસ્ત્રો હોવા છતાં, બધા સંતો હોવા છતાં, બધા અવતારો અને ધર્મો હોવા છતાં પણ સ્વપ્ન સાચું રહ્યું છે અને વસ્તુઓનું આકર્ષણ પણ હજુ છે તેનું કારણ આ જ છે. પ્રેયસ્ તરફ પીઠ ફેરવીને શ્રેયસ્‌ના માર્ગ તરફ વળવાનું માનવ માટે ઘણું અઘરું છે. આપણા માટે ખરી સમસ્યા અહીં જ ઊભી થાય છે. જો તમારે ઉપનિષદોના આત્મજ્ઞાનના સુખનો, તેની ભવ્યતાનો, તેના મહિમાનો અનુભવ કરવો જ હોય તો ક્યો રસ્તો છે ? દરેક માણસની અંદર એક જ અવરોધ છે અને તે 'માયા' એટલે કે ખરેખરો અવરોધ તો માનવીનું પોતાનું મન જ છે. સાધક માટે મુખ્ય સમસ્યા પોતાના મન પર વિજય મેળવવાની છે. મનમાં રહેલી માયા પર વિજય મેળવ્યા પછી ઉપનિષદોમાં વર્ણવાયેલા અનુભવોથી તમારી જાતને સમૃદ્ધ કરી શકશો. આ અનુભવ મેળવ્યા પછી તમને લાગશે કે હવે બીજું કાંઈ જ મેળવવાનું રહેતું

નથી. આ માયા કે મન પર વિજય મેળવવાની કઈ રીત છે?

પ્રત્યેક માનવમાં આ 'માયા' મન તરીકે ઓળખાય છે - પ્રગટ થાય છે. પ્રત્યેક વ્યક્તિનું આ પાસું જ તેને પૂરેપૂરા ભ્રમમાં નાખે છે, અને 'અહમ્'ના પાયા પર ઊભા રહેલા તેના બાહ્ય જીવનને ખેદાનમેદાન કરી મૂકે છે. આ 'અહમ્' આત્માને દેહ માનવાનો ખોટો ખ્યાલ રાખે છે. એને ધર્મની ભાષામાં 'અધ્યાસ' કહે છે. વેદાંતીઓ માણસમાં રહેલા આ 'અજ્ઞાન' ને 'અધ્યાસ' કહે છે. આ ખોટી ઓળખને તોડી નાખો, પછી તમે જેવા છો તેવા જ રહેશો અને તમે તમારા પોતાના જ પ્રભાવથી ઝળકી ઊઠશો. રાજયોગીઓ આ અદ્ભુત શક્તિને 'વૃત્તિ' (વિચારનો તરંગ) કહે છે. 'વિક્ષેપ' (એટલે કે મનની અસ્થિરતા) મનમાં હોય છે જ. વૃત્તિ એ માનવ-જીવન માટે વિનાશક છે. તેથી, આ વૃત્તિઓનો સંપૂર્ણપણે નાશ કરીને મનને કાબૂમાં લેવું જોઈએ. આ જ મન-એટલે કે અહમ્‌વાળું મન, માનવીના જીવનના વ્યવહારોમાં મોહ, માયા અને મમતારૂપે સ્વયં પ્રગટ થાય છે. માનવના લાગણીશીલ સ્વભાવ દ્વારા તેનો આસક્તિભર્યો સ્વભાવ મમતારૂપે પ્રગટ થાય છે. આ સ્વભાવ બીજા એક યોગથી શુદ્ધ થાય છે અને સન્માર્ગે વાળી શકાય છે. આ યોગને શાસ્ત્રકારો 'ભક્તિયોગ' કહે છે. આ જ હુંપદવાળું મન સ્વાર્થમાં, અહંકારમાં અને ભૌતિક લાભ મેળવવાની તીવ્ર ઝંખનામાં પણ સ્વયં પ્રગટ થાય છે. આ રીતનું જીવન તેને મૃત્યુ સુધી ઘસડી જાય છે. તે જાતે જ પોતાની ઘોર ખોદે છે. તેનામાં આમ કુમાર્ગે લઈ જતી ગતિશીલતા હોય છે. અંગત લાભ મેળવવાની ઈચ્છાથી તે સ્વાર્થી પ્રવૃત્તિમાં ગૂંથાયેલો રહે છે અને આ રીતે મેળવેલી સફળતાઓ પર ગર્વ કરે છે. આ વૃત્તિનો અસરકારક રીતે સામનો કરવા બીજા એક યોગને અજમાવવામાં આવે છે, આ યોગ તે કર્મયોગ છે. આ માર્ગ સ્વાર્થ, ગર્વ, રાગદ્વેષ વગેરે તજવાનો માર્ગ છે, મનને નિઃસ્વાર્થ અને પરોપકારી પ્રવૃત્તિઓમાં રોકીને સેવાભાવથી કર્મ કરી મનને કામનારહિત બનાવવાનું છે એટલે કે નિષ્કામ કર્મયોગી બનવાનો આ માર્ગ છે.

ઉપનિષદના સત્યનો જો તમારે તમારા જીવનમાં સીધો અનુભવ કરવો હોય તો એક વસ્તુ ખૂબ જરૂરી, અગત્યની અને અનિવાર્ય છે. તે વસ્તુ છે તમારા આ વિશાળ જગતના તમારા જીવન દરમ્યાન જ, ભગવાનની માયા પર વિજય મેળવવો તે. આ તદ્દન નિષેધાત્મક પ્રક્રિયા છે. એનાથી તમને આત્મજ્ઞાન થવાનું નથી, પરંતુ, આ ખૂબ જરૂરી છે. આ સાધનાની એક પ્રક્રિયા છે. ગીતામાં જુદી જુદી વ્યક્તિઓને માફક આવે એવી સુંદર રીતે આ સાધનાની વિગતો આપી છે.

આપણે જાણીએ છીએ કે સાધના તો કરવી જ પડે, કારણ કે સાધના વિના સફળતા મળતી નથી, પણ આ સાધના કેવી રીતે કરવી? આપણને પાર વગરના ખોટા સંસ્કારો મળેલા છે. તેથી માણસ માટે યોગ્ય સાધના કઈ હશે ? આ માટે ગીતાજીમાં કેટલીક સાધનાઓ સમજાવેલી છે. ગમે તેટલું વાંચન કરો કે ગમે તેટલાં વ્યાખ્યાન સાંભળો, પણ તેથી તમે આત્માની નજીક આવી શકશો નહિ. વાંચન અને વ્યાખ્યાન તમને આત્માની નજીક લાવી શકતાં નથી. વાસ્તવિકતા શું છે એ જાણવા પૂરતાં વાંચન અને શ્રવણ જરૂરી છે. ગીતામાં, ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન દ્વારા આ વાત આપણને સારી રીતે સમજાવી છે. તેથી માયાને જીવવાની સમસ્યાના ઉકેલ માટે તમારે મોઢું બંધ રાખીને શ્રીકૃષ્ણની દિવ્ય વાણી, ધ્યાનથી સાંભળવાની છે. આપણે શ્રોતાઓ છીએ અને ભગવાન શ્રીકૃષ્ણ વક્તા છે. આપણા નાશવંત શરીરના તમામ અવાજ - ઘોંઘાટ બંધ કરી પરમ શાંતિ ધારણ કરી આપણે ભગવાનની દિવ્ય વાણી, ધ્યાનપૂર્વક સાંભળવાનો સંનિષ્ઠ પ્રયાસ કરવો જોઈએ. આમ, મૌનને ગીતાની સર્વોત્તમ ભક્તિ અથવા પૂજા ગણવામાં આવી છે. - મૂંગો અને નિષ્ઠાવાન ભક્તિભાવ અર્જુન, એની જિજ્ઞાસાનો, છેવટના આ શબ્દોથી અંત લાવે છે :

'આપ જેમ કહેશો તેમ જ હું કરીશ' આપણી ફરજ પણ બોલ્યા-ચાલ્યા વિના મૂંગે મોઢે ગીતાને જીવનમાં ઉતારવાની છે.

આપણે કદી પણ જાણતા નથી કે આપણાથી આપણું મન જુદું છે. મન પર વિજય મેળવવો એ આમ તો આપણી પોતાની હત્યા કરવા જેવું છે, પણ આ ખૂબ જ અગત્યનું છે. તમારા મનને તમારાથી જુદું કરવું એનો અર્થ એ છે કે તમારી જાત પર જીવલેણ પ્રહાર કરવો. તમારી જાત પર એટલે 'હું છું' એવી તમારી સભાનતાની લાગણી પર આમ કરવાથી તમારો નવો જન્મ અસ્તિત્વમાં આવશે. વ્યક્તિના જીવનમાં મનનો અસહકાર શરૂ થશે અને વિવેકબુદ્ધિ કામ કરવા માંડશે, અને તમને ખાતરી થશે કે મન તમારા કરતાં જૂદું છે. આ સાધના હિંમત માગી લે છે. 'અહમ્'ની મદદ લઈને મન ભયંકર ઉલ્કાપાત મચાવી શકે એમ છે. આપણે બીજો મોટો પ્રહાર કરવો પડે જ. આપણે 'અહમ્'ને કચડી નાખવો જ પડે. 'હું કંઈક છું' એ ભૂલી જવું જ પડે. સાધનાની શરૂઆતમાં જ અહમ્‌ને બે ભાગમાં વહેંચવાની શરૂઆત કરવી પડે. 'નિર્વિકલ્પ સમાધિ'માં આ ક્રિયા પૂરી થાય છે. આંખો બંધ કરીને તમારે ચાલવાનું હોય છે - બહાર નહિ, પણ અંદર, જે વિષે તમે કાંઈ જ જાણતા નથી. આમ કરવામાં માર્ગદર્શક ગુરુની મોટી જરૂરિયાત છે. આ ગુરુમાં સોએ સો ટકા વિશ્વાસ મૂકવાની પણ એટલી જ જરૂરિયાત છે. આ ગુરુને તમારે સંપૂર્ણ સમર્પિત થઈ જવું પડે. આ ત્રણ બાબતો અત્યંત આવશ્યક છે - ૧. ગુરુ હોવા ૨. ગુરુમાં પૂર્ણ વિશ્વાસ હોવો ૩. ગુરુને સંપૂર્ણ આત્મસમર્પણ.

તદ્ વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા

તેને પગે પડીને, ફરી ફરી પૂછીને અને સેવા કરીને જાણો. કોઈને પણ બીજાને પગે લાગવાનું ગમતું નથી. પોતાની જાતને બીજા કરતાં ઊતરતી માને તો જ તે બીજાને પગે લાગે છે. જ્યારે એક વ્યક્તિ સામી વ્યક્તિને પોતાના કરતાં બધી રીતે ચઢિયાતી માને ત્યારે જ તેનાં ચરણોમાં નમે છે. આ ક્રિયા વ્યક્તિની ચેતનામાં મહાન ક્રાંતિ લાવે છે.

કોઈને ઘણી વસ્તુઓ વિષે 'પરિપ્રશ્નેન' તે પોતે અજ્ઞાની છે તે જણાવવાની ઈચ્છા થતી નથી. 'મને શિખવાડનાર તમે કોણ ?' એવો તે સામો પ્રશ્ન કરશે. તમારા 'અહમ્'ના આ પાસાને તમારે પૂરેપૂરું તજવું જ પડે અને તમારા ગુરુને તમારે નમ્રતા અને વિવેકપૂર્વક પૂછવું પડે, સત્ય શું છે તે જાણવા પ્રયત્ન કરવા પડે. આપણે બધા આપણી કોઈ સેવા કરે એમ ઈચ્છીએ છીએ પણ 'અહમ્'ને જો તોડવો હોય તો તેની અસરકારક રીત, બીજાની સેવા કરવી તે છે. 'અહમ્'ને તજો, તમારા ઉપદેશક, માર્ગદર્શક કે ગુરુની સેવા કરો; તમે સાધારણ ગુલામ હો એ રીતે ગુરુની સેવા કરો. આમ કરવાથી આગળની તમામ સાધનાઓનો પાયો નખાશે. આ સાધનાઓનો મુખ્ય ઉદ્દેશ 'અહમ્'નાં તમામ દુષ્ટ પાસાંઓ પર જોરદાર આક્રમણ કરી છેવટે એના છેલ્લા અંશ 'અસ્મિતા'ને જડમૂળથી ઉખેડી નાખવાનો છે. માટે શક્ય એટલાં બધાં જ સાધનોનો ઉપયોગ કરો. 'અસ્મિતા' એટલે દ્વૈતનું સામ્રાજ્ય. તેથી અહમ્ પર આક્રમણ કરતા જાવ, તેના પર વિજય મેળવતા જાવ, તેનું આમૂલ પરિવર્તન કરતા જાવ, તેને શુદ્ધ કરતા જાવ. છેવટે વિશ્વવ્યાપક, અનંત 'તત્ત્વમસિ' આત્મા એની પૂર્ણ કળાએ ઝળકી ઊઠશે.

આ પ્રક્રિયામાં તમે એક વાર નહિ, દસ વાર નહિ, અરે સેંકડો કે હજારો વાર નિષ્ફળ નીવડો છતાં સાધના ચાલુ રાખો. સાધના મોટી નિષ્ફળતામાંથી પસાર થઈ ક્રમશઃ. નાની નિષ્ફળતામાંથી પસાર થશે. ધીમે ધીમે આ નિષ્ફળતાઓ ઓછી થતી જશે. જ્યારે તમે સમગ્ર વિશ્વને આત્મસ્વરૂપે જોવા ઈચ્છો ત્યારે ધ્યાનમાં ડૂબી જશો. પણ તમે આંખો ખોલશો કે તરત જ સંસારમાં પ્રવેશશો અને તમને એક માણસ સારો અને બીજો માણસ ખરાબ લાગશે. માટે આત્મિક અનુભવ મેળવવા માટે વીરતાની જરૂર છે. વીરતા વગર તમે

આગળ વધી શકો નહિ અને આત્મિક અનુભવ પણ કરી શકો નહિ. સાધકે સહેજ પણ નિરુત્સાહી ન બનતાં આગળ વધવાનું છે અને જે મેળવવા તેણે પોતાની જાતને તૈયાર કરી છે તે મેળવીને જ જંપવાનું છે.

ગીતાનો પહેલો અધ્યાય તમને બહાદુર અને હિંમતવાન બનવાનું કહે છે. એ વીરતા અને બળ પર ભાર મૂકે છે. બીજો અધ્યાય અદ્ભુત વિવેક અને વિચારનું જ્ઞાન આપે છે. હમેશાં શાશ્વત અને ક્ષણભંગુર વચ્ચેનો ભેદ પારખી તમને એ યાદ દેવડાવે છે કે દેહની સાથે આત્મા મરતો નથી. આત્મા અમર છે, દેહ નાશવંત છે. આ અધ્યાયમાં ભગવાન દેહ, મન અને પ્રાણના ભેદ અંગેનું સત્ય એક બાજુ સમજાવે છે અને બીજી બાજુ સદા તેજસ્વી અને શાશ્વત આત્મા અંગેનું જ્ઞાન પણ આપે છે. આ અધ્યાયમાં લાગણીઓને કેવી રીતે દિવ્ય માર્ગે વાળવી તેની રીત બતાવી છે. બારમા અધ્યાયમાં ભક્તિયોગ સમજાવ્યો છે અને છેલ્લા આઠ શ્લોકોમાં સાચા ભકતનાં લક્ષણો ગણાવ્યાં છે. દસમા અધ્યાયમાં વિશ્વવ્યાપી પરમાત્માનો અનુભવ કરાવે છે અને આત્મ-ચેતના કેવી રીતે ટકાવી રાખવી તેનું રહસ્ય સમજાવે છે. ચૌદમા અધ્યાયમાં, પૂરેપૂરા સાત્ત્વિક કેવી રીતે બનવું તે સમજાવે છે, કારણ કે સત્ત્વગુણ દિવ્યતાની વધારેમાં વધારે નજીક લઈ જનારો ગુણ છે. સત્ત્વગુણમાં બરાબર સ્થિર થયા પછી જ તમે ગુણાતીત સ્થિતિ એટલે કે ઈશ્વરને પહોંચી શકો. સોળમા અધ્યાયમાં, જે દિવ્ય નથી – અલૌકિક નથી તેને કેવી રીતે ઓળખવું તે બતાવે છે. આવી ભૌતિક વસ્તુઓને તમારા જીવનમાંથી દૂર કરવા તમે સખત પરિશ્રમ કરો. સાથે સાથે, જે દિવ્ય છે તેનો પરિચય મેળવી તેને પ્રાપ્ત કરવા પણ હૃદયપૂર્વક તનતોડ મહેનત કરો. પંદરમા અધ્યાયમાં યજ્ઞ રૂપે જીવન કેવી રીતે જીવવું તે શિખવાડે છે અને બધામાં નિવાસ કરીને રહેલા ભગવાનને કેવી રીતે ઓળખવા એ સમજાવે છે. સાધનાનાં તમામ અગત્યનાં પાસાંની ગીતા ચર્ચા કરે છે, જેની મદદથી તમે ઉપનિષદોમાં વર્ણવાયેલી અપરોક્ષ અનુભૂતિનો જાતે અનુભવ કરી શકો. આ બધો ગીતાનો ઉપદેશ તમારે જીવનમાં ઉતારવાનો છે અને ગીતાએ સમજાવેલી વ્યવહારિક સાધના તમારા હૃદયમાં પ્રસ્થાપિત કરવાની છે. ગીતામાં સ્વયં ભગવાને સદ્ગુરુ તરીકે પ્રગટ થઈને આપણને ઉપદેશ આપ્યો છે. આ સદ્ગુરુ સાથે આપણે સતત સમર્પણભાવ રાખીને નમ્રતાથી રહેવાનું છે. આપણે આ પ્રમાણે રહીને જો આપણી સાધના સંપૂર્ણ વૈરાગ્યથી ચાલુ રાખીશું તો જ આપણી સાધના ફળદાયી નીવડશે. સાધના દરમ્યાન આપણે ખાસ ધ્યાન રાખવાનું છે કે પ્રત્યેક સમયે આપણે 'પ્રેયસ્'ના માર્ગને છોડીને 'શ્રેયસ્'ના માર્ગને જ પસંદ કરી તેને અનુસરવાનું છે. છેલ્લી સિદ્ધિ તો પરમાત્માના હાથમાં છે.

તમે બધા ગીતાએ સૂચવેલા જીવન જીવવાના માર્ગે ચાલો અને પરમ સુખને પામો.

### પરમાનંદ પામો

એ પરિશુદ્ધ પરમ ચૈતન્યની
અદ્વૈતાત્મક ભૂમિકામાં,
કશું 'અંદર', 'બહાર' નથી,
કે નથી કશું ભિન્ન કે વેગળું,
ત્યાં તો બસ સમરસ, અસીમ સારતત્ત્વ રૂપે
શાશ્વત પરમાનંદ માત્ર છે.
એનાથી ચઢિયાતો કોઈ અવર આનંદ નથી.
આમ એ છે નિરાતિશય આનંદ
એટલે એ અનન્ય અવસ્થા પામો,
એ પરમોચ્ચ દશામાં, સદા સર્વદા શાંતિમય વિરામ પામો!

- સ્વામી શિવાનંદ

# ધર્મ

**શ્રી સ્વામી ચિદાનંદજી**

પ્રભુ એક છે. બધા જીવો એક છે. બધું જીવન એક છે. આમ, બધું જ એક હોવાથી સમગ્ર માનવ-જાત પણ એક છે. 'એકરૂપતા' એ આધ્યાત્મિક ભૂમિનો કાયદો છે. બાહ્ય પ્રગટ જગતમાં, જોકે વિવિધતા, વૈવિધ્ય એ કુદરતનો કાયદો છે; પણ આંતરિક જગત-અપ્રગટ જગતમાં એકરૂપતા કે એકતા એ જીવનની નક્કર હકીકત છે. માનવજાત એક જ છે. આમ, સમગ્ર વિશ્વમાં માનવજાતની એકરૂપતા છે. ઈશ્વરને અનુલક્ષીને આપણી પાસે ઋષિઓનાં વચનો પણ છે, 'એકમેવ અદ્વિતીયમ્ બ્રહ્મ' - ઈશ્વર એક જ છે. સંપૂર્ણ એકતા, એકાકીપણાનો એક ભાગ જ છે. આ દૃષ્ટિબિંદુ મુજબ જો આપણે ધર્મનો વિચાર કરીએ તો આપણે એ નિષ્કર્ષ પર આવીએ છીએ કે 'ધર્મ પણ એક જ છે.' જુદા જુદા ધર્મો વચ્ચે બહારથી દેખીતો તફાવત હોય તો પણ ધર્મની આંતરિક પ્રક્રિયા, ખાસ કરીને એક જ છે; કારણ કે બધા ધર્મોમાં માણસની ગતિ પ્રભુ તરફ જ છે, પછી ભલેને ભગવાનને કોઈ કૃષ્ણ કહે, કોઈ રામ કહે કે કોઈ રહીમ કહે.

ધર્મની પ્રક્રિયા માણસને દુઃખ, દર્દ અને મૃત્યુથી ભરેલા આ ભૌતિકજીવનથી તેને દૂર લઈ જાય છે. ભૌતિક જીવનની આ ઘટનાઓ માનવીને બાંધી રાખે છે. ધર્મ આમાંથી છૂટવાનો રસ્તો બતાવે છે. જો અનૈતિક જીવન તમને દુઃખ આપતું હોય તો નૈતિક જીવન જીવો. જો જૂઠું બોલવાથી તમારે પૃથ્વી પરના આ નાશવંત જીવનને વળગી રહેવું પડતું હોય અને એની ભારે શિક્ષારૂપે તમારે દુઃખ અને દર્દ ભોગવવાં પડતાં હોય તો જૂઠું બોલવાનું છોડી દો અને સત્યવાદી બનો. જો ક્રૂર બનવાથી તમારે દુઃખ, દર્દ, યાતના વગેરેનો પાક લણવો પડતો હોય તો ક્રૂરતાને ફેંકી દો અને ભલા બનો, માયાળુ બનો, પ્રેમાળ બનો, અહિંસક બનો, આમ, નીતિશાસ્ત્ર ધાર્મિક જીવનનો એક ભાગ બને છે. પૃથ્વી ઉપરના ભૌતિક જીવન સાથે માનવીને જકડી રાખનાર તથા તેને દુઃખ અને યાતના આપનાર તત્ત્વોનો અભ્યાસ કરવાથી ધર્મની પ્રક્રિયા વૈજ્ઞાનિક ઢબે વિકસતી જણાશે. ધર્મ એ બાબત પર ધ્યાન આપે છે કે જો તમે નૈતિક જીવન જીવશો તો તમને પીડા આપનાર તમામ તત્ત્વોને તમે દૂર કરી શકશો. તેથી આપણે આપણું જીવન એવી કાળજીપૂર્વક જીવવું જોઈએ કે જેથી આપણે દુઃખ,દર્દ,પીડા, યાતના વગેરેમાં પરિણમતાં પરિબળોથી દૂર રહી શકીએ એટલે કે આપણે જૂઠ, ક્રૂરતા, અનીતિ વગેરેનું આચરણ ન કરવું જોઈએ.

ધર્મની પ્રક્રિયા ધીમે ધીમે તમારા માટે જીવન જીવવાની એક યોજના જ તૈયાર કરી આપે છે. એ યોજના અનુસાર જીવન જીવવાથી, તમારા જીવનમાં પરિવર્તન લાવનાર દિવ્ય જીવનનાં પરમોચ્ચ તત્ત્વો, તમારા જીવનમાં પ્રગટ થાય છે અને તમારામાં ગુપ્ત રીતે રહેલાં પાશવી તત્ત્વો પર વિજય મેળવવા તમને શક્તિશાળી બનાવે છે. સાથેસાથે, તમારા હૃદયના ઊંડાણમાં રહેલો તમારો દિવ્ય સ્વભાવ કે ઊંડે ઊંડે રહેલી દિવ્યતા ક્રમશઃ પ્રગટ થતી જાય છે. માનવ ભગવાનની પ્રતિકૃતિ છે. તેથી ઈશ્વરપરાયણતા કે દિવ્યતા તેના વાસ્તવિક આંતરિક જીવનનું સત્ત્વ છે. તેથી હલકી કે અનૈતિક વૃત્તિઓ પર વિજય મેળવી તેમને બહાર ફેંકી દેવી જોઈએ, જેથી તેનામાં રહેલા તેના મૂળભૂત દિવ્ય સ્વભાવને બહાર પ્રગટ થવાનો અવકાશ મળે. માણસમાં રહેલી દિવ્ય ચેતના બહાર આવવાથી અને વિકસવાથી માણસ એકાએક જ તેનામાં રહેલી અનંત દિવ્ય ચેતના-સચ્ચિદાનંદ-ની અનુભૂતિ કરે છે. અજ્ઞાનના લીધે પરમાત્મા સાથેની તેની એકતા - તેનું જોડાણ જે થોડા સમય પૂરતું આચ્છાદિત થઈ ગયું તે ખુલ્લું થાય છે અને પુનઃ પ્રસ્થાપિત થાય છે. ધાર્મિક ખોજની પરિપૂર્ણતા માણસ પાસે જાહેર કરાવશે કે, 'હું આ દેહ નથી; ઈન્દ્રિયો, મન કે બુદ્ધિ નથી, હું સત્-ચિત્-આનંદ બ્રહ્મ છું.' આ જ્ઞાન, પૂર્ણ અનુભવ થયા પછી

અને લાંબા ધાર્મિક જીવનના અંતે, લાધે છે. આમ, ધાર્મિક જીવન સામાન્ય ધાર્મિક જીવન નહિ, પણ ઈશ્વર સાથેની શાશ્વત આધ્યાત્મિક એકતાના અનુભવવાળું જીવન.

કોઈ પણ ધર્મ તમે આ ભૌતિક જીવન સાથે બંધાયેલા રહો તેમાંથી ઊંચા જ ન આવો એવું ઈચ્છતો નથી. બધા જ ધર્મોનું ધ્યેય તમને પૂર્ણતાએ પહોંચાડવાનું, તમને મુક્ત કરવાનું અને અમરત્વ બક્ષવાનું છે. દરેક ધર્મની ધાર્મિક વિધિઓમાં ગમે તેટલી દેખીતી ભિન્નતા હોય પરંતુ તેમનું ધ્યેય તો તમને પૂર્ણતાએ પહોંચાડી અમર કરવાનું છે મોક્ષ આપવાનું છે. સાચો ધર્મ, માણસની નિમ્ન પ્રકૃતિને તેની પાશવી વૃત્તિઓનો સંપૂર્ણ નાશ કરીને, તેનામાં મૂળભૂત રહેલી દિવ્ય ચેતનાને ક્રમે ક્રમે ઉપર લાવી ઉપસાવવા ઈચ્છે છે. આમ,ઉદ્ભવસ્થાન ધર્મની શરૂઆત, તેનું પ્રસારણ અને તેનું અંતિમ લક્ષ્ય જોતાં એવું સ્પષ્ટ જણાય છે કે બધા જ ધર્મ એક જ છે. ટૂંકમાં, બધા ધર્મનું અંતિમ ધ્યેય માનવની દિવ્ય ચેતનાને જગાડી તેને મોક્ષ અપાવવાનું છે.

કેટલાક ધર્મ વેદો, ઉપનિષદો, પુરાણો જેવા આધ્યાત્મિક ગ્રંથોમાં જે સનાતન સત્યની ચર્ચા કરેલી છે તેમાંથી ઉદ્ભવ્યા છે. કેટલાક શાણા મહાપુરુષોએ ઈશ્વરના પ્રેર્યા આ ધરતી પર આવી ઈશ્વર-સાક્ષાત્કાર કરવાનો માર્ગ બતાવ્યો છે - જો આપણે જિસસ, મોહમ્મદ, ઝોરોસ્થર, બુદ્ધ જેવા ધર્મ-સ્થાપકોનાં મહાન અને દિવ્ય જીવન તરફ નજર કરીશું અને દુનિયામાં પ્રચલિત મહાન ધર્મોનું મૂળ તપાસીશું તો જણાશે કે, તેમણે તેમના વ્યવહારિક અને અનુકરણીય જીવન દ્વારા, માનવજાતને મહાન ધર્મ આપ્યા છે. તેમણે સાચા ધાર્મિક જીવનનું નિદર્શન તેમને રોજબરોજના જીવન દ્વારા આપ્યું હતું અને પાછળથી તેમણે તેમના અનુયાયીઓને એ પ્રમાણેનું જીવન જીવવા અનુરોધ કર્યો હતો. તેમના અંગત જીવનનાં નિદર્શનો લગભગ સમાન જ જોવા મળે છે તેમાંથી એ ફલિત થાય છે કે બધા ધર્મ-સ્થાપકો એક મતના હતા.

ઈશ્વરના આ મહાન પયગંબરોની દિવ્ય વાણીના કેટલાક નમૂના તપાસીએ. એવો એક પણ ધર્મ છે કે જે આપણને કહે કે, 'જૂઠું બોલો, અપ્રમાણિક થાવ; લોકોને ધિક્કારો; ક્રોધ કરો; વેર કરો; અશુદ્ધ થાવ; અનૈતિક બનો; ?' આનો ભારપૂર્વક એક જવાબ હોઈ શકે કે - 'ના.' દરેક ધર્મ સત્ય, અણિશુદ્ધ પવિત્રતા, દયા, પ્રેમ, ભક્તિ, નમ્રતા, સમર્પણ અને વિચાર, વાણી અને વર્તનમાં ભલમનસાઈ જેવા ઉન્નત અને ઉદાત્ત ગુણો પર ભાર મૂકે છે. દરેક ધર્મે જીવન જીવવાની એક રીત બતાવી છે અને એક આદર્શ આપ્યો છે. આ આદર્શને જીવનમાં ઉતારવાથી માનવી દુઃખ અને પીડામાંથી અને જન્મ-મરણના ફેરામાંથી મુક્ત એવું અવિનાશી સુખ પ્રાપ્ત કરવાનું અંતિમ જીવનધ્યેય સિદ્ધ કરી શકે છે. પ્રત્યેક મહાન ધર્મનો માર્ગ અથવા તો તેનાં સાધન એકસરખાં જ છે. આ રસ્તો પવિત્રતા અને ભક્તિનું જીવન જીવવાનો છે કે જે જીવન સામાન્ય રીતે દરેક પયગંબર, સાધુ તથા મહાન જ્ઞાની પુરુષ જીવ્યા છે.

તેથી ગમે તે દૃષ્ટિબિંદુથી તમે ધર્મ અને આધ્યાત્મિકતાના અભ્યાસ તરફ વળો અને ગમે તે દૃષ્ટિકોણથી તમે જ તપાસો તો તમને જણાશે કે બધા જ ધર્મનું મુખ્ય અંગ, મુખ્યત્વે એક જ છે. બધાયે ધર્મ એકસરખા જ છે અને બધાએ, નૈતિક પરિપૂર્ણતા, દિવ્ય કરુણા, ભલમનસાઈ અને માનવજાતની એકતાની ભાવનાવાળું એકસરખું જીવન જીવવાનો બોધ કર્યો છે. આમ, આ નક્કર હકીકતો તરફ આંખ બંધ કરવાનો આપણે ગમે તેટલો પ્રયત્ન કરીએ તો પણ બધા જ ધર્મની એકતા આંખે ઊડીને વળગશે. આ એકતાને તમે કોઈ પણ રીતે અવગણી શકશો નહિ. દરેક ધર્મના આ છૂપા રહસ્યની પ્રબળતા એટલી બધી છે કે તે જીવંત અને પ્રબળ રીતે બહાર પ્રગટ થયા વિના રહેતી જ નથી. બીજા શબ્દોમાં કહીએ તો, આ ધાર્મિક સિદ્ધિઓ મેળવવાની પ્રક્રિયા બધા જ ધર્મમાં સમાન છે અને ધર્મ-સ્થાપકો તેમના અનુયાયીઓને સમાન રીતે જીવન જીવવાનું કહે છે. ટૂંકમાં, ધાર્મિક જીવન જીવવાની રીતમાં અને તેના ધ્યેયમાં જગતના બધા ધર્મ એક જ છે.

# માનવજાતને અનુરોધ

**શ્રી સ્વામી ચિદાનંદજી**

પૃથ્વી ઉપરના આ જીવનનો મહાન ઉદ્દેશ અને ઊંડો આશય છે. તેથી આ મહાન ઉદ્દેશ તેનો હેતુ અને તેનું ધ્યેય જાણવું ખૂબ જરૂરી છે. આને જાણ્યા વિના આપણે જીવનને યોગ્ય દિશામાં વાળી શકીએ નહિ. આ સમજણ ન હોય તો જીવન સાચી દિશામાં જવાના બદલે ક્ષુલ્લક ધ્યેય પાછળ દોરતી અવળી દિશામાં દોરાઈ જશે. પરિણામે દુઃખ, અસ્વસ્થતા, ગમગીની અને ઘોર નિરાશાથી આપણું જીવન છવાઈ જશે. આના કરતાં બીજું મોટું નુકસાન શું હોઈ શકે ? દિવ્ય જીવન જીવવા માટે આ લોકમાં જન્મ મળ્યો છે. અને આલોક તથા પરલોકમાં ઉન્નત, ઉદાત્ત અને ઉચ્ચતર આધ્યાત્મિક અનુભવો મેળવવા આ માનવદેહ મળ્યો. છે. માનવ-કુટુંબના દરેકે દરેક સભ્ય માટે આ દિવ્ય અને ભવ્ય આયોજન છે.

તમે ખરેખર દિવ્ય છો. તમે માત્ર તન, મન, બુદ્ધિ, અહંકાર નથી. લોહી, માંસ અને હાડકાંનું બનેલું આ શરીર તમે નથી. તમે તેથી તદ્દન શુદ્ધ અને ભિન્ન છો. તન, મન અને બુદ્ધિ નાશવંત અને પરિવર્તનશીલ છે. તમે અનંત, અવિકારી અને અમર આત્મા છો. આધ્યાત્મિક અજ્ઞાને તમને ચોપાસથી ઘેરી ઘોર નિદ્રામાં નાખી દીધા છે. આ નિદ્રામાં તમે દુઃખ અને દર્દ ભરેલું એક ભયંકર સ્વપ્ન માણી રહ્યા છો, એમાં તમે તમારી જાતને એક નબળા, અપૂર્ણ અને માનવ-પ્રાણી તરીકે નીરખી રહ્યા છો. આ માનવ-પ્રાણી સ્વાર્થ, અહંકાર, ભય અને ચિંતા, તીવ્ર ઈચ્છા અને ઝંખના, પ્રેમ અને ધિક્કાર, ઈર્ષા અને અસૂયા અને બીજી આવી દુઃખ આપનારી અનેક શારીરિક અને માનસિક બાબતોથી ખૂબ પિડાયેલું છે.

તેથી હે મારા પ્યારા મિત્ર ! ઘોર અજ્ઞાનની આ પ્રગાઢ નિદ્રામાંથી તું ક્યારે જાગીશ ? તારા આ અતિ દુઃખદાયક સ્વપ્નમાંથી તું ક્યારે બહાર આવીશ ? તારા સાચા અને ખરા વાસ્તવિક જીવનમાં - એટલે કે દિવ્ય જીવનમાં - મક્કમપણે અને આનંદપૂર્વક ક્યારે પ્રવેશીશ ?

હે મિત્ર, આવ, આવ, ઊઠ, ઊભો થા અને જલદી આગળ વધ. તારું માયાવી સ્વપ્ન તોડી નાખ. તારા જન્મસિદ્ધ હક માટે આગળ આવ. તારી સાચી ઓળખની પ્રતીતિ કર. અહીં જ તારી સાચી પ્રકૃતિને જાણ અને દિવ્ય આનંદ, શાંતિ તથા જ્ઞાનનો અનુભવ કર. આ જ તારું અનંત, અવિકારી અને અવિનાશી સ્વરૂપ છે.

તારા જીવનનું મુખ્ય ધ્યેય એક જ છે. તારા સાચા સ્વરૂપની ઓળખ. તેથી તારું જીવન એવી રીતે જીવ કે જેથી તારી બધી જ પ્રવૃત્તિ ઉપર્યુક્ત ધ્યેયની સિદ્ધિ માટેની અજોડ અને અસરકારક સાધના બની રહે અને આત્મજ્ઞાન દ્વારા તને સુખ, શાંતિ, આનંદ અને દિવ્ય પ્રકાશ મળી રહે. ડહાપણ અને બુદ્ધિપૂર્વક તારું જીવન જીવ કે જેથી જીવનનું અંતિમ લક્ષ્ય સિદ્ધ થાય અને તારું જીવન સફળ નીવડે.

સામાન્ય અને ક્ષુદ્ર અંગત જીવનનો તારો ખ્યાલ તારું અજ્ઞાન જ તને ગુલામીમાં અને દુઃખમાં નાખે છે. માનવ માત્રના દુઃખનું, અસંતોષનું, ઝઘડાનું અને સંઘર્ષણનું મૂળ કારણ જ આ ખોટો ખ્યાલ છે. મનુષ્ય સ્વાર્થમાં જ રચ્યો-પચ્યો રહે છે અને સ્વાર્થમય પ્રવૃત્તિઓ કરે છે ને અપ્રામાણિકતા, સ્પર્ધા, ભ્રષ્ટાચાર, શોષણ, દુશ્મનાવટ, ધિક્કાર વગેરે દૂષણોથી ભરપૂર જીવન જીવે છે. આ બધાં દૂષણોનું મૂળ જીવન તરફના 'અહમ્'માંથી જન્મેલો અભિગમ છે. 'હું કાંઈક છું' એ બતાવવા તે ખોટા માર્ગો અખત્યાર કરે છે. જીવન તરફનો આ દષ્ટિકોણ મૂર્ખાઈભર્યો અને આંધળો છે. માનવીની આ મહાન ભૂલ છે. માનવજાતની હિમાલય જેટલી આ મોટી ભૂલ છે.

'હું કાંઈક છું' એવો માનવનો મિથ્યા અહંકાર જડમૂળમાંથી ઉખેડી કાઢવા તથા સ્વાર્થનો નાશ કરવા ભગવાને, માનવને આ જીવનમાં મહાન તક આપી છે. આ સુવર્ણ તક ઝડપી લઈ માનવે તેના અંતરમાં રહેલા પરમાત્માનો દિવ્ય અનુભવ કરવાનો છે. જીવન એક સાધના છે. જિંદગી એક આધ્યાત્મિક પ્રક્રિયા છે. માનવીની માનસિક, મૌખિક અને શારીરિક ક્રિયાઓ એક યજ્ઞ જ છે એટલે કે આ તમામ પ્રવૃત્તિઓ પરોપકારાર્થે છે, માત્ર પોતાનો કોઈ સ્વાર્થ સિદ્ધ કરવા માટે નથી. માટે હે માનવ ! તું ઉપર જણાવેલ આસુરી પ્રવૃત્તિઓ કરીશ તો તારો અહંભાવ પુષ્ટ થશે અને સંસાર અને દુઃખો તરફની તારી ગુલામી મજબૂત બનશે. તારું જીવન અને તારી પ્રવૃત્તિ આત્મસમર્પણ માટે છે, તમામ પ્રાણીઓના સુખ અને કલ્યાણ માટે તથા તેમની સેવા માટે તારે તારું જીવન સમર્પણ કરવાનું છે. પરોપકાર તારા જીવનનો મૂળ મંત્ર છે. આ જીવન પાછળનો મુખ્ય સિદ્ધાંત 'યજ્ઞ' છે – એટલે કે બીજાને કાંઈક આપવાનું છે, લેવાનું નથી. જેમ જેમ તમે વધુને વધુ આપતા જશો તેમ તેમ તમે માયાવી અહંભાવ તથા સ્વાર્થ પર વધારે ને વધારે વિજય મેળવતા જશો. દિવ્ય પ્રકૃતિનો પરિચય આંતરિક આત્મા તરફ તમને વધુ સભાન બનાવશે, જે તમને યજ્ઞ, પરોપકાર અને નિઃસ્વાર્થ સેવાના સદ્ગુણો તરફ દોરી જશે. પરિણામે તમે દુઃખ, દર્દ અને યાતના પર વિજય મેળવતા જશો અને અખૂટ શાંતિ તથા દિવ્ય સુખ તરફ આગળ વધતા જશો.

તેથી યજ્ઞની ભાવનાને તમારા સમગ્ર જીવનમાં વિસ્તરવા દો. જ્યાં સુધી પોતાના પાડોશીઓ તરફનો તથા પોતાની આસપાસના જીવન તરફનો માનવીનો દૃષ્ટિકોણ બદલાય નહિ અને જીવનનો નવો અભિગમ અપનાવાય નહિ ત્યાં સુધી આધુનિક દુનિયાની ત્રાસદાયક સમસ્યાઓ, એની અથડામણો અને એના સંઘર્ષો, એનો લોભ અને એનું શોષણ, એનાં વેરઝેર, સ્વાર્થ સાધવાની અને અહંભાવ વધારવાની એની ગાંડી ઘેલછાનો કદી અંત આવવાનો નથી કે માનવી આ બધાની કિલ્લેબંધીમાંથી કદી બહાર આવી શકવાનો નથી. માનવ જેવો છે તેવું જ જીવન તે જીવે છે. તેની આસપાસનું જીવન તે જીવે છે તેનું જ પ્રતિબિંબ છે. સુધરેલા કહેવાતા માનવોના સમાજમાં જે દુઃખો વર્ષોથી જામી પડ્યાં છે એ દુઃખોનો બુદ્ધિગમ્ય અને કાયમી ઉકેલ માત્ર એક જ છે અને તે છે માનવ-જીવનના પ્રત્યેક પાસામાં 'યજ્ઞની ભાવનાની તેના યોગ્ય અને વાજબી સ્થાને પુનઃસ્થાપના તમારા તમામ સંબંધોમાં તેમજ તમારી તમામ પ્રવૃત્તિઓમાં યજ્ઞની ભાવનાને છવાઈ જવા દો. યજ્ઞની ભાવનાનો સહર્ષ સ્વીકાર કરો અને તેને સચ્ચાઈપૂર્વક, નિષ્ઠાપૂર્વક અનુસરો. તમારા રોજિંદા જીવનમાં અને રોજબરોજની પ્રવૃત્તિઓમાં, પરોપકાર અને સેવાના આદર્શનું સર્વોપરી શાસન ચાલવા દો. ઘરમાં, કુટુંબના તમામ સભ્યોમાં, આ ઉચ્ચ અને ઉદાત્ત આદર્શભરી દો અને તેમને ઘરના તમામ સભ્યની સેવા કરવાની તથા તેમને સુખ અને આનંદ આપવાની પ્રેરણા આપો. આમ કરવાથી કૌટુંબિક જીવન પણ ઉચ્ચ, ઉન્નત અને ઉદાત્ત બનશે, જૂના ચીલામાંથી બહાર નીકળી નવા ઉન્નત ચીલે પ્રયાણ કરતું થશે. હવે દરેક ક્ષેત્રના ધંધાદારી લોકો તેમના ધંધા તરફ નવી દૃષ્ટિથી જોશે, અને તેમની ધંધાકીય પ્રવૃત્તિના ખ્યાલો પર પુનઃવિચારણા કરશે. વળી, જે સમાજમાં તેઓ રહે છે,તે સમાજના બાકીના તમામ લોકોની સેવા અને તેમના કલ્યાણ અંગે વિચાર કરશે. ધંધાકીય જીવન પણ યજ્ઞ છે, એમાં પણ પરોપકાર કરવાનો છે. એનું આવકનું પાસું ગૌણ બની રહેશે એનો સ્પષ્ટ ખ્યાલ આવી જવો જોઈએ. યજ્ઞ, સેવા અને પરોપકારના પાયાના આદર્શોને પ્રધાન સ્થાન આપવાનું છે અને ધંધાની આવકને ગૌણ સ્થાન આપવાનું છે. જો આમ કરવામાં નહિ આવે તો માનવ માનવ નથી પણ માનવના સ્વરૂપમાં પશુ ઘેટાંનાં વેશમાં વરુ છે.

'હું માનવી માનવ થાઉં તોયે ઘણું – સુંદરમ્

આમ, સામાજિક દરજ્જો જાળવવાની મિથ્યા

કડાકૂટમાં તમારે તમારું સામાજિક જીવન, ઉડાઉ, છીછરું, સ્વૈરવિહારી અને મોજીલું બનાવીને સમય, શક્તિ અને સંપત્તિનો બગાડ કરવો ન જોઈએ. સામાજિક જીવન રચનાત્મક અને સર્જનાત્મક હોવું જોઈએ. મિત્રભાવ, દયા, કરુણા અને સુખ-દુઃખમાં ભાગ પડાવવાની ભાવનાથી તમે તમારું સામાજિક જીવન પણ ઉદાત્ત અને ઉમદા બનાવો. પરમ પિતા પરમાત્માએ આપેલા તમારા પૃથ્વી પરના જીવનમાં તમારા સંસર્ગમાં આવેલા તમામ જીવો અને તમારા પાડોશીઓનાં સુખ, સમૃદ્ધિ, હિત અને કલ્યાણની વૃદ્ધિ એ તમારા સુખની વૃદ્ધિ જ છે.

માનવોએ વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે યજ્ઞની ભાવનાનો સ્વીકાર કરવો જોઈશે. આ અંગત, સામાજિક, જાતીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં પણ સેવા અને પરોપકારની આ ભાવનાનો અમલ થવો જોઈએ. આ આજની તાતી જરૂરિયાત છે. જો જીવન સમૃદ્ધ અને પ્રગતિશીલ બનાવવું હોય અને તેને અંદરોઅંદર લડી ઝઘડીને અને તોડી-ફોડીને ખેદાન-મેદાન ન કરવું હોય તો યજ્ઞ સેવા અને પરોપકાર ભાવનાને જીવનમાં, સર્વોપરી સત્તા તરીકે સ્વીકારવી જોઈએ અને એની પૂર્ણ અભિવ્યક્તિ માટે, એનો આંતરિક પ્રેરક બળ તરીકે સ્વીકાર કરવો જોઈએ. માનવી અને તેના ભવિષ્ય માટે આ જ એક આશા છે. મિત્રતા, ચિર-સ્થાયી સંવાદિતા અને સર્વે જનોના કલ્યાણનો આ જ માર્ગ છે. મોક્ષનો અને પરમ સુખની ઉચ્ચતર સિદ્ધિ મેળવવા માટે પણ આ જ એક અંતિમ માર્ગ છે.

માનવ એ કાંઈ લૂંટારું પ્રાણી નથી. માનવ દિવ્ય છે. દરેક માનવમાં તે પરમાત્મા (તત્ત્વમ્ અસિ)' રહેલો છે. આ પરમાત્મ-ભાવને જગાડવા માટે માનવે આ પૃથ્વી પર જન્મ લીધો છે.

સ્વાર્થથી સભર ક્ષુદ્રતામાંથી તમને મુક્તિ અપાવવામાં તથા તમારી સાચી દિવ્ય પ્રકૃતિની પરમ ભવ્યતાનો અનુભવ કરાવવામાં યજ્ઞની ભાવના તમને મદદરૂપ થાય છે. માનવોને આ કરવા દો - યજ્ઞની ભાવનાને અનુસરવા દો.

હે પ્રિય મિત્ર ! હે તેજસ્વી આત્મા ! હમણાં જ તું આ કર.

પરમ પૂજ્ય સ્વામી શ્રી શિવાનંદજીનો આ વિનમ્ર સેવક તમને આ અનુરોધ કરે છે.

પરમ પ્રભુનો જય હો. પરમ પિતાના અનુગ્રહ અને આશીર્વાદની તમારા પર જોરદાર વર્ષા થાય.

આ સંદેશ દ્વારા, તમને આવકારતાં અને શુભેચ્છા પાઠવતાં હું અત્યંત સુખ અનુભવું છું.

- હરિઃ ૐ -

**(કૃષ્ણાવતાર પાના નં. ૩૯ ઉપરથી ચાલુ)**

કર્યાં. શરૂઆતથી અંત સુધી અસાધારણતાએ કૃષ્ણાવતારની એક વિશિષ્ટતા બની રહી છે. અચળ શ્રદ્ધા જાળવી રાખવા માટેનો આ કદાચ દૃઢ ઈશારો છે, કારણ જો તમે સમગ્ર શ્રદ્ધાથી, વિશ્વાસથી અને ભક્તિથી લાગ્યા રહો અને દિવ્ય આદેશોનું અક્ષરક્ષ : પાલન કરો તો અંતે વિજય તમારો છે. બધી અડચણો દૂર થઈ, મુક્ત બની, ભગવત્સ્વરૂપ પામશો. ભગવાન કૃષ્ણ જાતે કારાગ્રહ પર પધાર્યા, બેડીઓ છોડી નાખી અને માતાપિતાને મુક્ત કર્યાં. શરૂઆતથી અંત સુધી અસાધારણતાએ કૃષ્ણાવતારની એક વિશિષ્ટતા બની રહી છે.

પરમ ભગવાન અવળા સંજોગોમાં જન્મ્યા, મોટા ભય અને તાણ તળે અંધારી રાતે પ્રાદુર્ભાવ પામ્યા, બધી તકલીફો પર પ્રભુત્વ મેળવી, બંધનમાં પડેલાં માતાપિતાને છોડાવ્યાં. એવા ભગવાનની દિવ્ય કૃપા અને આશીર્વાદ તમારા સૌ પર વરસો અને અંધકારમાંથી પ્રકાશમાં; અસત્‌માંથી સત્‌માં, મૃત્યુમાંથી અમરત્વમાં જવાની તમારી યાત્રાને સફળ કરો! આ મારી નમ્ર પ્રાર્થના છે.

ભગવાન તમારું ભલું કરે!

# જગત આપણો શત્રુ નથી

**શ્રી સ્વામી ચિદાનંદજી**

આપણું લક્ષ્ય એક જ એવું અદ્વૈત પરમ તત્ત્વ છે. તેમ છતાં આપણે આ બાહ્ય જગતની વચ્ચે આપણું આધ્યાત્મિક જીવન જીવીએ છીએ. આપણને તેથી આંતરિક અધ્યાત્મ જગતમાં જ પ્રવૃત્તિગત રહેવાની ફરજ પડતી નથી પણ આપણને કંઈક વિવિધ અનેકતાભર્યા સ્થૂળ, ભૌતિક, શારીરિક રૂપે પ્રકટ એવા બાહ્ય અધ્યાત્મ પરિમાણમાં પણ રહેવાની ફરજ પડે છે.

આ દેખાતાં બે ભિન્ન પરિબળો વચ્ચે મુકાયેલા એવા આપણે આ બન્ને વચ્ચેની આંતર પ્રક્રિયા અને પારસ્પરિકતાને સમજવાની જરૂર છે. શું તે નિષેધાત્મક પરિબળો તરીકે, આપણા જીવનમાં અલ્પ બનાવતાં પરિબળો તરીકે સહિષ્ણુતાથી સ્વીકારવાનાં છે કે સહન કરવાનાં છે અથવા આ બન્નેને ભિન્ન પરિપ્રેક્ષ્યમાં સમજવાનાં છે ? શું તે બન્નેને એ રીતે સમજવાનાં, ઉપયોગમાં લેવાનાં કે લાભકર્તા ગણવાનાં છે કે દ્વૈતભાવ હોવા છતાં આ બન્ને પરિબળો વચ્ચે વિરોધદર્શક વર્ગીકરણ નથી ?

આ બાબતમાં એવું કંઈક છે કે જેમાં પ્રકૃતિએ આપણને કંઈક સૂક્ષ્મ આંતરદૃષ્ટિ, કંઈક માર્ગદર્શન આપવાનું રહે છે ? જ્યાં દ્વિધાભાવ ધરાવતાં પરિબળો હોય ત્યાં શું વિરોધ અનિવાર્ય છે અથવા આ બન્ને પરિબળો એ બે સમાન માર્ગ પૂરા પાડીને અંતે એક પૂર્ણ ભાગ બને છે કે તેઓ બન્ને એકબીજાનાં પૂરક બની અને એકબીજાને સંપૂર્ણ બનાવે ?

ભગવદ્‌ગીતામાં આપણને કહેવાયું છે કે આપણે ત્રણ ગુણો સાથે કામ પાડવાનું છે, કારણ કે આપણે પ્રકૃતિમાં – વૈશ્વિક પ્રકૃતિમાં સ્થિત છીએ અને પ્રકૃતિ ત્રણ ગુણોની બનેલી છે. તેથી આ ત્રણેય ગુણો આપણા જીવનના ભાગો છે. સત્ત્વગુણ મનુષ્યને ઊર્ધ્વગામી બનાવે છે. આમાં દેખીતો વિરોધાભાસ છે, પરંતુ તેમાં આપને ઊંડી આંતરદૃષ્ટિ એ મળે છે કે આ ત્રણેય ગુણો જરૂરી છે. અને પ્રત્યેકની નિશ્ચિત પ્રક્રિયા છે. તેઓ અનિવાર્ય છે.

અને જો આપણે પ્રકૃતિનું નિરીક્ષણ કરીએ તો આપણે જોઈએ છીએ કે એક વૃક્ષ જમીનના એક ટુકડા જેવા ભાગ પર અસ્તિત્વ ધરાવવા શક્તિમાન છે, કારણ કે તેનાં મૂળ જમીનમાં ઊંડે જાય છે. એ જ વખતે તેનાં મૂળ જમીનને દૃઢપણે મજબૂતાઈથી વળગી રહે છે. મૂળિયાં હકીકતમાં એક માળખું બનાવે છે. જ્યારે જમીન એ સ્થળ છે, જે વૃક્ષને મજબૂતાઈથી અને દૃઢપણે ઊભું રહેવા શક્તિમાન બનાવે છે. આ દ્વૈતભાવ છે છતાં તે બન્ને (વૃક્ષ અને જમીન)ના લાભ માટે હોવાનું જણાય છે. જમીન વૃક્ષ માટે જરૂરી છે જ્યારે વૃક્ષ પણ જમીનને કંઈક આપે છે.

આપણે અનેક પદાર્થોની હાજરીથી ઘેરાયેલા છીએ. શું આ બધા પદાર્થો જરૂરી છે ? તેઓ બિનજરૂરી છે ? આ બધા પદાર્થો આપણા આધ્યાત્મિક વિકાસમાં અવરોધો છે ? તેઓ સ્થૂળપણે શું છે ? જો તે બધા પદાર્થો બિનજરૂરી હોય તો ઈશ્વરે તેમને ત્યાં મૂક્યા ન હોત. જો તેઓ જરૂરી હોય તો તેમના હોવાનો કોઈક હેતુ હોવો જોઈએ. તેમની હાજરીનો હેતુ શું છે ? તેમની હાજરીનો હેતુ આપણી આધ્યાત્મિક પ્રગતિને અડચણરૂપ બનવાનો છે ? એટલા બધા અવરોધો, એટલા બધા મુશ્કેલી કરનારાં પરિબળો ? આપણે ઊંડાણપૂર્વક આનો વિચાર કરવો જ જોઈએ અને આ ચિંતનમાંથી લાભ શોધી કાઢવો જોઈએ.

કેટલી વાર દેખીતાં વિરોધકારી પરિબળો એક હેતુ જાળવે છે. આ આપણી અંદરથી ચોક્કસ પ્રકારની

શક્તિઓ, ચોક્કસ નિશ્ચયો, દૃઢ નિર્ણયો જેવાં ચોક્કસ સકારાત્મક પરિબળોને જન્મ આપે છે. જેમ કે : ''મારે આ (અવરોધોને) પાર કરવા જ જોઈએ?'' તેઓ પડકાર આપે છે અને તમારે તમારી બુદ્ધિશક્તિનો ઉપયોગ કરવો રહે છે કે પડકારનો સામનો કેવી રીતે કરવો અને અવરોધોને કેવી રીતે પાર કરવા. તે એવાં પરિબળો છે, જે આપણા માનસક્ષેત્ર અંતર્ગત સકારાત્મક વસ્તુઓ(વિચાર)ને જન્મ આપે છે. આપણે તે પડકારને ઝીલી લઈએ છીએ. આ ચિંતન પર આપણી બુદ્ધિશક્તિનો ઉપયોગ કરીએ છીએ. ''આપણે આનો સામનો કઈ રીતે કરવો?'' તેઓ સંકલ્પશક્તિ અને દૃઢ નિશ્ચયને બહાર લાવે છે : ''મારે આનો સામનો કરવો જ જોઈએ.''

તેથી તે બધાં આંતરિક રીતે અનેક બાબતોનો ઉદ્‌ભવ કરનારાં પ્રેરકબળો છે, જેઓ અન્યથા પ્રેરકબળ બની શકે નહીં. આપણે નિરસ અને નિસ્તેજ બની જઈએ. આ રીતે આપણા આંતરિક અસ્તિત્વ (અંતઃકરણ)નાં આંતરિક પાસાંનું તેઓ ઉદ્દીપન કરે છે, તે કારણે તેઓ સંપૂર્ણપણે નકારાત્મક નથી જણાતાં. તેઓ એક સકારાત્મક હેતુ, એક સર્જનાત્મક હેતુ જાળવે છે જે હેતુ કેવળ આંતર પ્રક્રિયા અને પારસ્પરિકતાથી પાર જાય છે. તેમનો સકારાત્મક હેતુ હોવાનું જણાય છે.

હલેસાંની જોડી વગર હોડી ચાલી શક્તી નથી. હોડી વગર એકલાં હલેસાં નિરૂપયોગી છે, તેઓ કોઈ હેતુ જાળવી શકે નહીં. બન્ને (હોડી અને હલેસાં) સાથે હોય તો તેઓ આપણને નદી પાર કરવામાં મદદ કરે છે. ઉપલા અને નીચલા દાંત એકબીજા સાથે લડાઈમાં રહેતા નથી. જો આપણે આપણો ખોરાક યોગ્ય રીતે ચાવવા માંગતા હોઈએ તો બન્ને ભાગના દાંત જરૂરી છે. કદાચ આ રીતે આપણે આપણું જીવન અને પદાર્થો તથા પરિબળો બન્ને બાહ્ય અને આંતરિક, બન્નેને નિહાળવાં જોઈએ. ઈશ્વર સર્વ રીતે બુદ્ધિમાન છે. કોઈ ક્ષતિ કોઈ ગંભીર ભૂલ કરે જ નહિ.

અન્ય બધાં જીવંત રૂપો, તેઓ ગમે તેટલાં બળવાન, ગમે તેવાં ગતિશીલ, તેઓ ગમે તેટલાં આવડત ભરેલાં (શક્તિ સંપન્ન) હોય પણ જ્યારે તેઓ આગળ પ્રગતિમાન બને અને ભયંકર અવરોધમાંથી પસાર થાય ત્યારે તેમની દિશા બદલી નાખે છે. કેવળ મનુષ્ય જ પ્રશ્ન કરે છે, કે તે આ અવરોધને કેવી રીતે નાથી શકે, કેવી રીતે પાર કરી શકે. મનુષ્ય પોતાની પ્રગતિની દિશા બદલવાનું વિચારતો નથી. તે પોતાની અગ્રેસર ગતિને ચાલુ રાખવાનું વિચારતો રહે છે. જો તેના માર્ગમાં નદી આવશે તો તેને ઓળંગવા પુલ બાંધશે. જો રેલરસ્તાનાં બાંધકામમાં સામે પહાડ અવરોધ કરશે તો તેમાંથી તે (મનુષ્ય) બોગદું કોરી કાઢશે. કદાચ આ બધું આપણને શિક્ષણ આપવા માટે છે. કેવળ માનવ જ આ કરે છે, અન્ય કોઈ પ્રાણી નહીં.

આથી બધા પદાર્થોની પૂર્તિ એ કારણે છે કે તેઓ જરૂરી છે. તેઓ આપણી કસોટી કરે છે, કડક પરીક્ષા કરે છે. આપણે કેટલી હદે ખરે જ નિષ્ઠાવાન છીએ? આપણે ક્યાં સુધી મક્કમપણે નિર્ણિત છીએ? આપણી અધ્યાત્મપીપાસાની શક્તિ (ગુણવત્તા) કેટલી છે, કેટલી અધિકૃત, સાચી અને સત્યનિષ્ઠ છે? તેથી આ પદાર્થો જરૂરી છે. તેઓ આહ્‌વાન આપે છે. આ પદાર્થો આપણને આપણા અધ્યાત્મ જીવનનું મૂલ્યાંકન કરવાનો માર્ગ દર્શાવે છે. તેઓ આ રીતે આપણી હેતુપૂર્વક પ્રગતિમાં ફાળો આપનાર બને છે.

જો આપણે આ રીતે તેમને (પદાર્થોને) સમજવાનું નિહાળવાનું શરૂ કરીએ તો તેમના પ્રત્યેની આપણી પ્રતિક્રિયા પણ બદલાઈ જશે. આપણે તેથી વારંવાર નિરાશાથી ગ્રસ્ત બનીશું નહીં કે તેનાથી સ્તબ્ધ બનીશું નહીં અને જ્યારે આ નકારાત્મક પદાર્થો સામે આવી આપણને પજવે - ત્યારે આગળ ધપવાની શક્યતા પરત્વે શંકા નહીં કરીએ. આપણે જ્યારે આ પદાર્થો જરૂરી છે, એવું જોઈ શકીશું ત્યારે આત્મવિશ્વાસ

ગુમાવીશું નહીં અને હતોત્સાહ નહીં બનીએ. તેઓ આપણી કસોટી કરવા માટે અને આપણને તાલીમ આપવા, આપણી અંદર સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવા માટે આવે છે.

તેથી આ રીતે તેનું આકલન કર્યાથી, તમારામાં એક નવીન સંપૂર્ણ દૃષ્ટિ ઉદ્‌ઘાટિત થશે. તમારો તે પદાર્થો પ્રત્યેનો અભિગમ બુદ્ધિજીવી બનશે. તેમના પ્રત્યેની બધી પ્રતિક્રિયાઓ સકારાત્મક બનશે. તમારા આધ્યાત્મિક જીવન અને સાધના ઉપરાંત તમારું સમગ્ર જીવન એક નવીન વલણ અને પ્રકૃતિ દાખવશે. તમારું જીવન તે સામે નકારાત્મક પ્રતિક્રિયા નહીં દર્શાવે. તે સકારાત્મક રીતે પ્રતિક્રિયા દર્શાવશેઃ ''ઈશ્વરે આ બધા પદાર્થો મોકલ્યા છે. તે બધા જરૂરી છે. હું કઈ રીતે તેમાંથી લાભ પ્રાપ્ત કરી શકું, તેમનો કેવી રીતે ઉપયોગ કરી શકું તે સમજવા માટે પ્રયત્ન કરવો જ જોઈએ.''

સમગ્ર અભિગમ, તેથી એક અશ્રદ્ધાભર્યો અથવા મુશ્કેલીભર્યો અથવા અસલામતી કે સંશયભર્યો નહીં રહે. સમગ્ર અભિગમ અત્યંત સકારાત્મક અને સમજણભર્યો બનશે. તે સર્જનાત્મક અને રચનાત્મક રહેશે અને અભિગમ સ્વયં પ્રગતિમાન નીવડશે. જે જગતમાં આપણે જીવવાનું અને આપણી આધ્યાત્મિક સાધના આચરવાની છે તેને આ દૃષ્ટિએ નિહાળવું જોઈએ અને પછી જગતને નિહાળવાની ભિન્ન દૃષ્ટિ નીપજશે જગત દુશ્મન કે વિરોધી નહીં રહે.

તો પછી શાસ્ત્રોએ વિરોધાભાસી કથન કેમ આપ્યાં છે ? શાસ્ત્રો તેને માયા, એક છટકું, બંધન કહે છે. તેઓ (શાસ્ત્રો) તેને એક જંગલ કહે છે, જેમાં તમે ભૂલા પડી જશો. એક જાળ કહે છે, જેમાં તમે ફસાઈ જશો. આમ જણાવવામાં હેતુ છે. આ બધું આપણને સાવધાની અને કાળજીપૂર્વક આગળ વધવા માટે કહેવાયું છે. આમાં બધું આવી ગયું, કારણ કે જો તમે બુદ્ધિશાળી અને સમજદાર નહીં હો તો પછી તમારી બેસમજ અને વિવેકબુદ્ધિની ખામીના કારણે તમે આ ભૌતિક પદાર્થોને બંધનકર્તા પરિબળો બનાવી લેશો. એવું નથી કે ''અહીં મૂલ્યવાન પદાર્થ છે, પરંતુ જો તમે તેમની સાથે યોગ્ય રીતે વ્યવહાર નહીં કરો તો તેઓ બોજરૂપ બનશે. તેથી તમારી આંખો ઉઘાડી રાખો (જાગૃત રહો,) કાળજીપૂર્વક અને સાવધાનીથી આગળ ધપો.''

જ્યારે માનવ સમાજ ઉત્ક્રાંતિના નિમ્ન તબક્કે હતો અને માનવીય બુદ્ધિશક્તિનો વિકાસ નહોતો થયો ત્યારે કદાચ આ પદાર્થો પરત્વે નિષેધાત્મક ચિત્રણ કરવું આવશ્યક હતું, પણ હવે તે જરૂરી રહ્યું નથી. તેથી જો આપણે શાસ્ત્રોની તે સૂચનાના અવશેષોને આપણા જીવનમાં હજુ પણ માન્ય રાખીએ તે કારણે કે જ્યારે આપણે હિંમતભરી રીતે અધ્યાત્મ માર્ગે પ્રગતિશીલ હોઈએ ત્યારે સાવધાની રાખવી તે સારું છે. આપણું આધ્યાત્મિક જીવન જીવવામાં કાળજીનું પ્રમાણ દાખવવાનું સારું છે. આટલું, આપણે જ્યારે આ જગત અને તેમાં રહેલ ભૌતિક પદાર્થોને આપણી તાલીમ ને આધ્યાત્મિક અભ્યાસનો મૂલ્યવાન ભાગ ગણીએ ત્યારે તેનું ધ્યાન રાખવું જ જોઈએ.

આ રીતે, જગત સાથે વ્યવહાર કરવાનો છે, જેથી તે આપણું દુશ્મન અને અવરોધ બનતું અટકી જાય છે. એ પારસ્પરિકતા અને આંતર પ્રક્રિયાની પરિસ્થિતિમાં સકારાત્મક વલણ અને અભિગમ ઉમેરવાના છે - અને આ બધા વિવિધ પદાર્થોને સ્વયં આપણા કલ્યાણ માટે ઉપયોગ કરવાનો છે. ઈશ્વરની કૃપા અને ગુરુદેવની આશિષો આ બુદ્ધિપૂર્વકનું કાર્ય કરવામાં આપણને સક્ષમ બનાવે અને તે રીતે લાભપ્રદ બનાવે. ઈશ્વરના આપણા સર્વ પર આશિષ હો !

# શરણાગતિનું હાર્દ

શ્રી સ્વામી ચિદાનંદજી

મર્યાદિત સ્થળ-કાળની ચેતનામાં જે યુગો, કલ્પ અને સહસ્રાબ્દીઓ તરીકે ગણતરીમાં છે તેની ગણના અચિન્ત્ય અનંતતામાં કેવળ એક ટૂંકી એવી ક્ષણની થાય છે. અનંતતા વિચારનો વિષય નથી. તેને બુદ્ધિની સભાનતા (સમજણ)ની મર્યાદિત શક્તિ વડે પામી શકાય નહીં. તે વાણી, વિચાર અને બુદ્ધિના ક્ષેત્રની બહાર છે.

ચેતનાનું એક એવું પરિમાણ છે, જે માનવજાતની મર્યાદિત વ્યષ્ટિ ચેતનાની પાર છે અને તે પરિમાણ એ સત્ (ઈશ્વર) છે તે અદ્વૈતનું પરિમાણ છે, જ્યાં બધું તત્ક્ષણ અહીં અત્યારે અને પૂર્ણતઃ અસ્તિત્વ દાખવે છે, કારણ કે અહીં અને ત્યાં, અત્યારે અને પછી એ સાપેક્ષ પરિભાષા છે, જે મર્યાદિત, અંતવાળી માનવીય ચેતનાની કાર્યશીલતા માટે અનિવાર્ય અને જરૂરી છે, પરંતુ જ્યાં મર્યાદાના બધા અવરોધો છિન્નભિન્ન બની ભાંગી જાય છે અને અંતવાળા પદાર્થો અસ્તિત્વહીન બને છે ત્યાં આ સાપેક્ષ પરિભાષાઓ નિવાર્ય બને છે. તેમનું કોઈ સ્થાન નથી, કોઈ અર્થ નથી.

માનવીય ચેતના ઉચ્ચતર અને ઉચ્ચતર વિકસિત થતી જાય છે તેમ તેમ તે એક એવા તબક્કે પહોંચે છે, જ્યાં અંતવાળા પદાર્થો (શાંત) અસ્તિત્વહીન બની જાય છે. જ્યારે આપણે આ વર્તમાન મર્યાદિત અંતવાળા પરિમાણની જાળમાં આ સ્થળ અને કાળમાં, સ્તરમાં આપણે મર્યાદિત ક્રિયાશીલતામાં સપડાયા છીએ ત્યારે ગુરુદેવે આપણને આ મહાન હકીકત સમજાવવા પ્રયત્ન કર્યો છે. તેમણે આપણને તેમની પોતાની અપ્રતિમ રીતે સમજાવવા પ્રયત્ન કર્યો છે. ગુરુદેવ પાસે લાઘવની પ્રતિભા હતી, જે પ્રતિભા આપણને વિસ્મયમાં મૂકી દે છે. તેઓ તેમના વાણી વ્યવહારથી બ્રહ્માંડને આવરી લઈ અને યથાર્થપણે તેને અણુમય બનાવી શકતા.

તેમણે એક વાર કહેલું, ''શેનુંય અસ્તિત્વ નથી, મારું કંઈ જ નથી.'' આ એક સમીકરણ છે, તે એક સંયોજન છે. કશાકનું અસ્તિત્વ નથી, મારું કંઈ જ નથી, કારણ કે સત્ અનુભવાતીત, અબાધિત અદ્વૈત છે. તેથી 'તે' સત્ સિવાય કોઈનું અસ્તિત્વ નથી. કેવળ તે જ અસ્તિત્વ ધરાવે છે અને દેખીતી રીતે અનિવાર્યપણે એ સમજાય કે તમારું પોતાનું કંઈ પણ હોય તેવો દાવો તમે કરી ન શકો, કારણ કે કશું જ નથી. જો કશાકનું અસ્તિત્વ જ ન હોય તો કોઈનું હોઈ શકે નહીં. કોઈ પણ કોઈ પદાર્થ પર દાવો કરી શકે નહીં, કારણ કે દાવો કરવા જેવું કંઈ છે જ નહીં. તેથી મારું કંઈ નથી.

ચાલો, આપણે 'અસ્તિત્વહીનતા' (નથી)ના પવિત્ર પ્રદેશમાં એક ડગલું આગળ જઈએ. તમારી માલિકીનું કંઈ નથી, કંઈ અસ્તિત્વ ધરાવતું નથી એટલું જ નહીં, પણ એ કારણે પણ કે જો કંઈ અસ્તિત્વ ધરાવતું ન હોય તો 'તમે' ક્યા સ્થાને છો, જેનું કંઈ હોઈ શકે?

કંઈ જ નથી અને કારણ કે તમારું કંઈ હોવાનું નથી. તમારી માલિકીનું કાંઈ નથી, કંઈ જ નથી. તેથી તમે પણ નથી. તેથી, અસ્તિત્વહીન એવા 'તમે' નું કંઈ હોય તે પ્રશ્ન ઉદ્ભવતો નથી.

આ સમજ તે ક્ષુદ્ર અહંના વિલીન થવાનો મૂળ આધાર છે. આ સમજ વિકસતાં ક્ષુદ્ર અહં જ રહેતો નથી. આ હકીકતનું ભાન એ સ્વયં ક્ષુદ્ર અહં (દેહબુદ્ધિ)થી મુક્ત છે, સ્વયં ક્ષુદ્ર અહંનું વિલીનીકરણ છે, તે સમજ એ જેનું અસ્તિત્વ નથી તે ક્ષુદ્ર અહં (શરીર)થી છેડો ફાડવાની વાત છે. તે ત્યારે જ બને કે જ્યારે આ અસ્તિત્વહીન દંતકથા (ક્ષુદ્ર અહં-શરીર) તમારી ચેતનામાં છવાઈ જતી અટકી જાય ત્યારે જ કેવળ તમે શાશ્વત જીવનના વારસદાર બનો છો.

આ હકીકતની સમજ જ શરણાગતિનો પાયો બને છે. તમને એ ખ્યાલ આવવાનો શરૂ થાય છે કે તમે

એ અસ્તિત્વહીન આભાસ એવા એક 'હું'ની શરણાગતિ કરો છો, જે તમને પરેશાન કરતો આવ્યો છે, કારણ કે તમે તે 'હું' ને વાસ્તવિકતા સાથે સમાનતાથી એ રીતે ભરી દીધો છે, જેમ એક નિદ્રાધીન વ્યક્તિ તેના સ્વપ્નના અનુભવને વાસ્તવિકતા સાથે જોડે છે અને પછી બધા પ્રકારના આવેગોના સમગ્ર ક્ષેત્રમાંથી પસાર થવાનું શરૂ કરે છે. ભય, ચિંતા, આનંદોત્સુકતા, રૂદન અને બધા પ્રકારની લાગણીઓ એવા એક અનુભવ દ્વારા અનુભવાય છે, જે અનુભવ વાસ્તવિકપણે અસ્તિત્વમાં જ નથી, પણ તે અનુભવ ગમે તેમ કરીને તમારા ચેતનને વળોટી જાય છે અને તેના પર અલ્પકાળ માટે પ્રભુત્વ સ્થાપે છે. ત્યાં સુધી કે તે (અનુભવ) ચેતનાના તે પરિમાણમાં સંપૂર્ણ વાસ્તવિકતારૂપે વ્યાપી રહે છે.

આ અનુભવ પર વારંવાર ઊંડાણભરી રીતે મનન-ચિંતનનો પાયો પકડીને જ વ્યક્તિ વિલીન થતાં નામ-રૂપોના એવા સંસારના જાગૃતિ સમયના દૃશ્યનું અસ્તિત્વહીનપણું સમજવાનું અને પામવાનું શરૂ કરે છે. આપણે જોઈએ છીએ કે એ શક્ય છે કે આ જાગૃતિનો અનુભવ પણ એક વસ્તુ છે, જે તેનું અસ્તિત્વ ન હોવા છતાં પણ આપણા પર પ્રભુત્વ ધરાવે છે અને વ્યાપક બને છે, કારણ કે આપણે જાણીએ છીએ કે આવી વસ્તુ આપણા સ્વપ્નકાળના નિત્ય અનુભવમાં શક્ય છે - એ અનુભવ - જે નિદ્રાધીન વ્યક્તિ જાગવાની ક્ષણે જ, કેવળ અદૃશ્ય બની જાય છે - પામવાનું શરૂ કરે છે કે જાગૃતિ કાળના અનુભવ માટે સમાનપણે અસ્તિત્વહીન - બાબત ત્યારે હોવાનું (બનવાનું) શક્ય છે, જો વ્યક્તિ ફક્ત દ્વૈતભાવની ચેતનાની આ નિદ્રામાંથી જાગી શકે.

તેથી ગુરુદેવે કહ્યું, કશાનું અસ્તિત્વ નથી કે મારું કશું જ નથી. કશાનું અસ્તિત્વ નથી એ સત્ય છે, કારણ કે એક જ તત્ત્વ એકલું અસ્તિત્વ ધરાવે છે. મારું કશું જ હોઈ ન શકે, કારણ કે કશાનું અસ્તિત્વ નથી અને મારું કશું જ નથી કારણ કે કોઈ પણ પદાર્થની માલિકીનો દાવો કરવા 'મને' કે 'હું' છે જ નહીં.

ભક્તો અને સેવકોમાં એક કહેવત પ્રચલિત છેઃ 'હે ભગવાન મારી પૂજામાં હું શું ભેટ કરી શકું, જ્યારે બધું કેવળ તમારું છે ? હું અર્પણ કરી શકું એવું કંઈ નથી, કારણ કે અહીં જે છે તે કંઈ મારું નથી. આ રીતે હું કેવળ કરી શકું, તે જે ક્યારનુંય તમારું છે તે લઈ અને તમને જ અર્પણ કરું.'' તેથી તેમની રીતે ભક્તિમાર્ગના અનુયાયીઓને પરાત્પર અદ્વૈતનાં, સત્યનાં, તેમનાં ઈશ્વર પ્રત્યેના દ્વૈતભાવભર્યા અભિગમ વચ્ચે પણ ઝલક અને ઝાંખી થતાં; આ બધું એ અંતિમ સત્યને માન્ય કરે છે કે એક સર્વોચ્ચ અદ્વૈત પરબ્રહ્મ જ અસ્તિત્વ ધરાવે છે.

આ સત્યના પ્રકાશમાં, અહં પોતાને કેવી રીતે પ્રકટ કરી શકે ! શરણાગતિ, દીનતા, એક ખરો તાત્ત્વિક સ્વનો સાહજિક સ્વયંસ્ફૂરિત ઈન્કાર આ સમજણ - આ હકીકતની - બુદ્ધિગમ્ય સમજણમાંથી નીપજે.

ભગવાન અને ગુરુ મહારાજ, આપણને આ સત્યની સભાનતા પ્રાપ્ત થાય તે માટે, કૃપા કરે - એ સત્ય કે જે કેન્દ્રબિંદુમાં છે અને જે મુક્તિ, પ્રકાશ અને જ્ઞાનનો સીધો અને સંકીર્ણ માર્ગ છેઃ એક સોઇના છિદ્ર જેટલો સાંકડો. ''પછી જ્યારે 'હું' અટકી જઇશ ત્યારે હું મુક્ત બનીશ.'' તે સનાતન સત્ય છે. તે ખંડન ન કરી શકાય તેવી અને ઇન્કાર ન થઇ શકે તેવી હકીકત છે.

દિવ્ય અનુભવ પ્રાપ્ત બધા મહાન ગુરુઓને અગણિત વંદન જેમણે તેમની અનંત કરુણા વડે, જેઓ હજુ પણ જિજ્ઞાસુ સાધકો છે તેમની દ્વૈત ચેતનાના બંધારણમાં અદ્વૈતનું અસ્તિત્વ શોધવાનું મહાન રહસ્ય આપણને પ્રદાન કર્યું છે. પરમાત્મા તમારા પર કૃપા કરે અને તમને આ સભાનતા અર્પણ કરે !

# અંતિમ યાત્રા

**શ્રી સ્વામી ચિદાનંદજી**

નવા દિવસના આરંભમાં દરેક પ્રભાતની શુભ ઘડીએ સમર્પિત અને સમુચિત ભાવ ધારણ કરીને તમે 'તમસો મા જ્યોતિર્ગમય' શબ્દો ઉચ્ચારો છો; રાત્રિ અને નિદ્રાના અંધકારને વિદાય આપી ધીમે ધીમે તમે પ્રભાતના સૌમ્ય પ્રકાશમાં આવો છો અને જાગ્રત તથા સભાન બનો છો. ઈશ્વરે તમને અર્પેલી નવા દિવસની આ મહત્ત્વની પળ છે. આ પવિત્ર પળે તાજી 'આજ'નો કેવો ઉપયોગ કરવો તેનો નિર્ણય તમારે કરવાનો છે. કેવા પ્રકારના તેજસ્વી અને સુંદર વિચારોથી તથા લાગણીઓથી તમે તમારી જાતને ભરી દેશો ? મધુર વાણી અને શબ્દોથી તમારા સાથીઓમાં કઈ નવી આશાઓ અને કેવા આનંદનો સંચાર કરશો અને કયાં મહામૂલાં કાર્યોથી તમે જે જગતમાં રહો છો તેમાં ઐક્ય, ભાઈચારો, આનંદ, શાંતિ, સંવાદિતા અને એકરાગનો પ્રસાર કરશો? આ બધાનો અને તે ઉપરાંત વધુનો આ અમૂલ્ય સમયે, આ આરંભની પળે નિર્ણય કરવો ઘટે એટલે જ તેનું ખાસ મહત્ત્વ છે અને તે મહામૂલો આધ્યાત્મિક ગુણવિશેષ છે.

ભક્તિ પણ આવો એક આધ્યાત્મિક ગુણવિશેષ છે. ભક્તિ એ ભગવાન પ્રત્યેનો અનન્ય ભાવ છે. વર્તમાન સમયમાં ભક્તિ એ ભગવાનને પામવાનો શ્રેષ્ઠ અનુકૂળ માર્ગ છે. ભગવાનની દરરોજની નિયમિત પૂજા અને પ્રાર્થના કરવાથી ભક્તિ દિવસે દિવસે વધતી જાય છે. તમારે ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે તે તમને નિષ્કામ ભક્તિ આપે. તેના દિવ્ય નામનું કીર્તન કરવામાં તમને આનંદ આવે તેવી પ્રાર્થના કરો. દરરોજ સવાર-સાંજ નિયમિત દિવ્ય નામનું પદ્ધતિસર નિયમિત રટણ કરવાથી તમને ખૂબ લાભ પ્રાપ્ત થશે. દિવ્ય નામના આવા રટણને જપ કહેવામાં આવે છે. તમે જ્યાં હો ત્યાં માનસિક જપ કોઈ પણ સમયે કરી શકો છો. તેનાથી તમને ભગવાનને સતત યાદ રાખવામાં મદદ થાય છે.

આપણા આધ્યાત્મિક ગુરુઓએ ભગવાનનાં કેવી રીતે દર્શન કરવાં અને તેને યાદ કરી તેના પર કેવી રીતે ધ્યાન ધરવું વગેરે પ્રશ્નો વિષે આપણને સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે. તેઓ કહે છે, ''ભક્તિ માટે કોની પસંદગી કરવી તે તમારી રુચિ અને પ્રકૃતિ પર આધાર રાખે છે. જો તમે એમ માનતા હો કે ભગવાન - શ્રી વિષ્ણુ, શંકર ભગવાન, દેવી, ગણેશ, કાર્તિકેય, હનુમાન વગેરે દેવતાઓ જેવું - તેજસ્વી અને ભવ્ય, દિવ્ય વ્યક્તિત્વ ધરાવે છે તો તમે મનમાં તમને ગમતા તેજસ્વી રૂપની કલ્પના કરી તેના પર ધ્યાન ધરો. તે તમારા ઈષ્ટ દેવ બનશે પણ કેટલાક એવા પણ જિજ્ઞાસુઓ અને સાધકો હોય છે, જે ભગવાનને પરમ અલૌકિક ચૈતન્ય, સત્-ચિત્-આનંદ રૂપે માની તેના પર ધ્યાન ધરે છે, કારણ કે તેમને લાગે છે કે ભગવાનને કોઈ વિશિષ્ટ રૂપ આપવાથી સીમિત બની જાય છે અને ભગવાનના અનાદિ, અનંત અને નિઃસીમ તેમજ સર્વવ્યાપક દિવ્ય ગુણોમાં રૂકાવટ આવે છે. બધા ધર્મો છેલ્લે તો પરમ અલૌકિક સત્-ચિત્-આનંદ દિવ્ય સ્વરૂપ અથવા મહાન વૈશ્વિક સત્તાનો લક્ષ્ય તરીકે સ્વીકાર કરે છે, ફક્ત તેમની પરિભાષા જ ભિન્ન ભિન્ન હોય છે. તેનું કારણ એ છે કે વિવિધ ધર્મોના પેગંબરોએ તેમના અનુભવોને વર્ણવવા, સમકાલીન લોકોને તેમને સમજણ પડે તે રીતે ઉપદેશ આપવા તથા ભગવાનને પ્રાપ્ત કરવા માટે પોતપોતાની શૈલીમાં વિવિધ પથની સમજણ આપી છે. તેમના પ્રદેશમાં પ્રચલિત ભિન્ન ભિન્ન ભાષાઓનો ઉપયોગ કર્યો છે. આમ, વિવિધ ધર્મો બહારથી તદ્દન જુદા લાગતા હોવા છતાં ધર્મના આચરણની બાબતમાં તેમના ઉપદેશોમાં ભક્તિ, ઉપાસના, પ્રાર્થના, દિવ્ય નામનું રટણ-જપ, ભગવાનની ભવ્યતાનું સંકીર્તન, તેના ગુણાનુવાદ, સત્સંગ, પોતાના ધર્મગ્રંથો અને બીજા આધ્યાત્મિક ગ્રંથોનો અભ્યાસ વગેરેમાં બધા જ ધર્મો લગભગ એકસરખા જણાયા છે.

ઈષ્ટ દેવતા પર ધ્યાન ધરવાની આધ્યાત્મિક ક્રિયા પ્રમાણમાં સરળ છે. અવ્યક્ત નિરપેક્ષ પર ધ્યાન કેન્દ્રિત કરવું એટલું સરળ હોતું નથી. તમે મનમાં નક્કી

કરો અને તમારી જાતે કરી શકો એટલું તે સરળ નથી. આ મુદ્દા પર આપણા ધર્મગ્રંથો અને આપણા પ્રાચીન આધ્યાત્મિક ગુરુઓ ખૂબ જ સ્પષ્ટ છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના બારમા અધ્યાયની શરૂઆતમાં ભગવાન શ્રીકૃષ્ણ આ મુદ્દાને સ્પષ્ટ કરતાં અર્જુનને કહે છે કે દેહધારી મનુષ્ય માટે નામ તથા રૂપ વગરના નિરપેક્ષ ચૈતન્ય પર ધ્યાન ધરવાનું ખૂબ મુશ્કેલ છે. એટલા માટે આપણી આધ્યાત્મિક પરંપરામાં તેમણે ધીમા પણ નિશ્ચિત અભિગમનો સ્વીકાર કર્યો છે. સૌથી પ્રથમ તો જિજ્ઞાસુએ સમય અને અવકાશથી પર એવા પરબ્રહ્મ તત્ત્વ સંબંધી સૂચનો આત્મસાત્ કરવા માટે પોતાની જાતને લાયક બનાવવા કેટલીક પાયાની યોગ્યતાઓ મેળવવી જોઈએ. આવી જરૂરી યોગ્યતાઓ મેળવ્યા પછી બ્રહ્મના અનુભવમાં સારી રીતે સ્થિત થયેલા કોઈ સંત કે ઋષિ પાસે નમ્રતાપૂર્વક જવું જોઈએ. પછી તેમનાં ચરણોમાં બેસી પરબ્રહ્મ તત્ત્વની પ્રકૃતિ વિષે સ્પષ્ટ સમજણ મેળવવી જોઈએ. આમ, દરરોજ નિયમિતપણે ધ્યાનપૂર્વક શ્રદ્ધા સાથે તેમને સાંભળવા જોઈએ, પછી તેણે જ્ઞાની ગુરુએ શીખવેલી પરબ્રહ્મ તત્ત્વની પ્રકૃતિ પર ઊંડું મનન કરવું જોઈએ. ધીમે ધીમે આવા સતત મનનથી સાંભળેલાં અને મનન કરેલાં આ સત્ય તમારા હૃદય અને મનમાં ઊંડે સુધી પ્રવેશશે. પછી જિજ્ઞાસુએ પોતાની દૃષ્ટિ અંદરની બાજુ કરવાની છે અને પોતાની અંદર ઊંડે સુધી ધરબાયેલા સત્ય પર દરરોજ એકાગ્રતા અને ધ્યાનનો અભ્યાસ કરવાનો છે. એકાગ્રતા અને ધ્યાનની આ આંતરિક ક્રિયા ખાસ્સા લાંબા સમય સુધી અવિરત ચાલુ રહેવી જોઈએ, કારણ કે તે દરમિયાન ઘણી સમસ્યાઓમાં વધુમાં વધુ ત્રાસદાયક સમસ્યા મનની બહિર્મુખ વૃત્તિ છે. ધ્યાન કરતા જિજ્ઞાસુને મુશ્કેલીમાં મૂકતી બીજી સમસ્યા મનના સ્વાભાવિક વિક્ષેપની છે. સાધકે મનને શિસ્તબદ્ધ કરવા માટે, તેના ચંચળ સ્વભાવને વશ કરવા માટે, તેને પોતાના નિયમનમાં રાખવા માટે અને ધીમે ધીમે પણ દૃઢતાથી તેને તમારા ધ્યાનના એક જ કેન્દ્રબિંદુ પર દોરવા માટે સતત રીતે પોતાની જાતને લગાડી રાખવી પડે છે.

ધીમા આધ્યાત્મિક વિકાસની આ ક્રિયા ઓછાવત્તા પ્રમાણમાં નિયત ઘટનાક્રમ છે. તેમાં અધિકારી બન્યા પછી પ્રથમ શ્રવણ કરવાનું, પછી મનન કરવાનું અને છેલ્લે નિદિધ્યાસન (ઊંડું ધ્યાન) કરવાનું હોય છે. આ સાધના છે. બાકીના સમયમાં જિજ્ઞાસુએ પોતાના કુટુંબની વિવિધ સાંસારિક પ્રવૃત્તિઓ કરવાની હોય છે. પોતાની દૈનિક ફરજો તથા સોંપેલાં કર્તવ્ય બજાવવાનાં હોય છે અને આ સ્થૂળ બહારની દુનિયામાં દરરોજના સાંસારિક જીવનમાં પ્રવૃત્ત થઈ પોતાની નિયત ફરજ અદા કરવાની હોય છે. આ બધું કરતા હોવા છતાં તેણે આંતરિક રીતે આધ્યાત્મિક ભાવ તથા આત્મામાં સ્થિત હોવાનો અભિગમ જાળવી રાખવાનો છે. આ પરિસ્થિતિમાં આ આંતરિક ભાવ જ તમારા આધ્યાત્મિક જીવનને અને તમારી યોગવેદાંત સાધનાને મદદ કરતું અને ટકાવી રાખતું પરિબળ હશે.

આ આધ્યાત્મિક ભાવમાં વૃદ્ધિ કરવાના માર્ગમાંનો કદી નિષ્ફળ ન જનાર તથા મહત્ત્વનો એક માર્ગ નામ અને રૂપની બનેલી આપણી બહારની સ્થૂળ દુનિયાના બધા જીવો તથા વસ્તુઓમાં ઈશ્વરનું દર્શન કરવાનો છે. દરેક પેગંબર, દરેક ધર્મ અને બધાં ધર્મશાસ્ત્રો એકે અપવાદ સિવાય કહે છે કે ઈશ્વર સર્વત્ર છે અને આ દુનિયામાં બધે તે વિચરી રહ્યો છે અને સર્જનની દરેક વસ્તુ અને જીવાત્મામાં તે રહેલો છે. કીડી કે માખી જેવા તદ્દન નાના પ્રાણીથી માંડી ઊંટ, જિરાફ અને હાથી જેવાં વિશાળ પ્રાણીઓમાં તથા ઘાસના એક તણખલાથી માંડી મહાબુદ્ધિમાન માનવજાતિ-એમ બધાંમાં તેનો વાસ છે. જો તમે આવી દૃષ્ટિ જાળવી રાખશો તો તમે કોઈ પણ પ્રાણી તરફ ખરાબ વર્તન કે તેમની તરફ ક્રૂરતા આચરી શકશો નહિ અને તમારી આજુબાજુના કોઈના પણ કલ્યાણની બાબતમાં તમે બેદરકાર રહી શકશો નહિ, કારણ કે આ જગતના કોઈ પણ જીવ તરફ અહીં તમે જેવું વર્તન કરશો તે ખરેખર તો ઈશ્વર તરફ કરેલા વર્તન જેવું જ હશે. આનું કારણ એ છે કે ઈશ્વર બધે જ હાજર છે, ઈશ્વર તેના આ સર્જનમાં અંતર્ભૂત છે અને તે બધા જીવોની અંદર રહેલો આત્મા હોવાથી અંતર્યામી છે.

# દૈનિક જીવન : આંતરિક સાધનાનું પરીક્ષણ

**શ્રી સ્વામી ચિદાનંદજી**

ઈશ્વરેચ્છાથી આપણે જે પણ પરિસ્થિતિમાં મુકાયેલા હોઈએ અને ત્યાં જે પણ પરિબળો ઉપલબ્ધ હોય તે આપણા માટે જરૂરી છે, કારણ કે પૂર્ણતા પ્રતિ આરોહણ કરવા માટે આપણને ચોક્કસ સમય અને સ્થળ આપવામાં આવ્યા છે. દિવ્યતા પ્રતિ આરોહણ કરવાને માટે અવરોધક પરિબળોમાંથી મુક્ત થવાની તક તરીકે આપણને અમુક પરિસ્થિતિ આપવામાં આવી છે.

આપણે જો આવી દૃષ્ટિ કેળવી જીવનને મૂલવીશું તો આપણી સમક્ષ પ્રતિદિન ઊભી થતી પરિસ્થિતિ પ્રત્યેનું આપણું વલણ સર્જનાત્મક, ઉમંગભર્યું અને વિવેકપૂર્ણ બની જશે. ''આ વસ્તુનું મારા માટે શું તાત્પર્ય છે ? મને ઈશ્વરે દરેક વસ્તુ ચોક્કસ આયોજન અને હેતુપૂર્વક આપી છે. આ પરિસ્થિતિમાંથી હું કેવી રીતે લાભ મેળવી મારું હિત કરી આગળ વધીશ ? આ વસ્તુ મારી પાસે અકારણ આવી નથી.'' આમ, પ્રતિદિન આપણને દરેક પરિસ્થિતિ અને સંજોગો એટલા માટે પ્રાપ્ત થાય છે કે તે જે તે દિવસની જરૂરિયાત છે.

આપણા બાહ્ય જીવન અને જપ, ધ્યાન, મનનયુક્ત આધ્યાત્મિક જીવન વચ્ચે ગાઢ સંબંધ છે. તેઓ એકબીજા માટે જરૂરી છે. આપણી આંતરિક આધ્યાત્મિક સાધનાનું તેની સચ્ચાઈ, અસરકારકતા અને કાર્યક્ષેત્રનું પરીક્ષણ કરવા માટે આપણને સવારથી રાત્રિ સુધીનો દિવસ આપવામાં આવ્યો છે.

મનન, જપ અને ધ્યાન દ્વારા સંપ્રાપ્ત કરેલી આધ્યાત્મિકતાનો અમલ કરવા માટે દરેક દિવસ આપણને તક પૂરી પાડે છે. દૈનિક જીવન આધ્યાત્મિકતાનું પરીક્ષણ કરવાનું ક્ષેત્ર છે, જેથી દરેક દિવસે ઉપલબ્ધ થતો વિકાસ આપણો પોતાનો બની રહે. તેનું પરીક્ષણ કરીને આપણે તેને આત્મસાત્ કરી લીધો છે. જ્યાં સુધી તેનું પરીક્ષણ ન થાય ત્યાં સુધી તે આપણો પોતાનો બની જતો નથી.

દરેક આધ્યાત્મિક પગલાંનો જ્યારે જીવનમાં વિનિયોગ કરવામાં આવે છે ત્યારે તે આપણા સ્વભાવનો ભાગ બની જાય છે. જેનું આચરણ કરવામાં આવે છે તેનો આધાર દૃઢીભૂત થાય છે અને તે આપણું પોતાનું બની રહે છે. આમ, તમારી દૈનિક સાધના અને દૈનિક જીવન વચ્ચે અનિવાર્ય સંબંધ છે.

દૈનિક જીવનના આ પરિપ્રેક્ષ્યમાં તમે તમારા આધ્યાત્મિક વિકાસનું આચરણ અને પરીક્ષણ કરી શકો છો. તમારી દૈનિક સાધનાના આ સંદર્ભમાં તમારું દૈનિક જીવન વિકાસ પામે છે અને સમૃદ્ધ થાય છે; તે વિશુદ્ધિનાં ઉચ્ચતર પરિમાણો પ્રતિ ક્રમિક રીતે ઉન્નત થાય છે અને પરિવર્તન પામેલા આધ્યાત્મિક સ્વભાવમાં પરિણમે છે.

આધ્યાત્મિકતાની ઊર્ધ્વગામી આંતર યાત્રા દ્વારા તમારા બાહ્ય જીવનની સમૃદ્ધિની આ પ્રક્રિયા તમારા સ્વરૂપ અને કર્મોની પૂર્ણતઃ દિવ્યતામાં પરિણમે છે.

આપણે આંતર અને બાહ્ય જીવનને બે જુદા, પરસ્પર ભિન્ન અને વિરોધી બાબતો તરીકે નહિ જોતાં આપણે તેનું ઐક્ય જોતાં શીખીએ. આ બે નથી. આધ્યાત્મિક ઉત્થાનની આ એક સમાહિત અને એકીકૃત થયેલી પ્રક્રિયા છે. જે વ્યક્તિ જીવનને આ રીતે જાણે છે તે જીવનમાં સંતુલિત બની રહે છે.

આધ્યાત્મિક રીતે ઉત્ક્રાંત થવા માટે બાહ્ય અને આંતર જીવનને સમાહિત કરતી પ્રક્રિયા તરીકે અનુસરવા માટેની કળા અને વિજ્ઞાનથી તે સંપન્ન બની જાય છે.

### જીવન અને સમય

સમય તમારા જીવનની સામગ્રી છે. સમય અને જીવન સિક્કાની બે બાજુ સમાન છે. જીવન એ

અનુસંધાન પાના નં. ૧૧ ઉપર

# જીવનનાં કેટલાંક મૂળભૂત સત્ય

શ્રી સ્વામી ચિદાનંદજી

**૧) મૃત્યુની નિશ્ચિતતા** - એક સ્પષ્ટ વિધાનમાં ભગવાન કૃષ્ણ કહે છે કે 'जातस्य ही ध्रुवोर्मृत्यु' (જેનો જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે ભ.ગીતા અધ્યાય ૨/૨૭). આપણે જો મૃત્યુની નિશ્ચિતતાને નહિ જાણીએ અને જીવનમાં આત્મસાત્ નહિ કરીએ તો આપણે ભ્રમમાં જ જીવીશું. આપણા બધા શોકનું કારણ આ ભ્રમ (મોહ) છે. આપણી નિકટની કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય તો આપણે દુઃખી અને હતાશ થઈ જઈએ છીએ, જાણે કે કોઈ તદ્દન અનપેક્ષિત વસ્તુ બની ગઈ હોય, પણ આ કોઈ અણધારી વાત નથી. આ સત્ય વાસ્તવિકતા પર આધારિત છે અને આપણે તેનો સ્વીકાર કરી હંમેશાં તેને યાદ રાખવું જોઈએ.

આ સત્ય આપણને જીવનમાં કેવી રીતે ઉપયોગી નીવડી શકે ? આપણે જો હંમેશાં આને આપણા મનમાં રાખીએ તો આપણે મહત્ત્વની કોઈ ફરજો મોકૂફ નહિ રાખીએ. એમ કહેવાય છે કે તમે એકલા આવો છો અને એકલા પાછા જાઓ છો. એક દૃષ્ટિએ આ સાચું છે, પણ બીજી દૃષ્ટિથી જોઈએ તો કોઈ એકલું નથી. જીવાત્માનો જન્મ થાય છે તે ક્ષણથી તે ક્યારે પણ એકલો નથી. મૃત્યુના દેવતા હંમેશા તેની સાથે રહેતા હોય છે. આખું જીવન એ મૃત્યુની ધીમી પ્રક્રિયા છે અને મૃત્યુ પ્રત્યેની સતત કૂચ છે. દરેક પળ વીતવાની સાથે આપણે મૃત્યુ તરફ આગળ વધી રહ્યા છીએ. મૃત્યુના દેવતા દરેક પળે તમારું જીવન ધીમે ધીમે લઈ રહ્યા છે અને છેલ્લી ઘડીએ તે પ્રાણ હરીને જતા રહે છે અને શરીર નિશ્ચેતન બની જાય છે.

યાદ રહે કે આ જીવનનો એક દિવસે અંત થવાનો જ છે. તેથી સંકલ્પ કરો કે ''મારા જીવનના મહાન ધ્યેય (મુક્તિ/મોક્ષ)ને પામવા માટે હું હમણાંથી જ પ્રવૃત્ત થઈશ. હું મારી ફરજો અને ઋણને આળસ કે સુસ્તી રાખ્યા વિના નિભાવીશ.'' તમને આળસુ બનીને સમય વ્યય કરવાનું પાલવે નહિ, જે સમયનો વ્યય થશે તે હંમેશાંને માટે ગુમાવ્યા બરાબર છે.

**૨) આ જગત દુઃખનું ઘર છે.**

એવું શું છે, જે આપણને આપણા લક્ષ્યથી દૂર લઈ જાય છે ? તે આપણી આસપાસના ઈંદ્રિયોના વિષયોનું છેતરામણું આકર્ષણ છે. તેઓ તમને એવું કહીને લોભાવે છે કે આવો, આવો ! તમને અમારા થકી બહુ સુખ મળશે. તમારું ધ્યાન ઈન્દ્રિયોના પાંચ ગોલક થકી વિખરાઈ જાય છે.

તમે સમજી શકતા નથી કે આ માત્ર ભ્રમ છે અને તેમાં રતિ માત્ર પણ સાચું સુખ નથી. તમે જે અનુભવો છો તે  માત્ર ચેતાતંત્ર દ્વારા અનુભવાતી ક્ષણિક સુખ આપનારી સંવેદના છે અને સાચું સુખ નથી. આ અનુભવ માત્ર એક જૈવિક અનુભવ છે. જ્યારે કોઈ વિષય તેને સંબંધિત ઈંદ્રિયના સંપર્કમાં આવે છે ત્યારે ચેતાઓ સંદેશાને મગજ સુધી લઈ જાય છે અને મગજમાં ક્ષણિક સુખદ અનુભવ થાય છે. તમે આ સંવેદનાથી ભરમાઈ જાઓ છો. આ પ્રકારનો અનુભવ જે તે તંત્રની યોગ્ય કાર્યક્ષમતા પર આધાર રાખે છે જેમાં જ્ઞાનેન્દ્રિય, તેને જોડતી ચેતા અને મગજમાં આવેલા સંબંધિત કેન્દ્રનો સમાવેશ થાય છે. આ પૈકીનો એક ભાગ પણ બિનકાર્યક્ષમ બની જાય તો જે તે ઈંદ્રિય થકી અનુભવવાની સંવેદના ચાલી જશે. જો તમારી ઓપ્ટીક નર્વ (આંખના રેટીનામાંથી મગજ સુધી સંદેશો લઈ જનારી ચેતા) નબળી પડી જાય તો ખુલ્લી આંખે ગમે તેટલું સુંદર દૃશ્ય પણ તમારા ઉપર કોઈ પ્રભાવ પાડી શકશે નહિ.

આ સુખદ સંવેદનાનો અનુભવ કેટલો સમય રહી શકે ? તમે તમારી મનપસંદ વાનગી ખાઈ રહ્યા છો. જ્યાં સુધી મુખમાં ખોરાક છે ત્યાં સુધી સુખદ

અનુભવ છે પણ જ્યારે આહાર અંદર ઊતરી જાય પછી તેનો અંત આવી જાય છે અને સંવેદના ચાલી જાય છે. આ એક જૈવિક ચેતાનો ક્ષણિક અનુભવ છે અને તેને સાચું સુખ કહી શકાય નહિ પણ આપણે તેનાથી છેતરાઈ જઈએ છીએ.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, ''જે સુખાનુભવો સ્પર્શથી થાય છે.(ઈંદ્રિયજન્ય) તે માત્ર દુઃખનો સ્રોત છે અને ડાહ્યા માણસો તેમાં રમણ કરતા નથી.'' (ભગવદ્ગીતા - ૫/૨૨) આ સત્યને તેઓ બીજી સામાન્ય રીતે પણ રજૂ કરે છે. તેઓ કહે છે'' આ જગત દુઃખાલય છે અને અશાશ્વત છે.'' (ભગવદ્ગીતા ૮/૧૫) નકારાત્મક રીતે તેને અનિત્યમ્, અસુખમ્ કહીને તેની લાક્ષણિકતાનું વર્ણન કરે છે. (ભગવદ્ગીતા ૯/૩૩)

આ જગત અસ્થાયી પદાર્થોનું જગત છે. આ પદાર્થો તમને સ્થાયી સુખ આપી શકશે નહિ. સંપૂર્ણ (નિરપેક્ષ) સુખનો અભાવ એ આ જગતની લાક્ષણિકતા છે. આ જગતમાંથી તમને કેવળ દુઃખ અને શોક જ મળી શકશે.

તમારી જાતને સ્પષ્ટ રીતે સમજી લેવા દો કે અહીં સુખ નથી અને સુખ હોઈ શકે પણ નહિ. આ જગત દુઃખોનું મામૂલી ધામ છે.

તમે ઈંદ્રિયોના વિષયથી તો જ બંધાઈ જાઓ જો તમે વિચારો કે તેમાં થોડું સુખ રહેલું છે. તમે જ્યારે વિવેકપૂર્વક તેનો સાચો સ્વભાવ શોધી કાઢશો પછી તમે તેનાથી ભરમાશો નહિ. તમે કહેશો કે, ''હું તમારો સ્વભાવ જાણું છું. તમે મને મૂર્ખ બનાવી શકશો નહિ.'' તમે અનાસક્તિ (સંપૂર્ણ વિરક્તિ)માં સ્થિર થઈ શકશો. તમારી આસપાસ આનંદપ્રમોદના સેંકડો પદાર્થો રહેલા હશે તો પણ તમે તેનાથી વિચલિત થશો નહિ. તમે પરિસ્થિતિના સ્વામી બનીને જીવન પસાર કરી શકશો, નહીં કે દરેક આકર્ષક ઈંદ્રિય વિષયોના ગુલામ બનીને. ઈંદ્રિયોના વિષયોમાં કશું પણ (મૂલ્યવાન) નથી તેવું જાણ્યા પછી તમે સ્થિરતા અને શાંતિપૂર્વક તમારા લક્ષ્યાંક તરફ અગ્રેસર થઈ શકશો.

**૩) દરેક વ્યક્તિનો દિવ્ય અંતિમ મુકામ છે.**

તમારું લક્ષ્યાંક શોક અને વેદનાઓ, દુઃખ અને યાતનાઓથી ઉપર ઊઠી નિરપેક્ષ સુખ, પ્રગાઢ શાંતિ અને સંપૂર્ણતા પ્રાપ્ત કરવાનું છે. આ સ્થિતિ પામવા માટે જ તમને મનુષ્યજન્મ મળ્યો છે. નિર્ભેળ અને શુદ્ધ આનંદની અનુભૂતિકર્તા (ઋષિમુનિઓ)ના તમે વારસદાર છો. આ આનંદ અચિંતનીય છે. તે કોઈ જગ્યાએથી આવતો નથી. તે આનંદ, તે શાંતિ, તે પૂર્ણતાની સ્થિતિ, તે પ્રકાશ એટલે જ ઈશ્વર . તે એવો નિરપેક્ષ અનુભવ છે, જ્યાં બધા શોક વિલીન થઈ જાય છે અને સંશયો નાશ પામે છે. આ તમામ પ્રકારના શોક, દુઃખ, ભ્રાંતિ અને બંધનથી અતીત (પર)ની અવસ્થા છે. તમે સંપૂર્ણ મુક્તિ અને નિર્ભયતાની સ્થિતિમાં છો.

આ તમારું ધ્યેય છે. તેને પામવાનું તમારામાં સંપૂર્ણ (અવ્યક્ત) સામર્થ્ય છે. તેને ક્યારે પણ વિલંબિત કરવું જોઈએ નહિ, કારણ કે જેનો જન્મ થયો છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. (ભગવદ્ગીતા ૨/૨૭)

વેદાન્તની બધી વિદ્યાશાખાઓ આપણને કહે છે કે આ પસાર થઈ જનારું જગત છે. તમારે એક દિવસ મૃત્યુ પામવાનું છે. તમે આ જગતના વતની નથી. તમે એક યાત્રિક છો. મનુષ્યનું જીવન એ શાશ્વત આનંદ અને શાંતિ પામવાના મહાન લક્ષ્યાંક પ્રત્યેની મહાન યાત્રા છે. તેને ક્ષુલ્લક બાબતોમાં વેડફવી જોઈએ નહિ. જો તમારા જીવનને યોગ્ય રીતે નિયંત્રિત કરી તેનો સદુઉપયોગ કરવામાં આવે તો તમે આ લક્ષ્યને આ જન્મમાં જ સિદ્ધ કરી શકો. તમારો આશય (લક્ષ્યાંક) જ્યાં સુધી સિદ્ધ થાય નહિ ત્યાં સુધી અટકશો નહિ. આગળ ધપો, આગળ ધપો, આગળ ધપો.

# સુખ અને સફળતા મેળવવા માટેની બાર ચાવીઓ

શ્રી સ્વામી ચિદાનંદજી

**(૧) સ્પષ્ટ ધ્યેય નક્કી કરો.**

પહેલાં તમારે એ નક્કી કરવું પડશે કે તમે કેવી રીતે જીવનવિકાસ કરવા અને પૂર્ણતા પ્રાપ્ત કરવા ઈચ્છો છો. તમારે શું બનવું છે તેનું સ્પષ્ટ ચિત્ર તમારા માનસપટ પર હોવું જોઈએ. આનાથી તમે નિશ્ચિત ધ્યેય નક્કી કરી શકશો. આવા કોઈ ધ્યેય વગર જીવનમાં તમે વિકાસ ન કરી શકો. નિશ્ચિત ધ્યેય વગર જુદી જુદી દિશામાં તમે દોરવાઈ જશો અને તમારું મન ગૂંચવણમાં પડી જશે. પરિણામે તમારી ઘણી શક્તિ વેડફાઈ જશે. જો તમારા મનમાં એક નિશ્ચિત ધ્યેય કે કેટલાક હેતુઓ નક્કી કરેલા હશે તો આવી મૂંઝવણમાંથી તમે ઊગરી જશો. શું મેળવવું છે અને કઈ દિશામાં આગળ વધવું છે એ તો તમે જાણો જ છો અને તેથી ધ્યેયપ્રાપ્તિના માર્ગે આગળ વધવા માટે શું સાચું છે અને શું ખોટું છે, શું ઈચ્છનીય છે અને શું અનિચ્છનીય છે, કઈ કઈ બાબતોનો સ્વીકાર કરવો અને કઈ બાબતોનો અસ્વીકાર કરવો તેનું તમને જ્ઞાન થઈ જશે.

આવી નિશ્ચિતતાથી જ તમારામાં એક આંતરિક શક્તિ પ્રગટ થશે, તેનાથી આત્મબળનો વિકાસ થશે. તમારું વ્યક્તિત્વ રચનાત્મક બનશે. તમારા જીવનમાં નકારાત્મક વલણને કોઈ સ્થાન જ નહિ રહે.

**(૨) દૂરંદેશી કાર્યક્રમ ઘડો.**

બીજી મહત્ત્વની બાબત એ છે કે તમે તમારા જીવન માટે દૂરંદેશી કાર્યક્રમ નક્કી કરો, જેથી નિશ્ચિત દિશામાં તમારો વિકાસ થતો રહે અને પરિણામે જીવનનું ધ્યેય તમે હાંસલ કરી શકો. આવા કાર્યક્રમથી જીવન દરમ્યાન ઊભી થતી પ્રત્યેક પરિસ્થિતિ અને વિવિધ સમસ્યાઓનો, નાના વિદ્યાર્થીઓ અને ઊગતા યુવાનો સામનો કરી શકે છે, દૃઢ મનોબળથી વિવિધ પ્રલોભનો સામે લડી શકે છે અને આત્મસંયમ તથા બહાદુરીથી અનેક વિઘ્નોને પાર કરી શકે છે. આમ કરવા માટેની ગુપ્ત શક્તિ તમારામાં છુપાયેલી પડી છે. જરૂર છે તેને જાગૃત કરીને સક્રિય બનાવવાની. મન, તેનું વર્તન અને ટેવો તથા આંતરમન વિષેના કેટલાક નિયમો વિષેની સાચી સમજણ જીવનના તમારા આ તબક્કાને ખૂબ જ અદ્‌ભુત અને રસપ્રદ બનાવી દેશે.

**(૩) સ્વાસ્થ્યનું રક્ષણ કરો.**

દૂરંદેશી કાર્યક્રમના અમલનો સઘળો આધાર જેના પર છે તેના વિષે હવે આપણે ચર્ચા કરીશું. સ્વાસ્થ્ય એ જીવનમાં ઘણી જ મહત્ત્વની બાબત છે. **“પહેલું સુખ તે જાતે નર્યા”** તંદુરસ્ત સ્વાસ્થ્ય વગર તમે કંઇ જ કરી શકો નહીં. સારા સ્વાસ્થ્યના અભાવે તમે ન તો અભ્યાસમાં સફળ થઇ શકો કે ન સફળ થઇ શકો ચારિત્ર્યઘડતરમાં, રમતગમતમાં, સામાજિક પ્રવૃત્તિમાં કે ગૃહજીવનમાં. સ્વાસ્થ્ય એટલે કાળજીપૂર્વકની જીવનચર્યા. સ્વાસ્થ્ય માત્ર તમે જે કંઇ ખાઓપીઓ છો તેમાંથી જ મળે છે તેવું નથી, પરંતુ તમારા સ્વાસ્થ્યને નુકસાનકારક હોય તેવી વસ્તુઓનો ડહાપણ અને સમજણપૂર્વક ત્યાગ કરવાથી પણ તે પ્રાપ્ત થાય છે. તંદુરસ્તી અને તાકાત મેળવવા માટે જ ખાઓ, સ્વાદ મેળવવા માટે નહીં. જીવન ટકાવી રાખવા અને સત્કર્મો કરવા જ ખાઓ. **“જિંદગીને ખાતર ખાનપાન છે, ખાનપાનને ખાતર જિંદગી નથી”** હંમેશાં સાદો ખોરાક લો. રાત્રે વહેલા સૂઈ જાઓ અને સવારે વહેલા ઊઠો. સારી આદતો પાડો. હંમેશાં હળવો, નિયમિત વ્યાયામ કરો. જરૂર પૂરતું જ ખાઓ અને પીઓ. ખોરાકને ખૂબ ચાવીને ખાઓ. અતિ આહારનો ત્યાગ કરો. (ઠાંસી ઠાંસીને ન ખાવું) ભૂખ લાગ્યા વગર કદી ન ખાશો. તમારી તબિયતને અનુકૂળ ન હોય તેવા પદાર્થો ન ખાવા.

**(૪) શક્તિનો સંચય કરો**

તમારે તમારી શક્તિનો સંગ્રહ કરવો જોઈએ. વ્યર્થ કાર્યમાં શક્તિ વેડફશો નહીં. ખૂબ બોલવું, ગપ્પા મારવાં, હેતુ વગર રખડ્યા કરવું, ખોટી ચિંતા કરવી, વારંવાર ગુસ્સે થવું વગેરે બાબતોથી તમારી શક્તિ નકામી ખર્ચાઈ જશે. સ્વાસ્થ્યને નુકસાન કરે તેવી ટેવો કે વ્યસનો છોડો. ધૂમ્રપાન અને મદ્યપાન એ તો વિદ્યાર્થીજીવનને શાપરૂપ છે. પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરો. જાતીય સમાગમથી દૂર રહો. સ્વાસ્થ્યનું રક્ષણ કરો. શક્તિનો સંચય કરો, શારીરિક અને માનસિક રીતે મજબૂત બનો અને તે દ્વારા સફળ જીવનનો પાયો નાખો.

**(૫) ચારિત્ર્યનું મૂલ્ય સમજો.**

પૃથ્વી પરની બીજી કોઈ પણ બાબત કરતાં ચારિત્ર્ય વધારે કીમતી છે તેમ માનો. સંપૂર્ણ સત્યવાદી બનો. અશિષ્ટ કે ઉદ્ધત ભાષા કદી ન બોલશો. આપણી ભાષા હંમેશાં સ્પષ્ટ, વિનયી અને બીજાને આનંદ આપે તેવી હોવી જોઈએ. અહંકાર, અભિમાન અને સ્વાર્થનો ત્યાગ કરો. આ ત્રણેય બાબતો મનુષ્યના ચારિત્ર્ય પર કલંક સમાન છે. તે અજ્ઞાન અને લોભમાંથી ઉત્પન્ન થાય છે. અજ્ઞાન તમને અહંકારી અને અભિમાની બનાવે છે; લોભ તમને સ્વાર્થી બનાવે છે. તેનાથી દુઃખ અને અપમાન પ્રાપ્ત થાય છે અને અંતે જીવનમાં નિષ્ફળતા મળે છે. સાદગીભર્યા જીવનથી અને બધી જ પરિસ્થિતિમાં આનંદી સ્વભાવથી તમે સ્વાર્થ અને અહંકારને પાર કરી શકશો. તમારું વર્તન બીજાને સુખ ઉપજાવે તેવું હોવું જોઈએ.

**(૬) સદ્‌ગુણો અપનાવો.**

કેટલાક નિશ્ચિત સદ્‌ગુણો અને સિદ્ધાંતો અપનાવો અને તમારાં બધાં જ કર્મો દરમ્યાન તેને વળગી રહો. સિદ્ધાંતોમાં કદી બાંધછોડ કરશો નહીં. સદ્‌ગુણોને કદી તમારાથી વેગળા થવા દેશો નહીં. આ સિદ્ધાંતો જ તમારા સાચા મિત્ર અને મદદગાર બની રહેશે અને તમારા વિકાસને નિશ્ચિત બનાવશે અને છેવટે તમને પરમસુખ અને સફળતા અપાવશે. થોડા થોડા દિવસે સદ્‌ગુણોને અમલમાં મૂકવા માટેનો મહાવરો કરતા રહો. તમારા જીવનની દૈનિક નોંધ રાખો. આવી દૈનિક નોંધથી તમે પ્રગતિ કરો છો કે નહીં તેનો તમને ખ્યાલ આવશે અને ક્યાં ભૂલ થાય છે તે જાણીને તે ભૂલ સુધારવાની તક મળશે. આ નોંધ જ તમારો સાચો મિત્ર બની રહેશે. તેનાથી તમારી નબળાઈઓનો તમને પરિચય થશે અને તમે નમ્ર બનશો.

**(૭) પ્રાર્થના કરો.**

તમને હંમેશાં આંતરિક શક્તિ અને માર્ગદર્શન મળતાં રહે તે માટે ઈશ્વરને પ્રાર્થના કરો. ઈશ્વરસ્મરણમાં પ્રચંડ શક્તિ રહેલી છે. પ્રત્યેક પરિસ્થિતિમાં તેનું નામ જપ્યા કરો.

સાચા હૃદયથી સતત ઈશ્વરને યાદ કરો. ઈશ્વર સાથે તમારો અતૂટ સંબંધ છે તેવો દૃઢ આત્મવિશ્વાસ કેળવો. તમારી આજુબાજુની દરેક વ્યક્તિ અને વસ્તુમાં ઈશ્વરનાં દર્શન કરવાની દૃષ્ટિ કેળવો. ઈશ્વર એ તમારાથી દૂર રહેલું કોઈ તત્ત્વ નથી, પરંતુ દરેક સ્થળે અને દરેક પળે તે હાજર જ છે. ઈશ્વર સર્વવ્યાપક છે. તે હંમેશાં વિદ્યમાન અને સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત એવું દિવ્ય પરમ તત્ત્વ છે. તમારી અંતરતમ શક્તિ પણ તે જ છે. તમારા શ્વાસોચ્છ્‌વાસ કરતાં પણ ઈશ્વર તમારી વધુ નજીક છે. આ બાબત હંમેશાં યાદ રાખો. તમે તમારા દૈનિક કાર્યમાં રોકાયેલા હો ત્યારે પણ ઈશ્વરને ભૂલશો નહીં.

**(૮) સંતોનું ચિંતન કરો.**

સંતોનાં જીવનચરિત્રો વાંચો અને તેના વિષે ચિંતન કરો. તેમનાં જીવન અને ઉપદેશોમાંથી શક્તિ અને પ્રેરણા મેળવો. તેમના જેવું તમારું જીવન બનાવવા પ્રયત્ન કરો. તમારી દૃષ્ટિ સમક્ષ ઉચ્ચ આદર્શ રાખો અને તેનું દિવસ-રાત મનન કરો. આવા આદર્શોને આધારે જ તમારી વિચારશક્તિ કેળવો. આમ કરવાથી તમારું મન કદી આળસુ કે નિષ્ક્રિય નહીં રહે. આ બાબત મહત્ત્વની

છે, કારણ કે ઉમદા વિચારો જ ઉમદા જીવન ઘડે છે.

**(૯) દયાળુ બનો.**

તમારા જીવનમાંથી પ્રેમ, દયા અને કરુણાનો અવિરત પ્રવાહ વહેવો જોઇએ. કદી કોઇને પણ હાનિ કરશો નહીં. ઈશ્વરે બનાવેલા આ વિશ્વમાં મન, વચન કે કર્મથી નાનામાં નાના જંતુને પણ હાનિ ન પહોંચાડશો. હિંસાનો વિચાર તમને સ્વપ્નમાં પણ ન આવવો જોઇએ. સનાતન વૈદિક સંસ્કૃતિમાં અહિંસાને પરમધર્મ માનવામાં આવે છે. બીજાને મદદરૂપ બનો. બીજાને લાભપ્રદ બનો અને બીજાનાં સુખ અને શાંતિના નિમિત્ત બનો. કોઇ પણ જીવને કદી પણ દુઃખ ન દો, નુકસાન ન કરો કે ઘાયલ ન કરો.

**(૧૦) સંપૂર્ણ સત્યવાદી બનો :**

સત્યપ્રિયતાનાં તમારાં મૂળ ઊંડાં હોવાં જોઇએ. જીવનું જોખમ હોય તો પણ કદી અસત્ય ન બોલશો. વિશ્વના કોઇ પણ જીવ સાથેના તમારા વ્યવહારમાં કદી અપ્રામાણિક ન બનશો કે કોઇને છેતરશો નહીં. સત્ય અને પ્રામાણિકતાનું જીવંત ઉદાહરણ બની રહો. મન, વચન અને કર્મથી સત્યનું આચરણ કરો. સત્ય એ જ ઈશ્વર છે. સત્યને જે દૃઢતાથી વળગી રહે છે તેને ઈશ્વરપ્રાપ્તિ થાય જ છે. સત્યનો પરમ સિદ્ધાન્ત બનીને જ ઈશ્વર માનવવિશ્વમાં વિચરી રહ્યો છે.

**(૧૧) બીજાની સેવા કરો.**

પડોશીઓ અને આજુબાજુના વિશ્વને જોવાની માનવીની દૃષ્ટિમાં જ્યાં સુધી પરિવર્તન નહીં આવે ત્યાં સુધી અર્વાચીન વિશ્વને સતાવતી સમસ્યાઓનો, તેના ઝઘડા અને સંઘર્ષોનો, તેનો લોભ અને શોષણનો, તેના ધિક્કારનો અને વેરભાવનો, તેની સ્વાર્થી સંગ્રહવૃત્તિનો કદી પણ અંત આવશે નહીં. માનવ જેવું જીવે તેવું જ જીવન બને. માનવીની આસપાસનું જીવન પણ તેના પોતાના જીવનનું જ પ્રતિબિંબ છે. સંસ્કારી માણસોના વ્યવસ્થિત સમાજને જે આપત્તિઓ સતાવી રહે છે તેનો એકમાત્ર ઉપાય કોઇ પણ જાતના સ્વાર્થનો વિચાર કર્યા વગર જીવનમાં યોગ્ય વસ્તુનું યોગ્ય સ્થાને પુનઃસ્થાપન કરવાની નૈતિક તાકાત કેળવવી એ જ છે. તમે જેટલો વધારે ત્યાગ કરશો એટલો વધુ તમને તમારાં દુઃખદર્દો પર વિજય મળતો જશે અને તમે પરમશાંતિ અને પરમસુખ પ્રાપ્ત કરશો.

**(૧૨) ઉમદા વિચારો ધારણ કરો.**

'જેવું વાવો તેવું લણો' જે રીતે જેવું તમે વિચારશો તેવા તમે બનશો. તમે સતત જેવું વિચારશો કે સતત જેવી સંવેદના અનુભવશો તેવા જ તમને અનુભવ થશે અને તેવું જ પ્રાપ્ત થશે. તમારા આંતરિક વિચારો જ તમને બાહ્ય કર્મો કરવા પ્રેરશે. વારંવારનાં આવાં કર્મોથી જ ટેવ પડે છે અને આવી ટેવોથી જ તમારો કાયમી સ્વભાવ બને છે. આ સ્વભાવ તમારું ચારિત્ર્ય ઘડે છે. તમારા આ ચારિત્ર્યના પરિણામ સ્વરૂપે જ તમારું ભાગ્ય અને ભવિષ્ય નિર્માણ થાય છે. તેથી આ બાબત બરાબર સમજી લો. યાદ રાખો અને તેને અનુલક્ષીને જ વિચારો અને કર્મો કરો. તમારા આંતરિક વિચારો જ તમારા અંતિમ ભાગ્યનાં બીજ છે તેથી વિચારો અને લાગણીઓનું કાળજીપૂર્વક જતન કરો. ઉમદા રીતે અને ગુણાત્મક દૃષ્ટિએ વિચારો તો જ તમે સાચા સજ્જન કે સન્નારી બની શકશો. મહાનતા આપોઆપ તમારી પાછળ આવશે અને તમારું જીવન ફળદાયી બની જશે. તમે વાંચો છો અને અભ્યાસ કરો છો તે બધાં પુસ્તકો કરતાં, તમારા બધા જ પાઠ અને પરીક્ષાઓ કરતાં, જીવનની બધી જ વસ્તુઓ કરતાં સદ્‌ગુણની ખિલવણી એ વધારે મહત્ત્વની બાબત છે, પરમસુખ પ્રાપ્ત કરવાનો આ એક જ માર્ગ છે : ભલા બનો અને મહાન બનો.

વ્યવસાયની પસંદગી

હવે આ તબક્કે તમારે, વ્યવસાયની પસંદગી કરતાં પહેલાં વ્યવસાય એટલે શું તે અંગે એક જુદી જ દૃષ્ટિએ વિચારવું જોઇએ. વ્યવસાય એટલે તમે જે સમાજમાં રહો છો તે સમાજના વિકાસ અને કલ્યાણમાં તમે આપેલો ફાળો.

સજીવ માત્રના લાભ અને કલ્યાણ માટે તમે કરેલી સેવા અને તમે કરેલું સમર્પણ એનું નામ વ્યવસાયી જીવન. તેનાથી થતો આર્થિક ફાયદો એ મુખ્ય નહીં, પણ ગૌણ બાબત ગણાવી જોઈએ. એક બાબત સ્પષ્ટ રીતે સમજી લો કે સમર્પણ અને પાયાનો જે આદર્શ છે તે સેવા, તે બંનેની તુલનામાં આર્થિક લાભ ગૌણ ગણાવો જોઈએ. જો આમ ન થઈ શકે તો માનવી સાચા અર્થમાં માનવી નથી, તે માનવ સ્વરૂપે ફરતું ઢોર છે અથવા કહો કે ઘેટાના વેશમાં છુપાયેલું વરુ છે.

તમારું સામાજિક જીવન પણ નાદાની ભરેલું, દુરાચારી, ખર્ચાળ મનોરંજનયુક્ત અને મોભાના ભ્રમથી ભરેલું ન હોવું જોઈએ. વ્યક્તિનું સામાજિક જીવન આત્મીયતા, કરુણા અને વહેંચીને ખાવાની ભાવનાથી ભરેલું, સર્જનાત્મક અને રચનાત્મક હોવું જોઈએ. પરમકૃપાળુ પરમાત્માએ જે સમાજમાં તમને જન્મ આપ્યો છે તે સમસ્ત સમાજના સર્વ જીવોના કલ્યાણ અને સુખ માટે તમારું જીવન નિમિત્તરૂપ બનવું જોઈએ.

**તમે વિશિષ્ટ વ્યક્તિ છો**

તમે વિશિષ્ટ અને અદ્વિતીય છો. ઈશ્વરની નજરમાં તમે વિશિષ્ટ છો. ઈશ્વરે તમને જે કાર્ય માટે અહીં મોકલ્યા છે તે કાર્ય કરવા માટે કોઈ પણ સ્થળે કે સમયે કોઈ પણ વ્યક્તિ તમારું સ્થાન લઈ શકે નહીં. સ્થળકાળના તે સંદર્ભે તમે એકદમ અનિવાર્ય વ્યક્તિ છો તેથી ઈશ્વરે તમને કોઈ ચોક્કસ કાર્ય કરવા જ અહીં મોકલ્યા છે એમ સમજીને આનંદથી રહો અને ઈશ્વરનો આભાર માનો.

જે કાર્ય તમને સોંપાયું છે તે કેટલું સારું કરો છો તે મહત્ત્વનું નથી. કોઈ પણ પળે તમે તમારી શક્તિ પ્રમાણે કાર્ય કરો એટલી જ ઈશ્વરની અપેક્ષા છે. જંગલમાં હાથી મોટું લાકડું લઈ જાય છે તેમ એક કીડી પણ કરે અથવા તો ખુલ્લા આકાશમાં જેમ પક્ષીઓ ઊડે છે તેમ હાથી પણ ઊડે તેવી ઈશ્વરની અપેક્ષા નથી જ. પક્ષીઓ ઊડે તેવી ઈશ્વરની ઈચ્છા છે અને તે ઊડે છે માટે ઈશ્વરને તે ખૂબ ગમે છે. હાથી જંગલની શોભા બની રહે અને તાકાત ભરેલાં કામો કરે તેમ ઈશ્વર ઈચ્છા છે. માણસ માત્ર માણસ જ બની રહે એટલી જ ઈશ્વરની અપેક્ષા છે. સૌ પોતપોતાના ક્ષેત્રમાં પોતાના ભાગે આવેલું કાર્ય કરતાં રહે અને તે દ્વારા ઈશ્વરની સૃષ્ટિનિર્માણની યોજનામાં પોતાનો ફાળો આપતાં રહે તેનાથી જ ઈશ્વર પ્રસન્ન થાય છે. બસ, આટલું જાણો અને કરો તો તમે સાવ ચિંતામુક્ત થશો.

**સ્વામીજીનું પ્રિય કાવ્ય**

**"છોડશો નહીં."**

જ્યારે ન બનવાનું બને, અને તેવું તો બનશે જરૂર,
જ્યારે તમારો માર્ગ ઉબડખાબડ હોય,
જ્યારે મૂડી થોડી અને દેવું વધારે હોય,
જ્યારે તમારે હસવું હોય પણ નિસાસા નાખવા પડે,
જ્યારે ચિંતા તમને સતત સતાવતી હોય
ત્યારે આરામ કરો જરૂર, પણ છોડશો નહીં.
જિંદગી વાંકીચૂકી, વળાંકવાળી અને વિચિત્ર છે
એવું કેટલીયવાર આપણને બધાંને લાગે છે.
અને અનેક વાર નિષ્ફળતા સાંપડે છે.
વિજયની તૈયારી હોય ને પરાજય સાંપડે છે.
ગતિ ભલેને ધીરી હોય પણ છોડશો નહીં.
બીજા પ્રયત્ને કદાચ સફળતા મળી પણ જાય.
આંતરદૃષ્ટિએ જુઓ તો સફળતા એ નિષ્ફળતા જ છે.
શંકાનાં વાદળોને પણ ચળકતી રૂપેરી કોર હોય છે.
તમે કેટલા નજીક છો તેની તમને ક્યાં ખબર છે?
તે જ્યારે દૂર દેખાય ત્યારે અતિ નજીક હોય છે.
પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ સંગ્રામ ચાલુ રાખજો.
વિષમમાં વિષમ પરિસ્થિતિમાં પણ છોડશો નહીં.

- અજ્ઞાત

# કૃષ્ણાવતાર

**શ્રી સ્વામી ચિદાનંદજી**

ઉજ્જવળ આત્મા! શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના ઉપકારક અને મંગળમય દિન પ્રતિ જેમ આપણે આગળ વધતા જઈએ છીએ તેમ એક અસાધારણ પ્રકારના દિવ્ય અવતરણ તરફ આગળ વધી રહ્યા છીએ. એક દૃષ્ટિએ અસાધારણ એટલા માટે છે કે આ પરમાત્માના અવતરણ પ્રસંગે જેટલા નકારાત્મક સંજોગો ભેગા થયેલા તેટલા કલ્પનાતીત સંજોગો બીજા એવા કોઈ પ્રસંગે એકઠા થયા નહિ હોય. આદિ નારાયણ ભગવાન શ્રીકૃષ્ણ તરીકે અવતર્યા ત્યારે બધું જ અદિવ્ય, બધું જ તામસિક અને રાજસિક, બધું અનાધ્યાત્મિક અને આસુરી કેમ સાથે થયું તે માટે આપણને આશ્ચર્ય થયા સિવાય રહે જ નહિ.

બીજી બાજુ કહે છે કે ભગવાન બુદ્ધના આવિર્ભાવ સમયે બધું મંગળમય અને સુંદર બની રહેલું. ફૂલો ખીલી ઊઠે તેવી ઋતુ ન હતી, છતાં ફૂલઝાડ ફૂલથી લદાઈ ગયેલાં, ફળઝાડ પર ફળ લચી રહ્યાં, સરોવરોમાં કમળો ખીલી ઊઠેલાં. નદીઓનાં ડહોળા પાણી સ્ફટિક શુદ્ધ થઈ વહેવા લાગેલાં. સઘળું વાતાવરણ પુષ્પોના પમરાટથી તરબતર થઈ ગયેલું. ભગવાન રામ પણ આશ્ચર્યજનક, મંગળ પરિસરમાં મહેલમાં જન્મેલા.

ભગવાન કૃષ્ણ તો આથી વિરુદ્ધ અતિ અદિવ્ય, અનાધ્યાત્મિક, અપશુકનિયાળ સંજોગોમાં જન્મેલા. તેઓનો જન્મ કારાગારમાં થયેલો; તેમનાં માતા-પિતા બંને દીવાલો સાથે સાંકળથી બાંધેલાં હતાં, તેમના હાથમાં બેડી હતી. તેમની કોટડીઓ બંધ અવરજવર વગરની હતી, સળિયાઓ જડેલી અને પાશવી પહેરેગીરોથી રક્ષિત, તાળાબંધ હતી. શ્રાવણ માસની મધ્યરાત્રિ હતી. કાળું ડિબાંગ અંધારું હતું; આકાશ વાદળઘેરું હતું અને ધોધમાર વરસાદ વરસતો હતો. આમ, ભગવદ્ગીતા જેને અમંગળ ગણાવે છે તે બધું - રાત્રિનો સમય, વદ પક્ષ, દક્ષિણાયનનો સૂર્ય - હાજર હતું.

ભગવાન કૃષ્ણના જન્મ સમયે આમ બધું અપશુકનિયાળ હતું. આવા તદ્દન અમંગળ સંજોગો હોવા છતાં, અંતમાં દિવ્યતાનો ઝળહળતો વિજય થયો. જે બધું વિરુદ્ધ પડતું હતું, બધાં આસુરિક પરિબળો જે વારે-ઘડીએ ખૂબ નિશ્ચયપૂર્વક આ અવતારને અટકાવવા તૈયાર હતાં તેના પર જીત મળી. એક ધ્યાન ખેંચે તેવી બાબત એ હતી કે આવા અતિ દારુણ, અમંગળ, પ્રતિકૂળ, આસુરી, અંધારપટવાળા સંજોગો હોવા છતાં, કોઈ આશાનો તંતુ નજરે ન પડતો હોવા છતાં, દેવકી અને વસુદેવે કદી શ્રદ્ધા ગુમાવી ન હતી.

તેમને પૂરી ખાતરી હતી કે આ અવતારની વિરુદ્ધનાં બધાં પરિબળો હોવા છતાં દિવ્ય અવતાર સઘળાંને પરાસ્ત કરશે. તેમના હૃદયમા પરમ શ્રદ્ધા હતી; તેમના મનમાં દેવે આપેલ વચનનો પૂરો વિશ્વાસ, આસ્થા અને ભરોસો હતો. આ વચનને લઈને બધા વિરુદ્ધ સંજોગો સાથે તેઓ ઝઝૂમ્યાં અને કદી શ્રદ્ધા ન ગુમાવી. ઈશ્વરમાં તેમને પૂરો ભરોસો હતો તેથી બધા આકરા સંજોગોમાંથી તેઓ અણિશુદ્ધ બહાર નિકળ્યાં અને અંતે ભગવાનના પોતાના હાથે મુક્તિ મેળવવા ભાગ્યશાળી થયાં.

આધ્યાત્મિક સાધકે, ભક્તે, મુમુક્ષુ આત્માએ ગમે તેટલા ઊલટા સંજોગો હોય, ભવિષ્ય ગમે તેટલું અંધકારમય ભાસતું હોય તો પણ અટળ શ્રદ્ધા જાળવી રાખવા માટેનો આ કદાચ દૃઢ ઈશારો છે, કારણ જો તમે સમગ્ર શ્રદ્ધાથી, વિશ્વાસથી અને ભક્તિથી લાગ્યા રહો અને દિવ્ય આદેશોનું અક્ષરક્ષઃ પાલન કરો તો અંતે વિજય તમારો છે. બધી અડચણો દૂર થઈ, મુક્ત બની, ભગવત્સ્વરૂપ પામશો. ભગવાન કૃષ્ણ જાતે કારાગ્રહ પર પધાર્યા, બેડીઓ છોડી નાખી અને મા-બાપને મુક્ત

**અનુસંધાન પાના નં. ૨૪ ઉપર**

# પરમ તત્ત્વની પધરામણી

**શ્રી સ્વામી ચિદાનંદજી**

પ્રકાશવંત અમર આત્મા! પરમ તત્ત્વની પધરામણી વિષે આપણે આજે વાત કરવાના છીએ. આજકાલ આશ્રમના સદસ્યો આશ્રમને સાફસૂફ કરી ઘસી, ભૂંસી, રંગ-રોગાન કરી સરસ, સમગ્ર ઉઠાવ આપે તેમ કરવામાં લાગી ગયા છે. આપણે એક મહત્ત્વની સાંસારિક મહાન વ્યક્તિને આપણા આંગણે આવકારવા માટે આ તૈયારી કરી રહ્યા છીએ.

તો પછી એક પરમ વ્યક્તિ, અંતરિક્ષના દેવાધિદેવ, વૈશ્વિક આત્મા એવા પરમાત્મા આપણા જ જીવનમાં પધારવાના હોય ત્યારે એક યોગી, એક સાધક, એક આધ્યાત્મિક જિજ્ઞાસુ તેમને સત્કારવા માટે કેટલી તૈયારી કરે? કેટલી વધુ? સો ગણી, હજાર ગણી, આત્મસુધારણાની તૈયારી કરે?

આ તૈયારી એટલે શું? આમાં શાનો સમાવેશ થાય? જે પરમ વ્યક્તિને આપણે પધરાવવા માગતા હોઈએ, જેનો અનુભવ આપણે મેળવવો હોય, જેની અંદર આપણે પ્રવેશવું હોય અને જેમાં સ્થિત થવું હોય તેની એક પ્રતિકૃતિ, તેની જ મૂર્તિ બનવા આપણે તૈયારી કરવી પડે.

જ્યારે એક દુન્યવી મહાન વ્યક્તિ, એક પ્રમુખ આપણે ત્યાં આવે ત્યારે તેના ઉચ્ચ સ્થાનના કારણે તે પ્રમુખને અનુકૂળ આવે તેવી પરિસ્થિતિને સર્જવાનો આપણે યત્ન કરીએ છીએ. આપણે સાફ-સૂથરું, ચોખ્ખું ચટ મકાન તેમને આપીએ છીએ. ફર્નિચર બદલી કાઢીએ; લાલ જાજમ પાથરીએ. તેઓને જે વસ્તુઓ અનુકૂળ હોય તે સઘળી બરાબર સરસ એવી જ ભલે ને ઉપલબ્ધ કરી શકીએ, છતાં આપણે પૂરી મહેનત કરી ઉત્તમ કોટિનું તો લાવીએ છીએ જ.

આ જ પ્રમાણે માનવ-જીવાત્માએ તેની ક્ષમતા પ્રમાણે મહત્તમ ઊંચાઈએ જવું જોઇએ. વ્યક્તિ કહેશે, ''હું વધુમાં વધુ આટલું કહી શકું - હે ભગવાન, મારી ક્ષમતાની સીમા આવી જાય તેટલી દિવ્યતાથી પ્રકાશવા હું યત્ન કરીશ. મારી ક્ષમતાની મર્યાદા આવી જાય તેટલા અંશે બધી બાબતોમાં હું આધ્યાત્મિક રંગે રંગાઈશ.'' શ્રીમદ્ ભગવદ્ગીતા ફરમાન કરે છે,: આસુરી દુર્ગુણોનો નાશ કરો; દિવ્ય લક્ષણો કેળવો, વિકસાવો અને વ્યક્ત કરો. તમારી ક્ષમતાની મર્યાદામાં રહી વધુમાં વધુ ઈશ્વર જેવા થવાય તેટલા થાવ. દરેક વ્યક્તિને ટોચની મર્યાદા હોય છે. ઈશ્વર આપણી ક્ષમતા પ્રમાણે બને તેટલું વધુ સારું કરી પછી બાકીનું 'તેના' પર છોડી દેવાનું કહે છે.

પરંતુ જો આપણે અંતિમ શ્રેષ્ઠ પરિણામ માટે યત્ન ન કરીએ, આપણું બનતું કરવામાં પાછા પડીએ તો આપણે નિષ્ફળ થયા ગણાઈએ. આપણે અપેક્ષા પ્રમાણે કરી શકતા નથી; આપણે અપેક્ષાને પામવાના યત્નમાં ઊણા પડીએ છીએ. આપણે યોગમાં પૂર્ણ નથી; આપણે 'કર્મસુ કૌશલમ્' (કર્મમાં કૌશલ્ય) પ્રદર્શિત કરવાનું ચૂકી ગયા છીએ. આપણી પાસે જેટલી અપેક્ષા રાખી હોય, આપણી ક્ષમતા વડે જેટલું શક્ય હોય તેટલું પણ ન કરીએ તો આપણે જરૂરિયાતને પહોંચવામાં નિષ્ફળ ગયા ગણાઈએ.

ઈશ્વર એવી અપેક્ષા ન રાખે કે આપણે રામકૃષ્ણ પરમહંસ દેવ બનીએ. આપણે ચૈતન્ય મહાપ્રભુ કે મીરાંબાઈ, પ્રહ્લાદ, ધ્રુવ, માર્કંડેય કે ભગીરથ બનીએ તેવી પણ તેની અપેક્ષા ન હોય, પરંતુ આપણી શક્તિ પૂરી લગાડી તે બધાની નજીક પહોંચવા, આપણી ક્ષમતાની મર્યાદામાં રહી પૂરેપૂરો યત્ન કરીએ તેટલું તો તે માગે જ.

આપણે રમણ મહર્ષિ ન થઇ શકીએ પરંતુ તેઓ જે હતા તેવાં લક્ષણો આપણામાં વિકાસ કરવા જરૂર

પ્રયત્ન કરી શકીએ. રાવણે પોતાનું માથું કાપી શિવજીને અર્પણ કર્યું તેવો આત્મત્યાગ આપણામાં ન હોય પરંતુ આત્મબલિદાન અને આત્મત્યાગમાં આગળ તો વધી જ શકીએ. આપણે આસ્સિસીના સંત ફ્રાન્સિસ ન થઈ શકીએ પણ તેના પગલે જરૂર ચાલી શકીએ. આપણા દરેક પાસેથી આ અપેક્ષા હોઈ શકે. આ બધાંએ આપણી પહેલાં જીવી જઈને આપણા માર્ગદર્શન માટે રેતીમાં પગલાં પાડ્યાં છે. માટે ઉત્સાહથી તેનું અનુકરણ કરો ! માપમાં અને ગુણવત્તામાં આપણે તેઓના સમકક્ષ ન બની શકીએ, પરંતુ અનુસરવા તો યત્ન કરી જ શકીએ.

આ જ છે આદર્શવાદનો અર્થ. ઉચ્ચ આદર્શો રાખો અને પછી તેનું અનુકરણ કરવા યત્ન કરો. મહાત્મા ગાંધી જેટલા અહિંસક થવા યત્ન કરીએ. વિનોબા ભાવે જેટલા સંયમી રહેવા પ્રયત્ન કરીએ. મીરાં જેટલા જ હિંમતવાળા બનવા યત્ન કરીએ. જેઓએ ધીરજ રાખી, પ્રાર્થના કરી; ખૂબ રાહ જોઈ તેમજ પ્રાર્થના કરી તેમના જેવા ધીર બનવા પ્રયત્ન કરીએ. આદર્શને અનુરૂપ થવા માટે પ્રયત્ન કરતા સાધક અને જિજ્ઞાસુનું પ્રમાણચિહ્ન છે. ''મહાન પુરુષોનાં જીવન આપણને આપણા જીવનને ઉદાત્ત બનાવવા માટે વારંવાર પ્રેરણા આપે છે''

તમારો આદર્શ કદી નિમ્ન ન કરશો. ભલે બધી રીતે તેને આચરવો મુશ્કેલ પડે છતાં આદર્શને નિમ્ન ન કરશો. ''મારાથી બનશે તેટલો બધો જ શક્ય પ્રયત્ન કરીશ'' - આમ કહો પણ તમારા આદર્શને નિમ્ન કરશો નહિ. આદર્શ બાબતમાં બાંધછોડ ન જ થાય, તમારી આધ્યાત્મિકતાને મોળી ન પાડશો.

આકાશમાં તારાને જ લક્ષ્યાંક બનાવો. સ્વામી કૃષ્ણાનંદજી કહેતા: ''શિયાળ પર નિશાન તાકી તેને મારવા કરતાં સિંહ પર નિશાન તાકી તેના શિકારમાં નિષ્ફળ જવું વધુ સારું.'' ઈશ્વર જેવા થવા યત્ન કરો. પૃથ્વી પર મહામાનવ જેમ ચાલ્યો. તમારી આધ્યાત્મિકતાની ગુણવત્તા હલકી ન પાડો. બોઝ જેટલા બહાદુર બનવું, ફ્લોરેન્સ નાઈટિંગેલ જેવા આત્મત્યાગી થવું, હરિશ્ચંદ્ર જેવા સત્યનિષ્ઠ થવું - આ આદર્શવાદનો અર્થ છે.

ગાંધીજી જેવા અહિંસક બનવા યત્ન કરો. બુદ્ધ જેવા ધીર બનવા આગ્રહી રહો. ઈસુ ખ્રિસ્ત જેટલા અનુકંપાશીલ બનવા મહેનત કરો. આવા થવા જશો તો કંઈક થશો. તમે જેવા બનવા શક્તિ ધરાવતા હશો, તેવા ઉદાત્ત તો થશો જ. આ કંઈ જેવી-તેવી લબ્ધિ ન ગણાય. આ કોઈ નાખી દેવા જેવી બાબત નથી. હીરા હો તો સર્વોત્તમ હીરા માફક ઝળકો. માણેક હો તો લાલ-ચણક જેમ પ્રકાશો. જો પન્ના હો તો સર્વશ્રેષ્ઠ પન્ના જેમ પ્રકાશો. એક પન્નાનો પ્રકાશ હીરા જેવો હોવાની આશા ન રાખી શકાય. માણેક પન્ના જેવા ન હોય પણ શ્રેષ્ઠ માણેક તો હોઈ શકે. આ જ પ્રકારે ત્યાગી બનો, વિરક્ત બનો, યોગી બનો, ભક્ત બનો, જ્ઞાની બનો, વિવેકી બનો, વિચારશીલ બનો, આત્મ-સંયમી બનો.

ભગવાનમાં શાંતિ હોવાની આપણે અપેક્ષા રાખીએ. બધી વસ્તુઓ સાથે એકરાગતા, સંતુલિતતા હોય, જ્યાં પૂર્ણ મૌનની અપેક્ષા રાખીએ. આવી સંવાદિતા અને મૌનમાં મોટું સૌંદર્ય સમાયેલું હોય છે. ત્યાં શાંતિ હોય અને જ્યાં શાંતિ ત્યાં આનંદ હોય. તમે બધું થવા યત્ન કરો. સુમધુર સ્વભાવ કેળવો; અન્ય સાથે સુમેળ સાધો. આસપાસના જીવન સાથે સુમેળવાળા થવા યત્ન કરો. સંજોગો સાથે સુસંગત થવા યત્ન કરો.

''હું બીજા જોડે સુમેળ સાધવા લાગું, હું અન્યને અનુકૂળ થાઉં, અન્ય સાથે સમન્વય સાધું, સુનમ્ય બનું તો મારી શી દશા થાય? હું એક મોટું મીંડું બની રહું.'' હા - વેદાન્ત તમને શૂન્ય બની રહેવા જ કહે છે. તમે અલોપ થઈ જાઓ તેવું વેદાન્ત ઈચ્છે છે. વેદાન્ત કહે છે કે તમે શૂન્ય બની રહો, કશું જ ન રહો. આમાં સર્વશ્રેષ્ઠ ભલાઈ છે. જાતને ભૂલો, વિશ્વને પામો. આમ, તમે સર્વ કાંઈ પામશો. જાતને, જીદ કરી

વળગી રહેશો તો સઘળું ગુમાવશો. જીવન ન્યોછાવર કરે તે શાશ્વત જીવન પામે; આ જીવનને ચોંટી રહેશો તો આધ્યાત્મિક મૃત્યુ પામશો.

આધ્યાત્મિક જીવનની આ વિરોધોક્તિ છે. જેઓ આ 'અલ્પ હું' ને વળગે છે તે આધ્યાત્મિક મૃત્યુને વરે છે. જેઓ 'અલ્પ અહં'ને છોડે છે તેમને શાશ્વત જીવન વારસામાં મળે છે. તેથી જ શ્રીકૃષ્ણ ચૈતન્ય મહાપ્રભુજીએ કહ્યું છે : ''ઘાસનાં તણખલાંથી નમ્ર અને વૃક્ષથી વધુ સહનશીલ'' - વૃક્ષ તડકો, ટાઢ, વરસાદ, સૂર્ય, આંધી, કચરો બધું જ સહન કરી લે છે, છતાં છાંયડો આપતું રહે છે. ફળ, ફૂલ અને જાતે પણ હોમાય છે. તે સઘળું સહન કરતાં કરતાં પોતાનું સર્વસ્વ અર્પે છે. તેને જે પાળે-પોષે તેને તો વૃક્ષ આપે જ છે પણ જે કુહાડી લઈ તેની ડાળો, અરે તેનાં મૂળને પણ છેદે છે તેને પણ બળતણ આપે જ છે. ખતમ થઈ જાય ત્યાં સુધી આપ્યા કરે છે. ''નમ્ર અને વિનીત નસીબવંત છે, કારણ સ્વર્ગનું સામ્રાજ્ય તેઓનો વારસો છે.'' જેટલું પકડી રાખશો તેટલું ગુમાવશો. જેટલું છોડી દેશો તેટલું તમે પામશો.

એક કવિએ કહ્યું છેઃ ''જેણે વાસના તજી, જેને કશાની અપેક્ષા નથી તે શાહોનો શહેનશાહ છે.'' ગુરુદેવ આવા એક શાહોના શહેનશાહ હતા. ચૈતન્ય મહાપ્રભુએ નિર્દેશન સહનશીલતા તેમનામાં આપણે જોઇ શકીએ છીએ. ''ઘાસનાં તણખલાંથી પણ વધુ નમ્રતા'' આપણે તેમનામાં જોઇએ છીએ. મહાપ્રભુના પ્રસિદ્ધ શ્લોકોનું ત્રીજું ચરણ 'અમાનીના માનદેન' - અન્યને માન અને આદર આપવામાં તેમને આપણે હંમેશ ખુશી અનુભવતા જોઇ શકતા. આ રીતે ઈશ્વરમાં જે ગુણધર્મો આપણે આરોપીએ, તે આધ્યાત્મિકતામાં, દૈવી તત્ત્વમાં, દૈવી ગુણોમાં બરાબરી કરતાં આપણે તેમને અનુભવી શકીએ છીએ.

યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં હાજરી આપવા આવનાર સંતો અને માનનીય મહેમાનોનાં પાદપ્રક્ષાલન શ્રીકૃષ્ણે કર્યાં. શ્રીકૃષ્ણે પોતાના જ શિષ્ય અર્જુનના એક સાધારણ સારથિ તરીકે રથ હાંક્યો. સારથિએ યુદ્ધના દિવસના અંતે ઘોડાને નવડાવવા અને થયેલ જખમોને સાફ કરવાના હોય છે. હજારો સૈનિકોના દેખતાં શ્રીકૃષ્ણે આ ફરજ બજાવેલી. આ સૈનિકોએ તેમની મશ્કરી કરી હશે, ઉપહાસમાં હસ્યા હશે. તેનો તેમને ક્ષોભ ન હતો અને આ કંઇ એકાદ વખતની વાત ન હતી. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અઢાર દિવસ તેઓશ્રી રથ હાંકતા સારથિ બની રહ્યા.

ભગવાન કૃષ્ણના શાળાના ગરીબ સખા સુદામાને તેમની પત્નીએ પરાણે ભગવાન પાસે માગવા જવા ફરજ પાડેલી એમ કહીને કે ''તમારે કૃષ્ણ પાસે પોતા માટે ન જવું હોય તો પણ તમારા કુટુંબ ખાતર જાવ, શ્રીકૃષ્ણ રાજા છે. ધનવાન છે. તમને જોઈએ તે તેઓ આપી શકે તેમ છે'' - ત્યારે પણ ભગવાન કૃષ્ણ તે બાલ-સખાના પગ ધૂએ છે. ફાટલાં-તૂટલાં કપડાં પહેરી, ગરીબ, નમ્ર, નિષ્કંચન, ભૂખે ટળવળતો તે સખા મહેલ પર આવે છે અને જ્યારે ભગવાન સાંભળે છે કે સખા આવ્યો છે ત્યારે તેને વધાવવા તેઓ દોડે છે. પોતાના નોકરને મોકલતા નથી, પણ તેઓ જાતે તેને આવકારે છે, હાથ પકડીને લઈ જાય છે અને પોતાના સિંહાસન પર બેસાડી. પોતે નીચે બેસે છે.

આવા ખાસ યાદ ન આવતા પરંતુ ખૂબ જાણીતા પ્રસંગો આપણે કેટલી સહેલાઈથી ભૂલી જઈએ છીએ ! સાધનામાં, આધ્યાત્મિક જીવનમાં આવા પ્રસંગો જ સારભૂત છે. સામાન્ય વાચકો કે ભક્તોને તે સ્પર્શ ન કરે, પરંતુ આવા પ્રસંગો સાધકો માટે ખાસ મહત્ત્વના છે. ઈસુએ કહેલું, ''હું તમને જેવી રીતે પ્રેમ કરું છું તે જ રીતે તમે અન્યોન્યને ચાહો.... જે વ્યક્તિ પોતાના મિત્ર માટે જીવન અર્પણ કરે છે, તેનાથી કોઈ વ્યક્તિ વધુ પ્રેમાળ ન ગણાય.'' પોતાનું જીવન સમર્પણ કરી ઈસુએ ઉદાહરણ

પૂરું પાડ્યું. તેઓએ કહેલ છે, ''ભગવાનને ચાહો અને જાત માટે જે પ્રેમ ધરાવો છો તેવો પ્રેમ પડોશી પ્રત્યે વહાવો.'' આવો ભગવદ્-ભાવ ચૈતન્ય મહાપ્રભુમાં પણ દર્શનીય છે.

એક રાતના ગાળામાં કોઈ દેવ બની જતો નથી. દિવ્ય સ્વભાવ વિકસાવવો તે કંઈ ચમત્કાર નથી, તે કોઈ ક્રાન્તિ નથી. કોઈ રડ્યાખડ્યા, અપવાદરૂપ કિસ્સામાં, એકાદ કરોડમાંથી કોઈ એક એવો નીકળે બાકી તો આ એક ઉત્ક્રાંતિની પ્રક્રિયા છે – ધીમી, સ્થિર, દિવસ-રાત, પુષ્પની પાંખડીઓ જેમ વિકસે છે તેમ રાતના મૌન-શાંત સમય દરમિયાન અસર વરતાયા વગર, દેખાવમાં આવ્યા સિવાય, અદશ્યપણે; અલક્ષિત આ પ્રક્રિયા થાય છે. ધૈર્યપૂર્વકની મહેનતથી, અવિરત, દઢતાપૂર્ણ, મન દઈને અને ઉત્કંઠાથી, લગનથી, ઊંડા લગાવથી, ખૂબ પ્રાર્થના અને પ્રભુચરણે સમર્પણ કરી કરવાની આ ક્રિયા છે.

બેધ્યાન લોકોના સંઘમાં તકેદારીવાળો, ઊંઘતા લોકો વચ્ચે જાગ્રત રહેતો, આળસુ વ્યક્તિઓના સમૂહમાં ઉદ્યમી, હરહંમેશ યત્નશીલ, રસ્તાની બાજુ પર બેઠેલા ઢીલા અને આળસુ લોકો વચ્ચે થઈ એક-એક ડગ મૂકી ઊંચે ચઢતો યોગી સાધક તેમજ ભગવદ્-ભક્ત સિદ્ધિ મેળવી જીવન સફળ કરે છે. આ કહેવાય સાધના. આને આધ્યાત્મિક જીવન કહે છે.

જ્યાં છો ત્યાંથી શરૂ કરો. ઈશ્વરે નિર્ધાર્યું હોય તેવા તમારા પોતાના આધ્યાત્મિક કુટુંબમાં રહો અને તમારો ઉત્કર્ષ સાધતાં જીવો. ભગવાને તમને આપેલ સંજોગો જ તમારા માટે સૌથી શ્રેષ્ઠ છે. તેને જ આ બાબતનું મહત્તમ જ્ઞાન છે અને તેથી તમને તેણે તમારી જરૂરિયાત મુજબ આપ્યું છે. આ સત્યનો સ્વીકાર કરવાનો છે અને ઈશ્વર સાચો છે તે સ્વીકારવાની નમ્રતા જરૂરી છે. ''હું ખોટો હોઈ શકું, મને ખબર ન પણ પડે, પણ પ્રભુ જાણે જ છે અને જો તે સંજોગો બદલવા ચાહે તો તેને કેમ કરવું તે પણ તેને ખબર છે.'' ભગવાન ભૂલી જશે કે કદાચ ભૂલ કરી બેસશે એવી કોઈ ચિંતા કરવાની જરૂર નથી.

માટે ઈશ્વરે જે સંજોગોમાં તમને મૂક્યા છે તેનો ઉપયોગ કરી તમારી પરિસ્થિતિ સાથે સુમેળ સાધો. પ્રભુએ તેનાં અમાપ જ્ઞાન, પ્રેમ અને ન્યાયને અનુસરી જે લોકો વચ્ચે તમને મૂક્યા છે તેની સાથે હળીમળી પ્રેમને વિકસાવી રહો. ભગવાનની ઈચ્છા કશુંક અલગ કરવાની હશે તો તેમ કરવાની તેનામાં તાકાત છે, કારણ ઈશ્વર સર્વશક્તિમાન, સર્વજ્ઞ અને સર્વવ્યાપી છે. ''આમ જુઓ ! હું મૂંઝવણમાં પડ્યો છું. તમે આવો, મને સંભાળી લો!'' – આમ પ્રભુને પોકારવાની આવશ્યકતા નથી. ઈશ્વરને ક્યાંય પહોંચવું પડતું નથી. તે તો તમારી બધી પરિસ્થિતિમાં તમારી વચ્ચે જ છે. ભલે તેને તમે બોલાવો પણ તેમને આહ્વાન આપવું ન પડે. તે તમારી સાથે જ છે.

તેથી તમારી અહીંની અને અત્યારની વર્તમાન પરિસ્થિતિને સર્જતાં જે બધાં પરિબળો છે તેમાં જ પ્રેમભરી દયા, ધૈર્ય, સહિષ્ણુતા, સહનશક્તિ, એકરાગતા, પ્રાર્થનાશીલતા અને તમારી પાસે જે કંઈ છે તેનું મહત્ત્વ સમજી તેને ચાહવાનું શરૂ કરો. તેનું તીવ્ર રસાસ્વાદન કરવા લાગો. આ વિજય, ફત્તેહ, જીત એ આધ્યાત્મિક બળના ઘટકો છે. ત્યાર બાદ આપમેળે વધુ મળી રહેશે. જે માને છે કે તેના પાસે જોઈતું છે, તે વધુ પામે છે; કારણ તેમની પાસે છે તેનું મૂલ્યાંક્ન તેણે કર્યું છે અને તેના વડે જ તે પુષ્ટ થવા લાગ્યો છે. પછી ઈશ્વર કહે છેઃ

''બરાબર, હવે ઠીક; તેણે તેનું સાચું મૂલ્યાંકન કર્યું છે. હવે તેને વધુ આપું.'' પછી તમે છલકાઈ જશો તેટલું મળશે.

ગુરુદેવનો આ સેવક ઉપલું બધું કહી રહ્યો નથી. આવું કહેવાઈ રહ્યું છે. આમ, વીસમી સદીના

બળ તરીકે તમે જે વારસામાં મેળવ્યું છે, જમાનાઓનું જ્ઞાન જે તમારી મૂડી છે તેની જ તમને અહીં યાદ આપી રહ્યો છું. તમારી મિલકત તમને અર્પણ. આપણે ઘણી વાર આપણી પાસે હોય તેના પર ધ્યાન દેવાનું અવગણીએ છીએ, આપણે તેને ભૂલી જઈ, બેધ્યાન થઈ તેને બાજુ ઉપર રાખીએ છીએ. ફરી એક વાર તમારી જીવનના કેન્દ્ર-સ્થાને તે વસ્તુને સ્થાપવાની જરૂર છે. ભગવાન દિન પ્રતિદિન આ બાબત જ તેની ઈચ્છારૂપે કરી રહ્યો છે. તમારું છે તે જ તમે પામી રહ્યા છો. કદાચ તમે તે વાત વિસરી ગયા હશો કે પછી તેનું મૂલ્ય જાણી શક્યા નથી.

આ પ્રકારે પ્રભુ પોતાનું દર્શન આપે છે, પોતાનો પ્રેમ પ્રગટ કરે છે. તમારે આ વાત સમજવી જોઈએ. જ્ઞાન પ્રભુનો પ્રેમ છે. કષ્ટ અને ક્લેશ પ્રભુનો પ્રેમ દર્શાવે છે. પ્રભુના પ્રેમના લીધે ઉત્ક્રાંતિનો મોકો મળે છે. ઈશ્વરનો અનુગ્રહ હોય તો આધ્યાત્મિક પ્રગતિની સુવિધા મળી રહે. ઈશ્વરના અનુગ્રહથી ગંગા કિનારે જીવન વીતાવવાનું મળે.ઈશ્વરનો પ્રેમ છે તેથી શિવાનંદ આશ્રમમાં જિંદગી ગાળો છો. પ્રભુનો પ્રેમ હોય તો, તેનો ઊંડો સ્નેહ હોય તો, તેનો મહાન અનુગ્રહ હોય તો યોગ, વેદાન્ત, કર્મયોગ અને ધ્યાનનો અભ્યાસ શક્ય બને. તે ઈશ્વરની પણ સંપત્તિ છે.

પ્રભુનો પ્રેમ હોય તો તેના નામ-રટણનો મોકો મળે અને બીજું બધું તો ઠીક, પણ હાલનો જે આધ્યાત્મિક બંધુ-ભાવ સહસાધકો અને ભક્તો સાથે માણી રહ્યા છો, તે ઈશ્વરનો મહાન અનુગ્રહ જ છે. આધ્યાત્મિક લોકો, જિજ્ઞાસુઓ, સાધકો, યોગીઓ, ભગવદ્ભક્તો, ધર્મપ્રેમીઓ, અને આદર્શવાદ તેમજ સાત્ત્વિક વલણ ધરાવતી વ્યક્તિઓનો સંગ કોઈ સાધારણ બાબત છે? એ તો પૃથ્વી પરનું સ્વર્ગ ગણાય. એ પ્રભુનો ઉપહાર છે. તમારા પર ઈશ્વર અઢળક પ્રેમ વરસાવે છે તે આ વાત દર્શાવે છે.

"જેને કાન હોય તે સાંભળો, આંખવાળા જુઓ. જિજ્ઞાસા હશે તો પામશો." એમ કહીને હું પૂરું કરીશ, ભગવાન તમારા સૌનું કલ્યાણ કરે! તે આશિષ તો તમને મળેલી જ છે. તેના ઉપકારો તમે સમજો તેવી તેની આશિષ રહો. સર્વે દિશામાંથી તમારા પર ભગવાનનો પ્રેમ અને અનુગ્રહ અઢળક બની તમને આવરી લે. ઈશ્વર તમને એવા ઉપકૃત કરે કે તમે સમજી જાવ કે તમે કેટલું બધું મેળવ્યું છે અને તમારામાં આ દાનને ઓળખવાની વૃત્તિ આપે, જેથી તમે તેનો આનંદ માણી શકો અને તે બધી ઈશ્વરદત્ત બક્ષિસોનો તમે સર્વોચ્ચ અને સર્વોત્કૃષ્ટ ઉપયોગ કરી શકો!

**(દાન પાના નં. ૪૫ ઉપરથી ચાલુ)**

કરવાનું મન ઉપર છોડશો નહિ. તમારી આવકનો ૧/૧૦ કે ૧/૨૦મો ભાગ દાનમાં આપવાનો નિશ્ચય કરો. તમે જો આટલો ભાગ ન આપી શકો તો તમે આપી શકો તેવો બીજો કોઈ ભાગ દા.ત. ૧/૩૦ નક્કી કરો. ઘણા લોકો આ પ્રમાણે કરે છે. આ લોકોમાંના એક મહારાજ પન્નાલાલ, સ્વ. સ્વામી પ્રશાંતાનંદ હતા. જ્યારે તેઓ એક મિલમાં કામદાર તરીકે કામ કરતા હતા ત્યારે તેમને પગાર મળે કે તરત જ તેનો નિયમ ભાગ તેમના ગુરુ સ્વામી શિવાનંદજીને મોકલી આપતા.

ગુરુદેવ કહેતા : દુઃખી માનવજાતને પીડામાંથી મુક્ત કરવા માટે પુષ્કળ પ્રમાણમાં સ્વયંસ્ફુરિત અને નિરંકુશપણે દાન કરવું તે માનવની દુષ્ટ પ્રકૃતિનો નાશ કરવાનો અસરકારક ઈલાજ છે. પાણીની માફક પૈસા આપો. જો તમે આમ આપ્યા કરશો તો આખી દુનિયાની સંપત્તિ તમારી થઈ જશે. સંપત્તિ તમારી તરફ આવશે. કુદરતનો આ અચળ, અચૂક, અતૂટ નિયમ છે. માટે આપો, આપો, આપો ! ભગવાન તમારું ભલું કરે.

# દાન

**શ્રી સ્વામી ચિદાનંદજી**

**દરેક માસે અથવા દરરોજ તમારી શક્તિ પ્રમાણે દા.ત. દર રૂપિયે પાંચ કે દસ પૈસા પ્રમાણે નિયમિત દાન કરો**

આ સૂચન ખાસ કરીને જે લોકો ધંધો અથવા નોકરી કરતા હોય, કમાતા હોય અને જેમની નિયમિત સ્થિર આવક હોય તેમના માટે છે. તેઓ તેમનો ખર્ચ તેમજ બચતની અગાઉથી ગોઠવણ કરી દાન માટે કેટલીક રકમ બાજુ પર રાખી શકે છે. તેઓ જે કંઈ કમાય તે સંબંધી પૂ. ગુરુદેવ કહે છેઃ ''ફક્ત તમે તમારા ખર્ચ અને બચતનો વિચાર ન કરો પણ બચતનો કેટલોક ભાગ દાન તેમજ જરૂરિયાતવાળાને આપવા માટે જુદો રાખો.'' બચત જરૂરી છે અને ખર્ચ કરવો અનિવાર્ય છે, પણ દાન કરવું એ તો અતિ-અતિ આવશ્યક છે. ખૂબ જરૂરનું છે. બીજાને આપવાથી સહાનુભૂતિ વિવેક, સમજ, વહેંચીને આપવાનો ઉત્સાહ, માયાળુપણું અને કરુણા વગેરે સદ્‌ગુણો જીવનમાં ઊતરે છે. તે વ્યક્તિના સ્વભાવને ઉદાર બનાવે છે. હૃદયને વિશાળ બનાવે છે અને તેથી આધ્યાત્મિક પ્રગતિ અને વિકાસ માટે ખૂબ ખૂબ મદદ રૂપ બને છે.

માટે પૂ.ગુરુદેવ ભારપૂર્વક કહે છે : ''તમારી શક્તિ પ્રમાણે દરેક માસે કે બની શકે તો દરરોજ દાન કરો.'' તમારી દાન કરવાની શક્તિ તમારા હૃદય (તમારી વૃત્તિ) અને તમારી પરિસ્થિતિ પર પણ આધાર રાખે છે. તમારે એવો પતિ હોય જે તમે કોઈને કંઈ આપો તો તેનો સખત ઝઘડો કરીને વિરોધ કરતો હોય તો તમારે થોડુંક સાવધાન થવું ઘટે, થોડુંક બુદ્ધિથી કામ લેવું પડે. તમારે કોઇ એવી પત્ની હોય જે દાન આપવાની વિરોધી હોય અને જ્યારે તમે કોઈને કંઈક દાન આપો કે તરત જ કજિયો કરે ત્યારે પણ તમારે ડહાપણ વાપરી વર્તવું પડે. આમ, જો કોઈ આવી સમસ્યા ઊભી થાય તો સખાવત ચાલુ રાખી મુસીબતનો કેમ ઉકેલ લાવવો તે તમારે જાણવું પડે. આવી બધી વસ્તુઓ વ્યક્તિના સામાન્ય વિવેક, ડહાપણ અને હૃદયની સચ્ચાઈ પર આધાર રાખે છે.

સખાવત-દાન કરવાના ઘણા લાભ છે. ખ્રિસ્તી ધર્મમાં કહ્યું છેઃ ''સખાવત પાપોના સમુદાયને ઢાંકે છે''. અહીં સખાવત એ મર્યાદિત અર્થ આપવાના અને વહેંચીને ખાવાના અર્થમાં છે, પરંતુ સખાવતનો બીજો વ્યાપક અર્થ પણ છે. માફ કરો અને ભૂલી જાઓ. તમારા માટે જે ખરાબ ઈચ્છતા હોય કે તમારું બગાડવા ચાહતા હોય તેમનું પણ સારું ઈચ્છો, સારું કરો. આ એક પ્રકારની સખાવત જ છે. આ સખાવતનો સદ્‌ગુણ છે. કોઈને જરૂરી વસ્તુઓ આપવી એવા ફક્ત સીમિત અર્થના બદલે, તકનો લાભ ઉદારતાપૂર્વક વાળવો. તમારી ક્ષમા તથા સહિષ્ણુતા, શુભેચ્છા તેમજ સદ્‌વર્તનનો લાભ બીજાઓને આપવો તે પણ સખાવત જ છે. બીજાનો ન્યાય તોળવાની અનિચ્છા દર્શાવી ઉદાર સ્વભાવ અપનાવવો બીજામાં ન હોય તેવાં અનુમાન અને હેતુનું આરોપણ કરવામાં ન જોડાવું, કોઈ વ્યક્તિની સચ્ચાઈ પર અવિશ્વાસ કરવામાંથી મુક્ત રહેવું - આ પણ સખાવતના જ પ્રકાર છે, નહિતર તમે હંમેશાં બીજાનો દોષ જોતા રહો, શક ધરાવતા રહો અને તે તમારા માટે કલ્પિત ખરાબ હેતુ ધરાવે છે તેવી માન્યતા રાખતા હો તો તમારા તે વ્યક્તિ સાથેના સંબંધો બગડશે. જો ઉદાર સ્વભાવ હશે તો આવું નહિ બને. ઉદાર સ્વભાવના પરિણામે તમે કોઈના ઉપર દોષારોપણ કે બીજા ખરાબ છે તેવી માન્યતામાંથી મુક્ત રહી શકશો.

જો તમે તમારી આવકનો નિયત ભાગ દાનમાં આપતા હશો તો તે ખૂબ સારી વાત છે. આ નક્કી

અનુસંધાન પાના નં. ૪૪ ઉપર

# ગૃહસ્થીઓને સલાહ

**શ્રી સ્વામી ચિદાનંદજી**

તમારું ઘર ભગવાનનો આવાસ છે. ભગવાનનું સ્મરણ કરનાર તમને બધાને ધન્ય છે. જે ઘરમાં ભગવાનની પ્રતિષ્ઠા કરી તેની પૂજા-ઉપાસના કરવામાં આવે છે તેમને ધન્ય છે.

ભગવાનને પોત-પોતાના ઘરમાં સત્તા માનો તથા પોતાના કાર્યક્ષેત્રમાં તમારો સાથી માનો. સમય ઝડપથી પસાર થઈ રહ્યો છે. નામ-રૂપ નષ્ટ થઈ રહ્યાં છે. જે વ્યક્તિ જાગૃત નથી તે પોતાના અમૂલ્ય જીવનને કંઈ પણ મેળવ્યા વગર નષ્ટ કરી દે છે. દરેક દિવસ જાગૃત તથા ઉત્સાહદાયક બને તે ખૂબ જરૂરી છે. આપણે પોતાના ભૌતિક જીવનના અંતિમ દિવસનું સ્વાગત પ્રફુલ્લ મને હસતાં હસતાં કરીએ. આપણી સમગ્ર સત્તા શાંતિથી ભરપૂર હોવી જોઈએ. ભગવાનનું વિસ્મરણ એક પળ માટે પણ ન થવા દો. તમારા હોઠ અહર્નિશ ભગવાનનો જપ કરતા રહે.

સાચી શાંતિ તથા યથાર્થ આંતરિક પ્રકાશનો માર્ગ છે - સંતોના ઉપદેશોનું પાલન. સંતજનો આપણને સરળ, કરુણામય અને સંતોષ આપતું જીવન જીવવાનો તથા આપણી કામવાસનાઓને સીમિત કરવાનો ઉપદેશ આપે છે. ઉદાત્ત વિચાર, ચિંતન તથા નિષ્કપટ ટેવો પારલૌકિક જીવનમાં ધન્યતા તથા પ્રસન્નતા મેળવવા માટે ચાવીરૂપ છે. તમારા ક્રોધ, લોભ તથા ઈન્દ્રિયોની એષણાઓ ઉપર નિયંત્રણ રાખો. શુચિતા તથા ઉદારતાના ગુણોનો વિકાસ કરો. દરેક ક્ષણે પ્રભુસ્મરણ કરો. તમારા ઘરને ભગવાનનું પવિત્ર મંદિર માનો. સાંસારિક વાર્તાલાપોમાં જોડાઈ સમય ન બગાડો. સદા પ્રફુલ્લ રહો. તમારાં સંતાનોને પણ આ રીતે જીવન જીવવાનું શિક્ષણ આપો. તમારાં સંતાનોને આપેલું આ શિક્ષણ તેમના માટે ખૂબ મૂલ્યવાન બક્ષિસ હશે. તમે તમારા જીવનને એવું આદર્શમય બનાવો કે તમારાં સંતાનો તેનું અનુકરણ કરે અને ત્યારે તમારું ઘર સ્વર્ગ બની જશે.

તમે સદ્‌ગુણોથી પૂર્ણ ધર્મમય તથા આદર્શ જીવન જીવો. તમારા જીવનમાં મુખ્ય તત્ત્વ છે - દાનશીલતા, નિર્ધન તથા રોગી લોકોની સેવા, વડીલો તથા અતિથિઓની સેવા અને પાડોશીઓ તરફ પ્રેમ. તમે દરરોજ ભગવાનની પૂજા કરો. સુખ તથા પ્રસન્નતાના રૂપમાં તમારી આવકનો નિયત ભાગ સમાજને આપો. શુદ્ધ તથા સરળ જીવન વ્યતીત કરો. આવા જીવનથી તમને સફળતા તથા પ્રસન્નતા મળશે.

એક વાતને બરાબર સમજી લો કે પારિવારિક જીવન માત્ર એક સાંસારિક ભાગીદારી નથી. તેને આધ્યાત્મિક ભાગીદારીમાં ફેરવી નાખવી જોઈએ. આવા પારિવારિક જીવનમાં પતિ-પત્ની બન્નેએ ભગવત્-તત્ત્વનું સંશોધન કરવું જોઈએ. તમારું ઘર એક સાધના મંદિર છે. દૈનિક પ્રાર્થના, પૂજા તથા હરિનામના સંકીર્તન દ્વારા ઘરને ભગવાનનું મંદિર બનાવી દો. આવું ઘર વાસ્તવિક રીતે વૈકુંઠ છે. ધર્મની મર્યાદા સાચવો તથા તમારા દૈનિક જીવન દ્વારા ભગવાનને ગૌરવશાળી બનાવવા શુદ્ધતા તથા સત્યવાળું પૂર્ણ જીવન જીવો.

જીવન જીવવામાં સદા સરળતાને મહત્ત્વ આપો. ફેશન તથા ઉચ્છૃંખલતાથી બચો. ફેશન શાંતિ તથા પ્રસન્નતાની શત્રુ છે. પતિ-પત્ની બન્ને મળીને ભારતીય સંસ્કૃતિના સાચા આત્માને પ્રકટ કરો. પત્નીઓ પોતાને સાવિત્રી તથા સીતાની માફક પતિવ્રતા સ્ત્રીઓના રૂપમાં વિકાસ કરે. પતિ મર્યાદાપુરુષોત્તમ શ્રીરામની માફક એક પત્નીવ્રતના પાલનનો મહત્ત્વનો સંકલ્પ કરે. આવાં બધાનાં જીવન પવિત્રતા તથા સદ્‌ગુણોના પ્રકાશથી ચમકી ઊઠો. પતિ-પત્ની શ્રદ્ધાપૂર્વક તથા પૂર્ણ નિષ્ઠાથી એકબીજાને પ્રેમ કરે. લગ્ન પવિત્ર છે. ઘર પવિત્ર છે. પત્નીઓ પોતાના વડીલો, મહેમાનો, વિદ્વાનો તથા સાધુ-સંતોની સેવા કરે. પતિ-પત્ની બન્ને નિર્ધનોને અનુકૂળતા પ્રમાણે સહાય કરે.

તમારું ઘર ભગવાનનું પવિત્ર મંદિર બને. ત્યાં ભગવાનના નામના ઉચ્ચારનો ધ્વનિ સંભળાતો રહે. ત્યાં પવિત્ર ધર્મગ્રંથોનો સ્વાધ્યાય અથવા પાઠ થતો રહે. ત્યાં દરરોજ અવશ્ય પૂજા કરવામાં આવે. અગરબત્તી, આરતી વગેરેની શુદ્ધિદાયક સુગંધથી આખું ઘર પવિત્ર થઈ જાય. આવું જીવન તેમજ આવું ઘર હોય તો દંપતીને સમૃદ્ધિ, ઉન્નતિ, સફળતા અને પ્રસન્નતાની પ્રાપ્તિ થશે.

ભગવાનમાં આસ્થા રાખો અને સદા તેનું સ્મરણ કરો. તમારાં કર્મ યોગ્ય વિધિથી કરો. સત્ય અને ભલાઈના માર્ગ ઉપર ચાલો. સદા યાદ રાખો કે તમારામાં અને તમારી ચારે તરફ ભગવાનની હાજરી છે. તે તમારી અંદર નિવાસ કરે છે. સાચું જીવન જીવવાનો અર્થ છે - પ્રતિદિન ઈશ્વર તરફ ગતિ. ભગવાન તમને આશીર્વાદ આપો.

ભગવાન માટે જીવન જીવો; ભગવાનમાં સ્થિત થઈને જીવો. પોતાનાં બધાં કાર્ય પૂજાભાવથી કરો. ધર્મ પર આધારિત કર્મ જ કરો. દરેક ફરજ પુનિત છે. કર્તવ્યપરાયણતા એ સર્વોચ્ચ ઈશ્વરોપાસના છે. તમે સેવા, દાન, પૂજા, જપ, સ્વાધ્યાય તથા ભગવવાનું સતત સ્મરણ કરતાં કરતાં ધર્મમય સદાચારયુક્ત જીવન વ્યતીત કરો.

ભગવાન વિનાનું જીવન સાચે જ મૃત્યુ છે. જો જીવનમાં ભગવાનનો અભાવ હશે તો સમગ્ર સંસારની સંપત્તિના સ્વામી બનવા છતાં સાચા સુખની આશા કરી શકાતી નથી. તે ઘર સાચે જ વૈકુંઠ છે જ્યાં, શાંતિ છે, ધર્મગ્રંથોનો સ્વાધ્યાય કરવામાં આવે છે, ભગવન્નામનું કીર્તન કરવામાં આવે છે અને પરિવારના સભ્યો સંપથી રહે છે. દરરોજ ભગવાનનું કીર્તન કરીને તમારા ઘરને વૈકુંઠ બનાવી દો.

ઈશ્વરાર્પણ સાચી શાંતિ તથા સાંત્વનાનો ઝરો છે. સંતોષ સાચું ધન છે. તમે ભગવાનના આ દિવ્ય ધનને મેળવવાનો પ્રયત્ન કરો. તમે સદ્‌ગુણોથી યુક્ત, ભક્તિથી પરિપૂર્ણ, નિઃસ્વાર્થ, પરોપકાર તથા કર્તવ્યપરાયણતામય ધાર્મિક તથા શ્રેષ્ઠ જીવન જીવો. તમારા ઘરને ભગવાનનો આવાસ તથા આધ્યાત્મિક પ્રગતિનું સ્થળ બનાવો. પતિ -પત્ની એ વાતને બરાબર સમજે છે કે સદ્‌ગુણોની પૂર્ણતા તરફ તથા આધ્યાત્મિક ઈશ્વરસાક્ષાત્કાર તરફ આગળ વધતી વખતે તેઓ બન્ને એક આધ્યાત્મિક સંસર્ગથી પરસ્પર જોડાયેલાં છે. એક પત્નીવ્રત તથા પતિવ્રતાનો આદર્શ તેમના પરસ્પરના સંબંધો તથા ગૃહસ્થજીવનને ઉચ્ચ બનાવો.

પતિ-પત્ની બન્ને સદ્‌ગુણોથી પૂર્ણ ધર્મમય જીવન વ્યતીત કરે. બીજાને પ્રસન્ન કરવાથી જ સાચી પ્રસન્નતા મળે છે. સેવા, પ્રાર્થના તથા પૂજાથી શોભિત આદર્શ જીવન ગાળતાં તેઓ સમાજની સામે એક આદર્શ રજૂ કરે. તેઓ નિર્ધનો અને રોગીઓની સેવા કરે. એક ગૃહસ્થ માટે આ આદર્શ જીવન છે.

લગ્નનું મોટું મહત્ત્વ છે. તે માનવની મૂળ પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ રાખે છે અને તેને આધ્યાત્મિક બનાવે છે. ગૃહસ્થાશ્રમમાં જ વ્યક્તિ પોતાના આંતરિક વ્યક્તિત્વને કેળવતાં અને પોતાના ચારિત્ર્યનું નિર્માણ કરતાં શીખે છે. સ્ત્રી અને પુરુષના આ નૈતિક તથા આધ્યાત્મિક મિલનની આધારશિલા પર સંપૂર્ણ સમાજના ઢાંચાનું નિર્માણ થાય છે. લગ્ન એ ઉચ્ચતર જીવનની તૈયારી છે. આ તથ્યને કદી પણ ભૂલો નહિ. પતિ-પત્ની પોતાને એક જ પરમાત્માનાં સંતાનો સમજે. દૈવી ઈચ્છા પ્રમાણે તેના દિવ્ય લક્ષ્યને પૂર્ણ કરવા બંને સાથે જીવન વીતાવી શકે તે માટે લગ્ન દ્વારા નિકટ લાવવામાં આવ્યાં છે. પરમાત્મા સાથે એકરાગ થવા તથા દિવ્ય ઈચ્છાને સ્વેચ્છાએ વહેતી મૂકવી તે પતિ-પત્નીનો, સમ્યક્ આદર્શ હોવો જોઈએ.

પ્રસન્નતા પ્રાપ્ત કરવાની ચાવી છે - ભગવાનનું સતત સ્મરણ તથા બીજાનું કલ્યાણ કરવાની અભિરુચિ. બીજાંને પ્રસન્ન કરી પ્રસન્નતાનો અનુભવ કરો. વડીલો પ્રત્યે આદર, અતિથિનો સત્કાર, ધર્મનું આચરણ, પાડોશીઓ પ્રત્યે પ્રેમ તથા પરોપકાર એ ગૃહસ્થાશ્રમ-ધર્મનાં સારભૂત તત્ત્વો છે.

વડીલોની સેવા, પાડોશીઓ પ્રત્યે પ્રેમ, દાનશીલતા, સરળ જીવન, સત્યવાદીપણું, મન તથા

અનુસંધાન પાના નં. ૫૮ ઉપર

# અવતારી પુરુષ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ

શ્રીમતી રૂપા મજમુદાર

સદ્ગુરુદેવ સ્વામી શ્રી શિવાનંદજી મહારાજ કહેતા 'શાસ્ત્રો અનંત છે, જાણવાનું અનંત છે; જીવનકાળ ટૂંકો છે અને વિઘ્નો ઘણાં છે. તેથી જે સારભૂત તત્ત્વ છે તેને ગ્રહણ કરીને તેની જ ઉપાસના કરી લેવી જોઈએ. જેમ દૂધ અને પાણીના મિશ્રણમાંથી હંસ દૂધ ગ્રહણ કરીને જળ છોડી દે છે તેમ.'

આથી જ, ભારતીય અને વૈશ્વિક તત્ત્વજ્ઞાનને સમજાવવા ગુરુદેવે ૩૦૦ કરતાં વધારે પુસ્તકો લખ્યાં. આધ્યાત્મિકતા અને જીવનને રચનાત્મક બનાવતા દરેકે દરેક વિષય ઉપર ગુરુદેવે લખ્યું છે. તેમના લખાણનો વિષય કયો ? તો એમ જ કહી શકાય -જ્ઞાન. તેમણે આ પુસ્તકો દ્વારા સંપૂર્ણ સારભૂત તત્ત્વજ્ઞાન જગત સમક્ષ મૂક્યું છે અને પરમગુહ્ય શાસ્ત્રોનાં રહસ્ય સહજતાથી ખોલી દીધાં છે. આપણે જ આપણું કલ્યાણ કરી શકીએ. ઉદ્ધાર કરી શકીએ એવી ગુરુચાવી આપણા હાથમાં મૂકી દીધી છે.

વિશ્વપ્રેમ, નિષ્કામ સેવા, પવિત્રતા, દાનશીલતા, શાશ્વત સત્ય, દિવ્ય પ્રેમ, કરુણા, જપ, ધ્યાન, બ્રહ્મચર્ય, વૈરાગ્ય. આત્મસાક્ષાત્કાર જેવા શબ્દોને તેઓ શબ્દકોશમાંથી બહાર લાવ્યા અને પોતે જીવનમાં આચરી બતાવ્યા. ગુરુદેવનો તો જીવનમંત્ર જ હતો - પહેલાં આચરણ પછી ઉપદેશ.

ગુરુભગવાન સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજે ગુરુદેવના આદર્શોને આચરી બતાવવા આ પૃથ્વી પર અવતાર ધારણ કર્યો. દિવ્ય જીવન માત્ર આદર્શની વાતો કે પ્રવચનોનો વિષય માત્ર નથી, તે દેશ, ધર્મ, જાતિ, પંથ, સંપ્રદાયથી પર છે. તેનાથી માનવ-માનવ વચ્ચે આત્મિય સંબંધો રચી આદર્શ સ્થિતિનું નિર્માણ કરી શકાય છે. ભક્તો દિવ્ય જીવન જીવવા પ્રેરાય અને તેનું આચરણ કરીને પૂર્ણતા પ્રાપ્ત કરી શકે તે માટે અવતાર ધારણ કર્યો.

મહાનતા જન્મજાત હોય છે, કેળવણીથી આવતી નથી. સદ્ગુરુદેવ સ્વામી શ્રી શિવાનંદજી મહારાજે કહ્યું હતું કે, 'રાવસ્વામી (સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજનું પૂર્વાશ્રમનું નામ) જન્મથી જ સિદ્ધપુરુષ છે. આ તેમનો છેલ્લો જન્મ છે.' નાનપણથી જ તેમને ગરીબો અને દર્દીઓ માટે અપાર અનુકંપા હતી. પરોપકારવૃત્તિ અને નિઃસ્વાર્થ સેવા તેમના શ્વાસ-પ્રાણ હતા. તેઓ અલૌકિક શક્તિના દ્યોતક હતા. તેઓ જીવમાત્રમાં શિવના જ દર્શન કરતા. ગરીબ, પીડિત અને દર્દીઓની સેવા એમને મન સાક્ષાત્ નારાયણની સેવા હતી. સમૃદ્ધિની છોળો વચ્ચે રહીને પણ તેઓ અત્યંત સાદાઈથી રહેતા. નાનપણથી જ તેમણે જપ-ધ્યાન વગેરે યોગમાર્ગનાં સાધનોનો અભ્યાસ શરૂ કર્યો હતો. કાંચન-કથીર કે સુખ અને દુઃખ તેમને મન સરખાં હતાં. ઉપરાંત પરમતત્ત્વની પ્રાપ્તિ જ જીવનનું ધ્યેય છે તેવી દૃઢ પ્રતીતિ તેમને થઈ ગઈ હતી. આ ધ્યેયની પ્રાપ્તિ માટે આ મહામાનવે ૬ માર્ચ, ૧૯૪૩ના રોજ કુટુંબ અને સંસારનાં બંધનોની જંજીર તોડી. કાયમ માટે સંસાર છોડ્યો.

સ્વામી શ્રી વ્યંકટેશાનંદજી તેમની આ સ્થિતિનું વર્ણન કરતાં કહે છે : 'જે પામવાનું હતું તે તેમણે પામી લીધું હતું, હવે તેમને મેળવવા જેવું કશું બાકી નહોતું. તેમને કોઈ બંધન વળગેલું જ નહોતું કે જેને છોડવું પડે. એ સંસારી જીવ જ નહોતા કે તેમને સંન્યાસ લેવો પડે. તેઓ તો જન્મથી જ સંસારના બંધનથી પર નિરાસક્ત યોગી, પરમ સંન્યાસી અને મહાન સંત હતા જ.'

ભગવાનનો ઈશ્વરી પ્રેમ ગુરુ સ્વરૂપે આપણી વચ્ચે અવતાર લઈને મૂર્ત સ્વરૂપે પ્રગટે છે. પરમાત્મા તેજસ્વરૂપ છે, પરંતુ તેઓ તેજસ્વરૂપે કે અપાર્થિવ

વ્યક્તિત્વ લઈને આપણી સમક્ષ પ્રગટ થાય તો આપણે એમનું એ સ્વરૂપ સહન ન કરી શકીએ. માટે તેઓ આપણા જેવું જ શરીર ધારણ કરીને આપણી વચ્ચે આવે છે, જેને આપણે ગુરુ કહીએ છીએ. ગુરુ પરમાત્માનું જ પ્રત્યક્ષ સ્વરૂપ છે. જેમનો અવતાર ધારણ કરવાનો હેતુ એકમાત્ર આપણું કલ્યાણ જ છે. ગુરુભગવાન સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ સાક્ષાત્ નારાયણનું જ સ્વરૂપ છે. લોકો તેમને 'કરુણાવતાર', 'કરુણાસાગર', દયાવતાર', 'ગરીબોના ભગવાન' તરીકે પૂજે છે.

આપણે ગુરુભગવાન ચિદાનંદજીની વાત કરીએ છીએ ત્યારે આપણે એ ન ભૂલવું જોઈએ કે આપણે 'ચિદાનંદ' નામથી ઓળખાતા શરીરની વાત કરતા નથી, પરંતુ તેમના શરીરની અંદરની દિવ્યતાની વાત કરીએ છીએ. આપણે શરીરની અંદર શરીરના ભાન સાથે જીવીએ છીએ જ્યારે ચિદાનંદજી શરીરમાં પરમાત્મ-ચેતના સાથે રહેતા હતા. આપણે 'ચિદાનંદ' નામથી ઓળખાતા શરીરમાં રહેલા ભગવાનને અંજલિ આપીએ છીએ. તે શરીર તેમનું મંદિર હતું. માટે જ ચિદાનંદજી 'મનુષ્ય' ન હતા, પ્રત્યક્ષ પરમાત્મા સ્વરૂપ હતા. માટે જ તો સદ્ગુરુદેવ સ્વામી શ્રી શિવાનંદજી મહારાજ કહેતા, 'સ્વામી ચિદાનંદજીના જન્મદિવસની ઉજવણી એ પરમાત્માની ઉપાસના કરવા બરાબર છે.' તેઓ એક આદર્શ હતા. તેઓ અનંત પ્રેમ છે, પૂર્ણ નિષ્કામતા છે, ભગવદ્ચેતના છે, આત્મજ્ઞાનનો પ્રકાશ છે.

પોતાના સમસ્ત જીવન દરમિયાન ત્યાગ અને અપરિગ્રહ તથા સંપૂર્ણ સંન્યસ્તનું કઠિન જીવન જીવીને તથા તીવ્ર તપશ્ચર્યા કરીને સ્વયં આત્મસાક્ષાત્કાર કરીને આ જીવન નિરંતર સેવા અને અન્યને સુખી કરવા માટે જ છે, તે સિદ્ધ કરી બતાવ્યું છે.

ગુરુભગવાન ચિદાનંદજીના પૃથ્વી ઉપરના દિવ્ય જીવન દરમિયાન તેમના દરેક વિચાર, શબ્દ અને કર્મમાં તેમનું આત્મજ્ઞાન ટપકતું હતું. તેમનાં વિચાર-વાણી અને વ્યવહારમાં સંપૂર્ણ સંવાદિતા હતી. માટે જ એક પ્રસંગે ગુરુદેવ સ્વામી શ્રી શિવાનંદજી મહારાજે જણાવ્યું હતું કે : 'ચિદાનંદજીનાં વ્યાખ્યાન તેમના સંતહૃદયની સ્ફુરણા છે. તેમના અનુભૂત જ્ઞાનનું પ્રાકટ્ય છે.'

સ્વામીજી એક અસાધારણ વ્યક્તિ હતા. આ ધરતી પર હરતાફરતા, વાતો કરતા ઈશ્વર હતા. તેમનો ચહેરો સૌમ્ય, તેજસ્વી અને પ્રશાંત હતો. તેના ઉપર ભાગવત-ભાવનાનાં સ્પષ્ટ દર્શન થતાં હતાં. સૌને તેમણે શુદ્ધ પ્રેમ આપ્યો, દિવ્ય જ્ઞાન આપ્યું, દુઃખમાં દિલાસો આપ્યો. તેમનો સ્વભાવ અતિશય સરળ હતો. તેમની આસપાસ કરુણાનો પ્રકાશ પથરાતો હતો. તેમના જીવનમાં આપણે વૈશ્વિક કરુણાનાં દર્શન કરીએ છીએ.

અસ્સીસ્સીના સંત ફ્રાન્સિસની પ્રાર્થના જે ગુરુભગવાનને અત્યંત પ્રિય હતી, તે તેમના જીવનમાં સંપૂર્ણપણે મૂર્તિમંત થઈ હતી. જ્યાં તિરસ્કાર હતો ત્યાં પ્રેમ, જ્યાં હિંસા હતી ત્યાં ક્ષમા, જ્યાં શંકા હતી ત્યાં શ્રદ્ધા, જ્યાં નિરાશા હતી ત્યાં આશા, જ્યાં વેદના હતી ત્યાં આનંદ પ્રગટાવવામાં જ તેમણે તેમના જીવનની એક-એક ક્ષણનો ઉપયોગ કર્યો હતો.

સ્વામીજીએ સમસ્ત વિશ્વમાં ઉદ્ઘોષિત કર્યું કે, 'હે માનવ! જાગ! પોતાના સ્વરૂપને ઓળખ અને અમૃતત્ત્વની પ્રાપ્તિ માટે સચેત થઈ જા.' સ્વામીજી મહારાજને ભારતમાં જ નહિ, વિદેશમાં પણ સાધારણ તથા વિશિષ્ટ ઘણી વ્યક્તિઓ જાણે છે. તેનું મુખ્ય કારણ તેમની ભગવન્નિષ્ઠા તથા વિવેકસંપન્ન પરમોત્કૃષ્ટ વૈરાગ્ય જ છે. ગુરુભગવાને તેમના તેજસ્વી અસ્તિત્વ દ્વારા જગતને વધુ ને વધુ પ્રકાશિત કર્યું છે.

સ્વામીજીએ જીવન દરમિયાન નૈષ્કર્મયોગની એવી સમાધિ લગાવી કે જેના ફળસ્વરૂપ તેમના અંતઃકરણમાંથી શક્તિ અને પ્રકાશનાં કિરણો ફૂટ્યાં છે, જે વિશ્વભરમાં તેમના સહસ્રો શિષ્યોના રૂપમાં મૂર્તિમાન થઈ ગયા છે. તેમણે વિશ્વભરમાં પોતાના

મહાન ગુરુનો સંદેશ 'ઘરે ઘરે અને જન જન' સુધી પહોંચાડ્યો છે.


ગુરુભગવાનના પાવન ચરિત્રનું સ્મરણ કરવા માત્રથી મનનો મેલ ધોવાઈ જાય છે, અંધકાર મટી જાય છે તથા પ્રકાશનાં પાવન કિરણો અંતરને પ્રકાશિત કરવા લાગે છે. તેમના વ્યક્તિત્વમાં એક એવું આકર્ષણ હતું, તેમના દરેક અંગમાંથી એક એવી સૌમ્ય ચંદ્ર-જ્યોત્સ્ના ચોતરફ ફેલાતી હતી કે તેમના સાંનિધ્ય માત્રથી એક વિલક્ષણ આનંદના સ્પંદનની અનુભૂતિ થવા લાગતી હતી.

આપણે ગુરુભગવાનની જન્મશતાબ્દી ઊજવી રહ્યા છીએ ત્યારે તેમના પ્રતિ આપણી અસીમ શ્રદ્ધા વ્યક્ત કરવા માટે આપણે આપણી કામનાઓ અને અજ્ઞાનથી મુક્ત થઈએ તથા પૂજ્ય સ્વામીજીના ઉપદેશને વ્યવહારમાં લાવીએ. પરોપકારની મૂર્તિ અને પરમ ઉદાર સ્વામીજી મહારાજને તેમના જન્મશતાબ્દી અવસર પર આપણા શત શત પ્રણામ.

## શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે આગામી કાર્યક્રમો

| | |
|---|---|
| તા.૧/૯/૨૦૧૬ | શ્રાવણી અમાવસ્યા, લઘુરુદ્ર સવારે ૯.૦૦ થી સાંજે ૬.૩૦ વાગ્યા સુધી ભસ્મ આરતી સાંજે ૬.૪૫ વાગે, મહાપ્રસાદ ૭.૧૫ થી ૮.૩૦ સુધી |
| તા. ૫/૯/૨૦૧૬ | શ્રી ગણેશ ચતુર્થી – ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજના જન્મશતાબ્દી પ્રસંગ નિમિત્તે સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ શ્રી ગણપતિ હોમ અને વાસ્તુપૂજન |
| તા. ૫/૯/૨૦૧૬ થી તા. ૧૬/૯/૨૦૧૬ | શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૯મો રાજવિદ્યા રાજગુહ્યયોગ – વ્યાખ્યાન – પ્રવકતા : પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ, સાંજે ૫.૩૦ થી ૭.૩૦ |
| તા. ૮/૯/૨૦૧૬ | શ્રી સદ્ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજનો ૧૨૯મો પ્રાકટ્યોત્સવ અને પૂજ્ય શ્રી સ્વામી પવિત્રાનંદજી મહારાજના મહાસમાધિ દિવસ નિમિત્તે, પાદુકાપૂજન અને પ્રસાદ. સવારે ૮.૩૦ થી ૯.૩૦ વાગ્યા સુધી |
| તા. ૧૭/૯/૨૦૧૬ | સંગીતમય સુંદરકાંડ પારાયણ શ્રી ગોપાલરામ શર્માજી (રાજકોટ) દ્વારા સાંજે ૬.૦૦ થી ૮.૩૦ |
| તા. ૧૮/૯/૨૦૧૬ થી તા. ૨૩/૯/૨૦૧૬ | સુધી દરરોજ સાંજે ૬.૩૦ થી ૮.૩૦, સંતો, વિદ્વાનોનો સત્સંગ |
| તા. ૨૩/૯/૨૦૧૬ | સાધુસંતો માટે તથા મહાપ્રસાદ-ભંડારો સવારે : ૧૧.૦૦ વાગ્યે |
| તા. ૨૪/૯/૨૦૧૬ | સંગીતાંજલી : શ્રી નીતિન મુકેશ દ્વારા |
| તા. ૨૪/૯/૨૦૧૬ | ગુરુભગવાન શ્રીમત સ્વામી ચિદાનંદજી મહારાજનો ૧૦૧મો પ્રાકટ્ય દિવસ. સવારે ૮.૩૦ થી ૧૦.૦૦ સુધી શ્રી ગુરુપાદુકા પૂજન, નારાયણસેવા સાંજે ૬.૦૦ થી ૮.૩૦ સુધી 'ચિદાનંદમ્'નું લોકાર્પણ. સંતોના આશિર્વાદ |
| તા. ૨૫/૯/૨૦૧૬ | નૃત્યાંજલી સાંજે ૬.૦૦ થી ૮.૩૦ સુધી |
| તા. ૧/૧૦/૨૦૧૬થી તા. ૧૦/૧૦/૨૦૧૬ | શારદીય નવરાત્રી શ્રી યંત્ર તથા માતાજીના ઘટસ્થાપનની પૂજા, આરતી સવારે ૭.૦૦ કલાકે તથા સાયં આરતી ૭.૦૦ કલાકે. દરરોજ સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ શ્રીમદ્ ભગવદ્ગીતા પારાયણ તથા સાંજે ૪.૩૦ થી ૭.૦૦ શ્રી દુર્ગાસપ્તશતી (ચંડીપાઠ) પારાયણ. તા. ૯-૧૦-૨૦૧૬ના રોજ અષ્ટમી યજ્ઞ સવારે ૯.૩૦ કલાકે તથા કુમારિકા અને બટુકપૂજન સવારે ૧૧ કલાકે. ગરબા દરરોજ રાત્રે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે. |
| તા. ૨૮-૧૦-૨૦૧૬ | ધનતેરસના પવિત્ર દિવસે સામૂહિક લક્ષ્મીપૂજન શ્રી અષ્ટલક્ષ્મી ભવન ખાતે સાંજે ૭.૦૦ કલાકે. પૂજામાં ભાગ લેવા ઈચ્છુક ભક્તોએ અગાઉથી નામ નોંધાવવા વિનંતી. |
| તા. ૩૦-૧૦-૨૦૧૬ | દિપાવલી-શ્રી શ્રી શ્રી અષ્ટલક્ષ્મી તથા આદિશક્તિ માતાજીનો દિપાવલી અન્નકૂટ દર્શન સાંજે ૪.૦૦ થી ૮.૦૦ કલાકે. અન્નકૂટ માટે ભક્તો તરફથી નૈવેદ્ય આવકાર્ય છે તે માટે શ્રી અષ્ટલક્ષ્મી ભવનના પૂજારીજીનો સંપર્ક સાધવો. |
| તા. ૩૧-૧૦-૨૦૧૬ | નૂતનવર્ષ-અભિનંદન. સમય સવારે ૭.૦૦ થી રાત્રે ૯.૦૦ સુધી |

# પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીજીનો અક્ષરવાસ



આપણા ગુરુદેવ પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ હંમેશા પ્રમુખ સ્વામીજી મહારાજ માટે એમ કહેતા કે પ્રમુખસ્વામીજીનું દર્શન એટલે શ્રીજી મહારાજ ભગવાન શ્રી સ્વામિનારાયણનું દર્શન.

પૂજ્ય પ્રમુખ સ્વામીજી મહારાજ કરોડો હરિભક્તોનાં હૃદયમાં હતા. જ્યારે પ્રમુખ સ્વામીજીના હૃદયમાં સદા સર્વદા સ્વામી ચિદાનંદજી મહારાજ રહ્યા. તેઓ કહેતા સ્વામી ચિદાનંજી પધારે એટલે અમોને યોગી મહારાજ-શાસ્ત્રીમહારાજને મળ્યાનો રાજીપો થાય.

સ્વામિનારાયણ દ્વિશતાબ્દી જ્યારે અમદાવાદમાં ઉજવાઈ ત્યારે ત્રણ મોટા ઉત્સવ થયા, સ્વામિનારાયણ દ્વિશતાબ્દીનો મંગળ પ્રારંભ, અખિલ ભારત સંત સંમેલન અને સ્વામિનારાયણ પ્રદર્શન. આ ત્રણેય પાવન પ્રસંગોનું ઉદ્‌ઘાટન પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજના વરદ હસ્તે થયું. આ પ્રસંગના છ મહિના પહેલાં આઠ સંતોનું એક મંડળ સમગ્ર ભારતવર્ષના તમામ સંતોને રૂ-બ-રૂ નિમંત્રણ આપવા ગયું. શિવાનંદ આશ્રમમાં પણ આવેલા. સંતોનું ચિંતન એવું થયું કે મહાત્મા અગણિત છે. સંતશિરોમણિ તો સ્વામી ચિદાનંદજી મહારાજ છે. આવો પરસ્પર આત્મિય નાતો બંને મહાપુરુષો વચ્ચે હતો. આવી જ રીતે લંડનના ગુણાતીત દ્વિશતાબ્દી અને ન્યુયોર્કના ઉત્સવો પણ પૂજ્યશ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની પવિત્ર ઉપસ્થિતિમાં જ મંગળ પ્રારંભ થયા.

એકવાર પાળીયાદ બાપુનો રજત જયંતિ ઉત્સવ હતો, મારે લંડનથી સીધું રાજકોટ થઈને પાળીયાદ આવવાનું થયું. અમરા બાપુ કહે, તમારો ઉતારો વીરનગર. સભાનો સમય થયો હતો એટલે આપણે પહેલાં સભામાં ગયા. પૂજ્ય પ્રમુખ સ્વામીજીએ પોતાની પાસે જ બેસાડીને પૂછ્યું, ''ઉતારો ક્યાં છે?'' મેં કહ્યું, અમરાબાપુ વીરનગર રહેવાનું કહે છે, બાપા કહે 'ના જવાય; દોઢ કલાક થશે. ચાલો સાળંગપુર, તે માત્ર અડધો કલાક જ છે.' ''બાપા વહાલથી અમોને સાળંગપુર લઈ ગયા. હું અને ડૉ. ચિરાગ ત્યાં ત્રણ દિવસ રહ્યા. આ નિવાસ અવિસ્મરણીય છે. બાપા સવારે પૂજા કરે ત્યારે તેઓ માત્ર ને માત્ર શ્રી હરિકૃષ્ણ મહારાજ સામે એકલા જ બેસે; તે ઉપરાંત અમો બંને. બાપા કહે જો સ્વામી ચિદાનંદજી મહારાજે જે શાલ આપી છે ને તે ઓઢીને જ પૂજા કરીએ છીએ. રાત્રે તેમનાં શયન સમયે અમો બંને બાપાની ચરણ સેવા કરતા.''

પૂજ્યગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનાં જન્મ શતાબ્દી પર્વે પૂજ્ય બાપાને હૃષીકેશ પધારવા માટે નિમંત્રણ આપવા માટે હું એક વર્ષ પૂર્વે શાહીબાગ મંદિરે આવ્યો હતો. પૂજ્ય ઈશ્વર ચરણ સ્વામીએ મને રાત્રે અગિયાર વાગે આવવાનું કહ્યું હતું. સૌ મોટેરા સંતો પૂજ્ય બાપાના કક્ષમાં એકત્રિત થયા હતા. નિર્ણય લેવાયો અને ૪૩૫ સંતો તથા એકસોથી વધુ હરિભક્તો સાથે પૂજ્યબાપા પવિત્ર સમારોહમાં પધાર્યા. સંતોએ ત્રણ કલાક સુધી કીર્તન આરાધના કરી.

સમગ્ર વિશ્વમાં યુવાનોને વ્યસન મુક્ત કરી તેમાં ચારિત્ર્ય અને શીલ તથા સદ્‌ગુણોનું ઉપાર્જન અને દુર્ગુણોનું વિસર્જન કરવાનો એક મહાન યજ્ઞ પૂજ્ય પ્રમુખ સ્વામીજીએ કર્યો છે; પ્રમુખ સ્વામીજીએ અનેક મંદિરોનાં નિર્માણ દેશ વિદેશમાં કર્યાં છે, પરંતુ તે બધાંથી મોટું માનવને માનવતાનો પદાર્થપાઠ શિખવવાનો અકલ્પનીય પરીકલ્પ કર્યો છે. આજે બોચાસણ અક્ષરપુરુષોત્તમ સંસ્થામાં ૧૦૦૦ થી વધુ સુશિક્ષિત સાધુઓ છે, પરંતુ બે લાખથી વધુ યુવકો આ સાધુચરિત જીવન જીવી રહ્યા છે. સંસ્કાર સંસ્કૃતિ અને સૌજન્યની મંગલમૂર્તિએ ચીર વિદાય લીધી છે.

આજે પૂજ્ય પ્રમુખસ્વામીજી મહારાજનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલીન થયો છે. પરંતુ BAPSના પ્રત્યેક સંત, હરિભક્તોનાં અસ્તિત્વમાં પૂજ્યબાપા સદૈવ અમર રહેશે. જય સ્વામિનારાયણ.

# વહાલા બાલુકાકાનું પુણ્ય મહાપ્રયાણ



વહાલા બાલુકાકાનું પ્રાગટ્ય તા. ૨૩-૬-૧૯૧૬ના રોજ થયેલું. તેમના મોટાભાઈ શ્રી કૃષ્ણપ્રસાદ પ્રાણશંકર પંડ્યા અને આપણા શ્રી બાલકૃષ્ણ પ્રાણશંકર પંડ્યા બંને તેમના યૌવનમાં જ પવિત્ર ચારિત્ર્ય અને ભક્તિ-જ્ઞાનના માર્ગના યાત્રી. વડોદરાની સેન્ટ્રલ લાઈબ્રેરીમાં શ્રી વિનાયકમ્-ચેન્નઈનું 'My Magazine' નામનું માસિક આવતું. પૂજ્ય ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજને પણ માસિકની વચ્ચે આવતા પૂજ્ય ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજની લેખમાળા 'યોગ લેસન્સ ૧-૨-૩' વગેરેને વાંચીને જ પૂજ્ય ગુરુદેવ પ્રત્યે આકર્ષણ વધ્યું હતું.

સ્વાધ્યાયથી સત્સંગની ઈચ્છા થઈ અને બંને ભાઈઓ ઈ.સ. ૧૯૪૮માં પૂજ્ય ગુરુભગવાનના ચરણે તેમના પાવન દર્શનાર્થે હૃષીકેશ ગયા. ગુરુમંત્ર ધારણ કરી દિવ્ય જીવન જીવવાની માનસિક પ્રતિજ્ઞા કરી; સમગ્ર જીવન અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું જીવન જીવ્યા.

પૂજ્ય ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજની ૧૯૫૦ની શ્રીલંકા અને ભારતયાત્રા દરમ્યાન તેઓ વડોદરા પણ પધારે તેવા શુભ સંકલ્પથી; આ યાત્રા મંડળીનાં આગમન, નિવાસ અને કાર્યક્રમના આયોજન માટે ૧૯૫૦માં તેમણે તેમનું ઘર ગિરવે મૂક્યું હતું. તેમનાં પ્રથમ દર્શને ગુરુદેવે દિવ્ય ઉપદેશ આપતાં કહ્યું હતું 'Boys ! Do a lot of Japa' - બાળકો, ખૂબ જપ કરો. તેમનો ગુરુદેવ સાથે અખંડ પત્રવ્યવહાર હતો. તેમનાં ત્યાગ અને શરણાગતિએ ગુરુદેવનું ગુજરાતમાં આગમન થયેલું.

એકસોમા વર્ષમાં પ્રવેશ કરીને પવિત્ર શ્રાવણ માસમાં શુક્રવારે તા. ૫ ઓગસ્ટ, ૨૦૧૬ની સવારે પોતાનાં દૈનિક સ્નાન, ધ્યાન કરીને - ગંગાજળનું પાન કરી તેમણે ખૂબ જ શાંતિપૂર્વક મહાપ્રયાણ કર્યું. દિવ્ય જીવન સંઘ-ગુજરાતના ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજથી દીક્ષિત શિષ્યોની પરંપરામાં એક મહત્ વિરામ આવ્યો. એક દિવ્ય ચારિત્ર્યવાન સાધકોની શ્રેણીના યુગનું સમાપન થયું.

પૂજ્ય બાલુકાકાનો સ્થૂળદેહ ભલે ન હોય, પરંતુ અગણિત સાધકોના પ્રેરણામૂર્તિ બાલુકાકા જે તે સાધકોનાં હૃદયમાં સદૈવ ચિરંતન રહેશે. ૐ શાંતિ

**- સંપાદક**

### ૩૮મો યોગશિક્ષક આવાસીય-તાલીમ શિબિર

તા. ૧૧-૧૨-૨૦૧૬ થી ૩૦-૧૨-૨૦૧૬ સુધી ૩૮મો યોગશિક્ષક આવાસીય-તાલીમ શિબિર. જે યોગ પ્રેમીઓ પોતે પ્રારંભિક યોગાસનોનું જ્ઞાન ધરાવે છે; અને બીજાને શિખવવા ઈચ્છે છે અને અંગ્રેજી માધ્યમમાં જ્ઞાન સંપાદન કરી શકે છે તેઓને શિબિરમાં પ્રવેશ મળશે. પ્રવેશ માટે યુનિવર્સિટીનો સ્નાતક કક્ષાનો અભ્યાસ કરેલો હોવો જરૂરી છે. જેમનું શરીર સ્વસ્થ છે, જેઓ કોઈ પણ વ્યસનના વ્યસની નથી તેઓને પ્રવેશ આપવામાં આવશે.

દરરોજ સાડા અગિયાર કલાકનાં શિક્ષણમાં યોગાસનો, પ્રાણાયામ, મુદ્રા, બંધ, ક્રિયાઓ, શિથિલીકરણ ઉપરાંત તજજ્ઞ તબીબો દ્વારા શરીર વિજ્ઞાન અને આરોગ્યશાસ્ત્ર, ભગવદ્ગીતા, પાતંજલ યોગદર્શન , રેઈકી ડિગ્રી-એક અને બેનું જ્ઞાન સંપાદન કરાવવામાં આવશે. આ ગુજરાત યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત કરેલો સર્ટિફિકેટ કોર્સ છે. પ્રવેશ ઈચ્છતા મુમુક્ષુઓએ ૩૦ નવેમ્બર પૂર્વે પ્રવેશપત્ર ભરી લેવું. પ્રવેશપત્ર 'divyajivan.org' પરથી મેળવી શકાશે.

ॐ

## ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ

શિવાનંદ આશ્રમ, અમદાવાદ

સમય : દરરોજ સાંજે ૬-૦૦થી ૮-૩૦

૧. તા. ૧૭-૯-૨૦૧૬, શનિવાર ● શ્રી ગોપાલરામ શર્માજી દ્વારા - સંગીતમય સુંદરકાંડ પારાયણ

૨. તા. ૧૮-૯-૨૦૧૬, રવિવાર ● સાંજે : ૬ થી ૮-૩૦ ● ભક્તિ સંગીત અને સત્સંગ
સ્વામી ચિદાનંદજી સ્મૃતિ વ્યાખ્યાન
પ્રવક્તા : ૧. શ્રી પી. કે. લહેરી સાહેબ (IAS) ૨. ભાગ્યેશ જહા (IAS) ૩. શ્રી અજય ઉમટ (સુપ્રસિદ્ધ પત્રકાર)

૩ તા. ૧૯-૯-૨૦૧૬, સોમવાર ● સાંજે : ૬ થી ૮-૩૦ ● ભક્તિ સંગીત અને
સંત ભગવંત પૂજ્ય સાહેબદાદા અને અનુપમ મિશન, મોગરીના ભક્તો તથા મુક્તો દ્વારા સત્સંગ

૪ તા. ૨૦-૯-૨૦૧૬, મંગળવાર ● રાત્રે : ૮-૦૦ થી ૧૨-૦૦
સંગીતાંજલી : ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજના વહાલા ચિરંજીવી કલાકાર શ્રી નીતિન મુકેશ

૫. તા. ૨૧-૦૯-૨૦૧૬, બુધવાર ● સાંજે : ૬ થી ૮-૩૦ ભક્તિ સંગીત અને સત્સંગ
● શ્રી જય વસાવડા (ગુજરાતનું ગૌરવ અને લોકપ્રિય લેખક-વક્તા)
● પૂજ્ય શ્રી કૃષ્ણમણિ મહારાજ (પરમાધ્યક્ષ, શ્રી પ્રણામી મંદિર, જામનગર)

૬. તા. ૨૨-૯-૨૦૧૬ ગુરુવાર ● સાંજે : ૬ થી ૮-૩૦ ભક્તિ સંગીત અને સત્સંગ
● પૂજ્યપાદ શ્રી જિનચંદ્રજી મહારાજ, બંધુત્રિપુટી, તીથલ-વલસાડ
● પૂજ્ય દેવપ્રસાદ બાપુ (મહંતશ્રી, શ્રી આણંદાબાવા આશ્રમ, જામનગર)

૭. તા. ૨૩-૦૯-૨૦૧૬, શુક્રવાર ● સાંજે : ૬ થી ૮-૩૦ ભક્તિ સંગીત અને સત્સંગ
● પૂજ્ય શ્રીમત્ સ્વામી વિદિતાત્માનંદજી મહારાજ (પરમાધ્યક્ષ, અધ્યાત્મ વિદ્યામંદિર, તત્ત્વતીર્થ, અમદાવાદ)
● નિર્વાણ પીઠાધીશ્વર આચાર્ય મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી વિશોકાનંદજી મહારાજ (સંન્યાસ આશ્રમ)
● સવારે ૧૧.૦૦ વાગ્યે સાધુ મહાત્માઓ માટે ભંડારો

૮. તા. ૨૪-૯-૨૦૧૬, શનિવાર ● સવારે : ૮-૩૦ થી ૯-૩૦ પાદુકાપૂજન
● ૧૨-૦૦ કલાકે નારાયણ સેવા ● સાંજે : ૫-૩૦ થી ૮-૩૦

**'ચિદાનંદમ્'નું લોકાર્પણ**

● મંગલધ્વનિ-શહનાઈ વાદન (ગાયકવાડ બ્રધર્સ, વડોદરા)
● 'ચિદાનંદમ્' શ્રી સ્વામી ચિદાનંદ જન્મ શતાબ્દી સ્મૃતિ યોગ-સત્સંગ ભવનનું લોકાર્પણ
પૂજ્યપાદ જૂનાપીઠાધીશ્વર આચાર્ય મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી અવધેશાનંદજી મહારાજના વરદ હસ્તે
● ઉપસ્થિતિ : ૧. પૂજ્યપાદ નિર્વાણ પીઠાધીશ્વર આચાર્ય મહામંડળેશ્વર શ્રીમત્ સ્વામી વિશોકાનંદજી મહારાજ
૨. મહામહિમ રાજ્યપાલ (ગુજ.રાજ્ય) શ્રી ઓમપ્રકાશ કોહલીજી ૩. પૂજ્ય સ્વામી પરમાત્માનંદજી મહારાજ
૪. પૂજ્ય વિશ્વંભર ભારતી બાપુ ૫. શ્રી સ્વામી રામસ્વરૂપાનંદજી મહારાજ
૬. પૂજ્ય બાલકૃષ્ણદાસજી મહારાજ અને સંતો

# ભારતની સાંસ્કૃતિક વિરાસત એ જ દિવ્યજીવનની સંજીવની

ભાવનાબેન પંડ્યા, શિક્ષિકા ગાંધી વિદ્યાલય

(પ. પૂ. સ્વામી ચિદાનંદજી જન્મશતાબ્દી વર્ષમાં યોજાયેલ શિક્ષકો માટેની નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ નિબંધ - સંપાદક)

'' વિશ્વની ધરોહર આપણો ભારત દેશ છે.
ભારતની સંસ્કૃતિ સમગ્ર વિશ્વમાં મહાન.
બિનસાંપ્રદાયિકતા, પ્રેમ, સમર્પણ, કલ્યાણ ભારતની ઓળખ છે,
જે સુજલામ્-સુફલામ્ છે, ભારતવાસીને તેના પર નાઝ છે.''

જગત આજે અનેકવિધ સમસ્યાઓ-સંકટથી ઘેરાયેલું છે. તેમાંથી સૌથી મોટી સમસ્યા છે-અસ્મિતા એટલે કે સંસ્કાર શૂન્યતા, અવિનયીપણું, વિલાસીતા, સ્વચ્છંદતા વગેરે. જીવનમાં વ્યાપેલી આ શૂન્યતા ક્યાં અને કેવી રીતે દૂર થાય? તેનો જવાબ એક જ છે કે ભારતમાં જન્મેલ વ્યક્તિ પોતાના આધ્યાત્મિક પ્રયાસોથી આ સમસ્યા દૂર કરી શકે.

'दुर्लभं भारते जन्म।' ભારતમાં જન્મ મળવો એ દુર્લભ છે. ભારતમાં જન્મ લેવો એ મહાન ભાગ્યની વાત છે એના ભવ્ય દિવ્ય પરંપરાના વારસદાર થવાનો અધિકાર પ્રાપ્ત થાય એનાથી રૂડું બીજું કયું ભાગ્ય હોઇ શકે? અમેરિકન લેખક માર્ક ટ્વેઈન જણાવે છે કે
"India is a cultural millionair."

વીલ ડ્યૂરાં જેવો અમેરિકન ઈતિહાસકાર "Mother is all us." ભારતીય સંસ્કૃતિને 'વિશ્વગુરુ' તરીકે બિરદાવે છે. જર્મન ચિંતક શોપન હોવર નાસ્તિક હોવા છતાં પણ પ્રભુને પ્રાર્થતો:
"If there is existance of God. I Pray that my next birth should be in India."

ભારત પાસે સંસ્કૃતિની ચિરંતન પરંપરાનો અણમોલ વારસો-ખજાનો છે. આ દેશ પાસે જીવન તરફ જોવાની - અલૌકિક દૃષ્ટિ છે. જીવનને માંગલ્ય તરફ લઇ જવાની અજોડ ચાવી છે. અરે! આ લોહી-માંસના ગોળાને સત્-ચિત્ આનંદની અનુભૂતિ કરાવવાનું અદ્ભુત સામર્થ્ય તેની પાસે છે. આપણી પરંપરાના, વારસાના અમૂલ્ય ખજાનાનાં દર્શન કર્યા પછી માનવી પોતાની જાતને કૃતકૃત્ય સમજશે. ઋષિઓએ નિર્માણ કરેલી અને પિતરોએ ટકાવેલી આપણી સાંસ્કૃતિક પરંપરાના દર્શન કરીને આપણી છાતી ગૌરવથી ફૂલશે, સ્વાભિમાન જાગૃત થશે તેમજ અસ્મિતાથી નવજીવનનાં મંડાણ થશે.

સદ્વિચાર અને સત્સંસ્કાર એ કોઈ પણ સ્વસ્થ સમાધાની અને શાંતિપ્રિય સમાજના ઘડતરના પાયાના આધાર સ્તંભ છે. સાંસ્કૃતિક સિંચન, સમજણપૂર્વક માનવ ઈશ્વરાભિમુખ થાય, હૃદયનો ભાવ ચીમળાઇ ન જાય એ સદ્હેતુ જ આપણી સાંસ્કૃતિક વિરાસત છે અને એના દ્વારા જ માનવીનું જીવન દિવ્ય બને છે. માનવીની ઊર્ધ્વગતિ થાય છે.

**સંસ્કૃતિનો અર્થ - સમજ - વિશિષ્ટ લક્ષણો :-**

સંસ્કૃતિનો પ્રાણ એટલે ધર્મ. ધર્મ એ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રને ધારણ કરનાર ચાલકબળ છે.

- અગાધ માનવમનનું ખેડાણ એટલે સંસ્કૃતિ. પ્રત્યેક સમાજની પોતાની આગવી જીવનશૈલી. જે વિચારો, લાગણીઓ અને વર્તનને અપેક્ષિત ઘાટમાં ઢાળે છે.

સંસ્કૃતિ એટલે જીવન જીવવાની રીત કે પદ્ધતિ.

ભારતનું એ સૌભાગ્ય છે કે વિશ્વને ચિરંતન માર્ગદર્શન આપી શકે તેવી સંસ્કૃતિ એટલે વેદમાન્ય તેમજ વ્યાસમાન્ય સંસ્કૃતિ. સંસ્કૃતિ શબ્દ ઈતિહાસમાં વિશિષ્ટ અર્થમાં પ્રયોજાયેલો જોવા મળે છે. સંસ્કારિતાનાં

મૂલ્યો, બુદ્ધિ, કલા-કૌશલ્ય, વિચારો, પ્રક્રિયાઓ, માનવસમાજની ટેવોનો સમાવેશ સંસ્કૃતિમાં કરી શકાય. સંસ્કૃતિ શબ્દ ખૂબ જ વિશાળ છે. માનવમને ચિંતન કરીને અનેક લલિતકથાઓ, ચિત્ર, શિલ્પ, સાહિત્ય, તત્ત્વચિંતનની જુદી જુદી અનેક વિચારધારાઓ, ધાર્મિક-સામાજિક પરંપરાઓ, સ્થાપત્યકલાઓ તેમજ અનેકવિધ આર્થિક પ્રવૃત્તિઓ વિકસાવી. આ તમામ બાબતોનો સંસ્કૃતિમાં સમાવેશ કરી શકાય. સંસ્કૃતિની આ ઉષાએ ભારતમાં 'સત્' 'ચિત્' અને 'આનંદ'ની અનુભૂતિ કરાવી. સમગ્ર વિશ્વમાં મહત્ત્વની જો કોઇ સંસ્કૃતિ હોય તો તે ભારતની જ સંસ્કૃતિ છે.

ભારતની સંસ્કૃતિ એટલે સર્વાંગસુંદર, સર્વતોમુખી, ઉપયોગી, વ્યવસ્થિત અને આયોજનપૂર્વકની સંસ્કૃતિ. 'સંસ્કૃતિ' શબ્દ મુખ્યત્વે શિક્ષણ, સાહિત્ય, સંગીત, નૃત્ય, શિલ્પ, સ્થાપત્ય, હસ્તકલા વગેરે ક્ષેત્રોમાં ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરવાના સંદર્ભમાં વપરાય છે. ભારતની આ ઉત્તમ સંસ્કૃતિ જીવનને અલૌકિક દૃષ્ટિએ નિહાળનારી અને માંગલ્ય તરફ લઇ જનારી છે. ભારતની આ સંસ્કૃતિ એટલે ભાવના અને સંવેદનાની સંસ્કૃતિ. આ અદ્ભુત સંસ્કૃતિ જ્ઞાન, ભક્તિ અને કર્મની પણ છે. આપણી સંસ્કૃતિમાં પ્રેમ, અહિંસા, દયા, કરુણા, ન્યાય, નીતિ, સમજણ અને સંવાદિતા જેવાં તત્ત્વોનું અગત્યનું સ્થાન છે. વિશ્વમાં આગવું અને મહત્ત્વનું સ્થાન ધરાવતી આ સંસ્કૃતિનું ધ્યેય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. શાંતિ અને સહિષ્ણુતા એ ભારતીય સંસ્કૃતિની પહેચાન છે. હડપ્પીય સંસ્કૃતિ એનો જીવતો-જાગતો નમૂનો છે. ઉપનિષદની દરેક પ્રાર્થનાના અંતે આવતો ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ આ બાબતને અનુમોદન આપે છે.

ભારત એ બિનસાંપ્રદાયિક દેશ છે. દરેક ધર્મ, કોમ, જાતિની અનેક વિશિષ્ટતાઓ છે, એ દૃષ્ટિએ ભારત અનેકવિધ વિચારધારાઓનું સંગમતીર્થ છે. ભારતમાં જે પણ કોઇ પ્રજા આવી તેની સંસ્કૃતિઓનાં સારાં અને વિશિષ્ટ લક્ષણોને નિઃસંકોચ અપનાવી લીધાં. તેમજ પોતાની સંસ્કૃતિમાં સમાવી દીધા.

ભારતીય સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણો

- પ્રાચીનતા અને સાતત્ય
- વિવિધતામાં એકતા
- સહિષ્ણુતા
- આધ્યાત્મિકતા અને ભૌતિકવાદનો સંગમ

**ભારતમાં જોવા મળતી વિવિધ સંસ્કૃતિઓ :-** વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ ભારત એ વિશાળ દેશ છે. સિંધુ નદીની આસપાસના પ્રદેશમાં જે પુરાતન સંસ્કૃતિ ખીલી તે સિંધુ ખીણની સંસ્કૃતિ કહેવાય છે. દ્રવિડો તેના સર્જક મનાય છે. કુલ ૩૯ સ્થળોએથી પ્રાચીન અવશેષો ઉપલબ્ધ થયા હતા એમાં સૌપ્રથમ હડપ્પા સ્થળેથી અવશેષો મળ્યા, જેથી તેને 'હડપ્પીય સંસ્કૃતિ' કહે છે. આ જ વિસ્તારનું બીજું મહત્ત્વનું કેન્દ્ર 'મોહેં-જો-દડો'ની સંસ્કૃતિ તરીકે ઓળખાય છે. આ સ્થળોથી જે ઓજારો અને હથિયારો મળ્યાં તેમાં પથ્થર અને તાંબાનો ઉપયોગ થયો હોવાથી તેને 'તામ્ર પાષાણ યુગ'ની સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે. આ સંસ્કૃતિ લોખંડની શોધ થઇ તે પહેલાંની ઇ.સ. પૂર્વે ૨૦૦૦ વર્ષ જૂની છે. તેની વિશિષ્ટતા એ છે કે નગરના આયોજન વિશ્વના અનેક શહેરોનાં આયોજન કરતાં ચડિયાતાં હતાં. નાગરિકો સ્વચ્છતાના અને આરોગ્યના ઊંચા ખ્યાલવાળાં પાકી ઈંટોનાં મકાનો. મંદિરોના અવશેષો. મોહેં-જો-દડોની સંસ્કૃતિમાં શિવશક્તિ અને પ્રકૃતિની પૂજા કરતા હશે. આ સંસ્કૃતિની વિશિષ્ટતાઓમાં વ્યવસ્થિત પૂર્વ આયોજિત નગરરચના-નગરપાલિકા-ભૂગર્ભ ગટર યોજના. માટીનાં રમકડાંનાં ચિત્રો દ્વારા વ્યક્ત થતી વાત્સલ્યભાવના, કાંસાની નર્તકીની પ્રતિમા નૃત્યકલાનું સૂચન કરે છે. સૌન્દર્ય પ્રસાધનો, આભૂષણો વગેરે.

**લોથલ સંસ્કૃતિ :** ગુજરાતમાં ૧૯૫૪ થી ૧૯૬૦ દરમ્યાન ૧૦૦ જેટલાં સ્થળોએ પ્રાચીન અવશેષો પ્રાપ્ત થયા. તેમાં લોથલ કેન્દ્ર ખૂબ જ મહત્ત્વનું છે. ભોગાવો અને સાબરમતી નદીની વચ્ચેના પ્રદેશમાં

આવેલ લોથલ સમુદ્રથી ૧૮ કિમી દૂર છે. લોથલ નામમાં રહેલ 'લોથ' શબ્દનો તળપદો અર્થ લાશ એવો થાય છે. આ સંસ્કૃતિની વિશિષ્ટતાઓમાં માટીકામની વસ્તુઓ, હાથીદાંતની ચીજવસ્તુઓ, અલંકાર બનાવનાર કારીગરો અને મણિયારાની દુકાનો. લોથલ બંદરવાળું નગર વેપારી પ્રવૃત્તિથી ધમધમતું હશે એવું મનાય છે. ધોળાવીરા પણ હડપ્પીય સંસ્કૃતિનો નિર્દેશ કરતું નગર છે. કિલ્લેબંધી ધરાવતું આ નગર પણ સિંધુ સંસ્કૃતિના નગરો જેવું છે. તે વેપાર-વાણિજ્યનું ધમધમતું મોટું કેન્દ્ર હતું.

**વૈદિક સંસ્કૃતિ :** સિંધુ ખીણની સંસ્કૃતિ પછીના સમયમાં ભારતમાં વિકસેલી વૈદિક સંસ્કૃતિ છે. 'વેદ' નામના પ્રાચીન ભારતીય સાહિત્યનો રચનાકાળ. વેદ શબ્દ 'વિદ્'માંથી બનેલો અને તેનો અર્થ જ્ઞાન થાય છે. વેદકાલીન સાહિત્ય પ્રાચીનતમ છે. મુખ્ય ચાર વેદ. સૌપ્રથમ ઋગ્વેદની રચના થઈ. જે અતિપ્રાચીન છે. જ્ઞાનનો ભંડાર છે, તેમાં વર્ણવાયેલી સંસ્કૃતિ પૂર્વવૈદિક સંસ્કૃતિ કહેવાય છે. યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ સિવાય બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, વેદાંગો, ષડદર્શન વગરે વૈદિક સાહિત્ય છે.

**શ્રુતિ સાહિત્ય :** ઈશ્વર દ્વારા રચાયેલ સાહિત્ય છે. યજુર્વેદની રચના ગદ્યાત્મક શૈલીમાં, યજ્ઞ વેળાએ રાગ અને લય સાથે ગાવાના શ્લોકો સામવેદમાં ગણાયા તેમજ શત્રુના નાશ માટે, વશીકરણ તેમજ રોગમુક્તિવાળા મંત્રોથી અથર્વવેદની રચના થઈ.

**સ્મૃતિ સાહિત્ય :** 'મનુસ્મૃતિ', 'નારદસ્મૃતિ', ગૌતમસ્મૃતિ, પરાશર સ્મૃતિ જેવી દશ સ્મૃતિઓ આ સાહિત્યમાં સમાયેલ છે. હિંદુ ધર્મના પ્રતીક સમાન તેમજ અધર્મ સામે ધર્મનું રક્ષણ કરવાનો ઉપદેશ, 'મનુસ્મૃતિ'ને પ્રાચીન વિશ્વનો કાયદાસંગ્રહ ગણવામાં આવે છે.

**ભારતની સાંસ્કૃતિક વિરાસતરૂપ સાહિત્ય :** પ્રાચીન સાહિત્યમાં ઋગ્વેદ ભારતનો અતિપ્રાચીન ગ્રંથ ગણાય છે. આ ગ્રંથના મુખ્ય ૧૦ ભાગો, તેમાં કુલ ૧૦૦૦ ઋચાઓ કે સૂક્તો. આ ઋચાઓ ખાસ કરીને યજ્ઞવિધિમાં કરવામાં આવતી, તેમાં દેવદેવીઓની સ્તુતિ છે.

**સામવેદ :** યજ્ઞવિધિ સમયે લય અને તાલનું સંયોજન લય અને તાલબદ્ધ રીતે ગાવાનું માર્ગદર્શન સામવેદમાં જોવા મળે છે.

**યજુર્વેદ :** આ ગ્રંથ બે શૈલીમાં છે. ૧.ગદ્યાત્મક ૨. પદ્યાત્મક. બન્નેમાં યજ્ઞવિધિઓ દર્શાવવામાં આવી છે. યજુર્વેદની મુખ્ય બે શાખાઓ છે. ૧. શુક્લ યજુર્વેદ ૨. કૃષ્ણ યજુર્વેદ

**બ્રાહ્મણ ગ્રંથો :** આ ગ્રંથોમાં વૈદિક મંત્રોના અર્થ રજૂ કરવામાં આવે છે. આ ઉપરાંત માનવીએ કેવું આચરણ કરવું તે માટેના આદેશોની વિસ્તૃત સમજ આપી છે.

**આરણ્યક ગ્રંથો :** વનમાં આશ્રમ બાંધીને - રહીને સતત ચિંતન કરીને રચાયેલા તત્ત્વજ્ઞાનથી ભરપૂર સાહિત્ય એટલે આરણ્યક ગ્રંથો. તેમાં વિવિધ પ્રકારના સંસ્કાર દર્શાવ્યા છે.

**ઉપનિષદ :** ભારતીય ચિંતન સ્તોત્રોનું ઉત્તમ શિખર. પરમાત્મા તરફ ગતિ કરાવનાર શાસ્ત્ર આત્મા અને પરમાત્માની એકરૂપતા. મોક્ષ જ્ઞાનનું ફળ છે. જ્ઞાનની સાધનામાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનનું મહત્ત્વ છે. ભારતીય દાર્શનિક સાહિત્ય ભંડાર છે. ઉપનિષદ વૈદિક સંસ્કૃતિના અંતિમ તબક્કાની રચનાઓ છે. કઠોપનિષદ, માંડુક્ય ઉપનિષદ, તૈતિરીય ઉપનિષદ વગેરે. ઉપનિષદ એટલે કોઈ ગુરુની પાસે બેસીને શીખવું. તેમાં જન્મ-મૃત્યુ-જીવ-જગત-આત્મા-પરમાત્મા-મોક્ષ તેમજ સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ અને લય સંબંધિત વિવિધ પ્રશ્નોની ગહન છણાવટ થયેલી છે. ઉપનિષદ સંવાદ સ્વરૂપે છે, તેમાં સાદા-સરળ અને સુંદર વાક્યોમાં ગૂઢ વિચારો રજૂ થયા છે. શંકરાચાર્યે, અદ્વૈતવાદ, માધવાચાર્યે દ્વૈતવાદ અને રામાનુજાચાર્યે વિશિષ્ટદ્વૈતવાદ વિકસાવ્યા.

**રામાયણ :** વાલ્મીકિકૃત રામાયણ એક ઉત્તમ મહાકાવ્ય છે. સમગ્ર વિશ્વએ જીવન કેવી રીતે જીવવું જોઈએ તેનો શ્રેષ્ઠ આદર્શ પૂરો પાડે છે. આ મહાન સાહિત્યકૃતિમાં સાત ખંડ તેમજ ૨૪૦૦૦ શ્લોક છે. એક પિતા-ભાઈ-માતા-પત્ની-પુત્ર-રાજા-મંત્રીનો આદર્શ રામચંદ્રના

જીવન દ્વારા દર્શાવ્યો છે. જીવનમાં પ્રેમ-ત્યાગ અને બલિદાન શ્રીરામ અને ભરતનાં પાત્ર દ્વારા સમાજને સમજાવવાનો પ્રયત્ન થયો છે. રામ એ મર્યાદાપુરુષોત્તમ તરીકે ઓળખાય છે. તેમના જીવનનું વ્યક્તિ અનુસરણ કરી શકે અને પોતાનું જીવન સફળ કરી શકે. આજે પણ આ મહાકાવ્ય સમગ્ર માનવજીવનને આદર્શ અને ઉત્તમ જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડવી એવો નિર્દેશ કરે છે. એક લૂંટારો પોતાના જીવનને કેવી રીતે ઊર્ધ્વગતિએ પહોંચાડે છે તે વાલ્મીકિ ઋષિના જીવનનું દર્શન કરતાં સમજી શકાય.

**મહાભારત :** - સમગ્ર વિશ્વનો સૌથી મોટો કાવ્યગ્રંથ છે. આ મહાકાવ્યની અંદર અઢાર પર્વ તેમજ એક લાખ શ્લોક છે. આ મહાકાવ્યમાં ભાઈ - ભાઈ વચ્ચેનો સંઘર્ષ નિરૂપાયેલો છે. જીવનનું નગ્ન સત્ય આ મહાકાવ્યમાં અનુભવાય છે. માનવીની ઈચ્છા - અપેક્ષા - એષણા એને કેટલાં ખરાબ ખોટા કાર્ય કરવા પ્રેરે છે ને દૂર્યોધનના પાત્ર દ્વારા જોઈ શકીશું. પુત્ર પ્રત્યેનો આંધળો પ્રેમ સાચી અને યોગ્ય પરિસ્થિતિને સમજી શકતો નથી તે અંધ ધૃતરાષ્ટ્રના પાત્ર દ્વારા દર્શાવ્યો છે. અને તેનું તે પરિણામ સમગ્ર કુળનો નાશ એ આ મહાકાવ્યની વરવી વાસ્તવિક્તા છે તે અનુભવાય છે. બંને મહાકાવ્યો ભારતના લોકોની રાષ્ટ્રીય અને આધ્યાત્મિક વિરાસત તેમજ સંપત્તિ છે. આ બંને મહાકાવ્ય ભારતીય સાંસ્કૃતિક જીવનની ઉત્તમ વિરાસત છે તેમજ સમાજને ન્યાય-નીતિ સંગત ઉત્તમ જીવન જીવી માનવકલ્યાણનો દિવ્ય સંદેશ પૂરો પાડે છે.

**શ્રીમદ્ ભગવદ્ગીતા :** ભારતનો રાષ્ટ્રીય ગ્રંથ છે. જીવનને સાર્થક કરવાનો મહામંત્ર કૃષ્ણ દ્વારા અપાયેલ છે. જ્ઞાન, ભક્તિ અને કર્મ દ્વારા માનવ પોતાના જીવનને ઉન્નત બનાવી કલ્યાણ કરી શકે છે. કૃષ્ણ પોતે અર્જુનને માધ્યમ બનાવીને માનવજીવનને સમજાવવા માગે છે કે.....

સર્વે ધર્મને છોડી તું ફક્ત એક મારા જ શરણે આવ; હું તને સર્વ પાપમાંથી મુક્ત કરીશ. તું શોક ના કર. આમ, જન્મમરણના ફેરામાંથી ભવાટવીમાંથી મુક્ત થવું હોય-તારે મોક્ષ પ્રાપ્ત કરવો હોય તો ઈશ્વરનું શરણું દાસભાવે સ્વીકારવું જોઈએ. વિશ્વની તમામ ભાષાઓમાં આ વૈશ્વિક ગ્રંથનો અનુવાદ કરવામાં આવ્યો છે, જેનાથી સમગ્ર વિશ્વ પોતાનું નિજકલ્યાણ કરી શકે. આ ગ્રંથ માનવજીવનને હિંમત, આશા, આનંદ અને સમાધાનનો સંદેશ પૂરો પાડે છે. અઢાર અધ્યાયના સાતસો શ્લોકોમાં અહમ્‌ને દૂર કરી પોતાને-આત્માને સાચા દષ્ટિકોણથી જોવાની દિવ્ય સંજીવની પૂરી પાડે છે.

**બૌદ્ધસાહિત્ય :** પાલી ભાષામાં લખાયેલ 'ત્રિપિટક' બૌદ્ધ ધર્મનો ઉત્તમ શાસ્ત્રગ્રંથ છે. તેના મુખ્ય ત્રણ ભાગ છે:

૧. સુક્ત પિટક ૨. વિનય પિટક ૩. અભિધમ્મ પિટક

સુક્ત પિટકમાં બુદ્ધ અને તેમના શિષ્યો વચ્ચેનો સંવાદ છે. વિનયપિટકમાં બૌદ્ધધર્મના નિયમો રજૂ કરાયેલ છે.

'મિલિન્દપન્હો' બૌદ્ધસાહિત્યનો મહત્ત્વનો ગ્રંથ છે. બૌદ્ધ નિર્વાણ માટે અષ્ટાંગમાર્ગની વાત કરી જેવા કે સમ્યક્ કર્મ, સમ્યક્ વાણી સમ્યક્ આચાર, સમ્યક્ વિચાર, સમ્યક્ આકાંક્ષા, સમ્યક્ વૃત્તિ, સમ્યક્ આનંદ, સમ્યક્ શ્રદ્ધા વગેરે. બૌદ્ધે પોતાના શિષ્યોને જણાવ્યું ધર્મં શરણં ગચ્છામિ, સંઘં શરણં ગચ્છામિ॥

**જૈન સાહિત્ય :** अहिंसा परमो धर्मः જેવું ઉત્તમ અને ચિરંતર સૂત્ર ભગવાન મહાવીર સ્વામીએ આપ્યું. જૈન ધર્મના ચોવીસમા તીર્થંકરે પાંચ વ્રત આપ્યાં. જેવાં કે 'અહિંસા, અસ્તેય, સત્ય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય. આ પાંચેય કર્મનાં બંધનોમાંથી મુક્ત થવાનાં વ્રતો દર્શાવ્યાં. ઉપવાસ , દેહદમન, પ્રાયશ્ચિત્ત, સેવા અને ધ્યાન દ્વારા તપનો ઉપદેશ આપ્યો. જૈન ધર્મના મુખ્ય બે પંથ ૧. શ્વેતાંબર ૨.દિગંબર. 'કલિકાલસર્વજ્ઞ'નું બિરુદ પામેલા ગુજરાતના હેમચન્દ્રાચાર્ય જૈન ધર્મ અને જૈન સાહિત્યના તેજસ્વી તારક ગણાય છે. તેમણે રચેલા 'સિદ્ધહેમશબ્દાનુશાસન' નામે પાકૃત ભાષાનો વ્યાકરણ ગ્રંથ તથા 'દ્વયાશ્રય' નામનું મહાકાવ્ય અત્યંત પ્રસિદ્ધ

છે. કવિ સોમેશ્વરે રચેલ 'કીર્તિકૌમુદી' નામનું મહાકાવ્ય ખૂબ પ્રસિદ્ધ છે.

**સંસ્કૃત સાહિત્ય :** - સંસ્કૃત એ જ્ઞાન, વિજ્ઞાનની ભાષા બની. સંસ્કૃત મુખ્યત્વે ધર્મ, તત્વજ્ઞાન, સાહિત્ય સમાજના બ્રાહ્મણ અને ક્ષત્રિય વર્ગના લોકોની ભાષા હતી. આર્યોની ભાષા સંસ્કૃત હતી સંસ્કૃત સાહિત્યના મુખ્ય બે ભાગ પાડવામાં આવ્યા છે. ૧. વૈદિક સાહિત્ય ૨. પ્રશિષ્ટ સાહિત્ય પાણિનીએ ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં સંસ્કૃત ભાષામાં 'અષ્ટાધ્યાયી' નામના વ્યાકરણ ગ્રંથની રચના કરી હતી. સંસ્કૃત ભાષાનો આ ખૂબ જ પ્રખ્યાત ગ્રંથ છે. સંસ્કૃત ભાષા દ્વારા જ ભારતીય સંસ્કૃતિની ઓળખ થઈ. ગુપ્તયુગ સંસ્કૃત સાહિત્યના કાવ્યો અને નાટકોનો 'સુવર્ણયુગ' કહેવાય છે. કાલિદાસ, ભવભૂતિ, ભારવી, ભર્તૃહરિ, બાણભટ્ટ, માઘ વગેરે સાહિત્યકારોએ ઉત્તમ સર્જન કર્યું હતું. મહાકવિ કાલિદાસે 'અભિજ્ઞાન શાકુન્તલ,' 'કુમારસંભવ,' 'રઘુવંશ' 'મેઘદૂત' અને ઋતુસંહાર' જેવી શ્રેષ્ઠ અને બેનમૂન' કૃતિઓ રચી. તેમના વિશાળ સાહિત્ય સર્જનથી મહાકવિ કાલિદાસને વિશ્વપ્રસિદ્ધિ મળી છે. બાણભટ્ટરચિત 'હર્ષચરિત' અને 'કાદમ્બરી' ભવભૂતિરચિત 'ઉત્તરરામચરિત' અને ભારવીરચિત 'કિરાતાર્જુનીય' જેવું ઉત્તમ સાહિત્ય પ્રાપ્ત થયું. કવિ જયદેવરચિત 'ગીતગોવિંદ' સંસ્કૃત સાહિત્યનો સુંદરમાં સુંદર કાવ્યગ્રંથ છે. (વધુ આવતા અંકે)

**(ગૃહસ્થીઓને સલાહ પાના નં. ૪૭ ઉપરથી ચાલુ)**

વિચારોની પવિત્રતા - આ છે ગૃહસ્થાશ્રમનું નીતિશાસ્ત્ર. પતિ-પત્ની આ સિદ્ધાંતોનું પાલન કરે. જ્યારે ઉત્સાહપૂર્વક તેમનું પાલન કરવામાં આવે છે ત્યારે પરિવારમાં ધન્યતા તથા શાશ્વત આનંદનો વાસ થાય છે.

ગૃહસ્થ-જીવન સર્વશ્રેષ્ઠ જીવન છે, કારણ કે આ જીવનમાં સેવા, સહિષ્ણુતા, વિવેક, દાનશીલતા તથા પ્રેમના આદર્શોને ચરિતાર્થ કરવામાં આવે છે. ઈશ્વર તરફ લઈ જતા માર્ગ પર આગળ વધવા માટે પતિ-પત્ની દૈનિક સાધના (ઉપાસના, પ્રાર્થના, સ્વાધ્યાય વગેરે)માં પરસ્પર સહયોગ આપીને એકબીજાને મદદ કરે.

જ્યારે પતિ-પત્ની બન્ને આસ્થા, ભક્તિ તથા પ્રેમ સહ પોતાનાં હૃદયને ભગવાન તરફ વાળે છે, ત્યારે તેમની શાંતિ અને પ્રસન્નતાનો કોઈ પાર રહેતો નથી. ત્યારે તેમનું ઘર પૃથ્વી પર વૈકુંઠ સમાન થઈ જાય છે તથા માનવ-જાતિ માટે તે એક ઉત્તમ આદર્શ બની જાય છે. પરિવારમાં પણ બાળકો સત્ય, આજ્ઞાંકિતતા, અધ્યયન તથા દૈનિક પ્રાર્થનાના માર્ગ ઉપર ચાલે તે માટે તેમને કેળવવાં જોઈએ. પરિવારમાં દરરોજ કેટલોક સમય ભજન-કીર્તનનો કાર્યક્રમ રાખવાથી ઘર દિવ્ય આધ્યાત્મિક સ્પંદનોથી ભરપૂર થઈ જાય છે.

પતિ-પત્ની સદા લગ્નની આધ્યાત્મિક આધારશિલાનું સ્મરણ રાખે. લગ્ન સામાજિક ભાગીદારી જ નથી, પણ શ્રેષ્ઠ જીવન જીવવા તથા ઈશ્વર-સાક્ષાત્કાર કરવા માટેનો એક પવિત્ર સંબંધ પણ છે. ગૃહસ્થીનું ઘર મંદિરની માફક પવિત્ર હોવું જોઈએ. ગૃહસ્થોના દૈનિક જીવનમાં પૂજા-ઉપાસના એક અનિવાર્ય અંગ બનવું જોઈએ. આખું ઘર ભગવન્નામ-સ્મરણથી વ્યાપ્ત તથા પવિત્ર થઈ જવું જોઈએ.

પતિ-પત્ની રામ તથા સીતાની માફક જીવન જીવે. સદ્‌ગુણયુક્ત ધર્મમય જીવન વ્યતીત કરતાં તેઓ બીજા ગૃહસ્થોને માટે ઉદાહરણ રૂપ બને. તેઓ સરળ તથા પવિત્ર જીવન વ્યતીત કરે. માતા-પિતા તથા અતિથિઓની સેવા, સત્યવાદીપણું, સાધુ-સંન્યાસીઓને ભિક્ષા-દાન, આદર્શ રીતે સંતાનોનું પાલનપોષણ, બીજાને મદદ માટે આતુરતા, દાનશીલતા તથા ભગવદ્‌ભક્તિ - આ છે ગૃહસ્થના જીવનની આધારશિલાઓ.

પતિ-પત્ની પોતાના ઘરને ઉપાસનાનું સ્થળ સમજે. તેઓ પોતાના જીવનને ધર્મનું પરિપાલન કરવા, ભલાઈ કરવા તથા ઈશ્વર-સાક્ષાત્કારના મહાન લક્ષ્યને પહોંચવાના ઉદ્દેશોને સાકાર કરવા એક ભાગીદારી સમજે.

## Report

### Chidananda Birth Centenary Celebration Divya Tour 2016

Chidananda Birth Centernary Celebration Tour 2016 of H.H.Sri Swami Adhyatmanandaji has concluded on Aug 1, 2016. Devotees here in the West expressed their love, joy & gratitude in their own ways to be a part of this memorable event.

The highlights of the tour is Centenary Celebrations of Brother Monks Gurumaharaj Swami Chidanandaji Maharaj and H. H. Sri Swami Chinmayanandaji Maharaj at Chicago, Chinmaya Mission at Atlanta and Chinmaya Mission at Houston, Mandir Mahotsv at Bharatiya Temple, Troy (MI), Pranpratishta mahotsav at Sri Jalaram Mandir, Chicago, Yoga Teachers Training at Kula-Kamala Ashram, a story of a devotee's offering of aThepla (Indian roti) Thal and more..... Sri Swami Adhyatmanandaji released a booklet **"Divinity - Chidananda Thy Name"** commemorating the birth centenary of Pujya Swami Chidanandaji at Atlanta. Chidananda Sevashram brought out this booklet which displays the life and teachings of Swamiji in pictures and words. An impressive documentary was shown on the saintly personality of Pujya Swami Chidanandaji.

Here' we share a few sentiments of devotees.................

"It was indeed a joy to be a part of most memorable event of Jalaram Mandir Pranpratishta Mahotsav. That day, Pujya Swami Adhyatmanandaji Maharaj ignited a special spark and created a big momentum with HIS holy presence & Kirtan. It reminded of the ecstatic site (that is read in the book) of Kirtan by Sri Chaitanya Mahaprbhu !" - sevak.

"We have been and continued to be blessed by His presence in our life and His teachings. Wherever Swami-Ji goes, Love is there. Peace is there. Joy is there. God is there. We are better people as a result of His sharing of the Light." - Sharon Alitt

"Being in His presence brings feelings of love, kindness, calmness... his knowledge, history and experience allow me to walk away with the tools I need to continue my journey toward becoming a Yogi." - a devotee

**Arrival at Chicago (June 22, 2016)**

Chidananda Centenary Celebration Tour 2016 of Pujya Swami Adhyatmanandaji has commenced from Chicago. As always, with joy Pujya Swamiji was received by Naik's. There was a severe Tornado warning that day and we were a bit tense and got ready with a big umbrella to receive Sri Swamiji but at the time of the landing of the plane every thing got cleared, smiling rays of the Sun God came out and then as we reached home and were on the driveway Rain God sprinkled a few "ami-chatna" and welcomed Sri Swamiji Maharaj. All the grace & blessings of God Gurudev Sri Swami Sivannadaji Maharaj & Guru Maharaj Sri Swami Chidanandaji Maharaj !

In the evening, Gita study group members gave warm welcome with Purna Kumbham to Pujya Swamiji Maharaj. They arranged Chinmaya & Chidananda Centenary Celebration satsang at Naik's holy abode. It is indeed a rare privilege, we all felt blessed !

The next day (July 23, 2016), was supposed to be a day of rest period for Swamiji after the long air travel, but honoring the request of devotees, we had two satsang one at Smt. Rakshaben & Sri. Prafulbhai at lunch time (12 pm - 3.00pm) where Swamiji gave a talk on the subject of "Guru Mahima" and second in the evening (7.00 pm - 9.00pm) at Smt. Indiraben & Sri Kiranbhai where Swamiji gave a talk on family values & culture, raising the Children.

On the July 24, 2016 Sri Swamiji departed for His next program center to Troy, Michigan around 10 am, after celebrating 82 nd Birthday of Revered Sri Rameshbhai Pandya. The call was received from Sri Pandya ji that he has intense wish to receive Pujya Swamiji's blessings on his actual birthday, so it was fulfilled !

As such, Chicago program is scheduled from July 5, 2016 - July 8, 2016

**Troy, Michigan (June 24, 2016 - June 29, 2016)**

Sri Anil Lal, President, Divya Jivan Sanskrutik Sangh (USA) received Revered Swamiji at Detroit airport. In the evening welcome program and grand satsang was organized at Bharatiya Temple, Troy (MI). June 25th & 26th were crowded with temple program establishing holy flag post in the front of Bharatiya Temple, which was actually followed after a grand Yajna and worship of the Lord. During His stay Sri Swamiji

graced and blessed number of families upon their request and had home satsang, as well he conducted daily Yoga class at Bharatiya Temple. Thanks to Smt. Meera Lal and Sri Anil Lal and his team of committed and dedicated members of Divya Jivan Sanskrutik Sangh (USA).

**Toledo, Ohio (June 29, 2016 - July 1, 2016)**

In the afternoon of June 29 th Revered Swamiji arrived at Toledo (Ohio). In the evening satsang at Hindu Temple Swamiji shared the secrets of Sri Hanuman Chalisa. Morning Yoga work shop was conducted the next day. Thanks to Pandit Sri Anant Dixitji, President Sri Anand Bhahmee Ji, Smt. Bindu Mistry & Lungani family for supporting Revered Swamiji's visit to Toledo.

**Charlotte, North Carolina ( July 1, 2016 -July 3, 2016)**

On July 1, afternoon Pujya Swamiji was received by a devote couple Smt. Bhabani & Sri Santanu Sarkar. At the evening satsang, Swamiji gave a talk on family values and nurturing our children with rich Indian Heritage. Eat together & pray together everyday, stay united to be stronger & better. On the next day, Sri Pareshbhai & Smt. Illaben organized puja at their beautiful home shrine. That followed Swamiji's talk particularly address to children to keep higher goal in life, strive hard and achieve it, nothing is impossible. Swamiji emphasised that prayer is must, pray everyday, be transparent and pure. Only clean heart can see the God. On the Morning july 3rd Swamiji left for Atlanta.

**Atlanta Program (July 3, 2016 & July 4, 2016 )**

Pujya Swamiji's brief visit to Atlanta for two days were full of wonderful programs. Credit goes to Ravi Ponangi ji & Sri Shiv Aggarwalji to coordinate the programs.

By Ravi R Ponangi

ATLANTA COMMUNITY CELEBRATE PUJYA SWAMI CHIDANANDAJI'S BIRTH CENTENARY : Atlanta, GA: Atlanta community with partnering associations, viz., Chinmaya Mission Atlanta, Hindu temple of Atlanta, Gandhi foundation of USA, Siddhi Vinayak temple, Global Mall and other partnering institutions celebrated birth centenary of Pujya Swami Chidanandaji. Chidananda Saraswati was President of the Divine Life Society, Rishikesh, India. He is well known worldwide as a yogi, jnani and spiritual leader. He succeeded as President of the Divine Life Society in 1963, after the death of his predecessor, Sivananda Saraswati, who founded the Society.

Swami Adhyatmanandaji is visiting different cities across America in connection with Chidananda Centenary Celebration Tour 2016 to USA, Canada & UK. Pujya Swami Adhyatmanandaji has commenced his tour on June 22 from Chicago. Swamiji was in Atlanta for two days on July 3&4 and spoke about Swamiji in four different events organized by local communities. Swami Yatidharmanandaji who served swami Chidanandaji for long has also participated in these birth centenary celebrations.

Swami Adhyatmanandaji released a booklet "Divinity–Chidananda Thy Name" commemorating the birth centenary of Pujya Swami Chidanandaji. Chidananda Sevashram brought out this booklet which displays the life and teachings of Swamiji in pictures and words. An impressive documentary was shown on the saintly personality of Pujya Swami Chidanandaji. A very popular quote of Pujya Swami Chidanandaji, " Real happiness comes out of peace. When the mind is tranquil and serene, peace, bliss, wells up from within you. You do not have to manufacture happiness, for it does not lie outside of you. True happiness is right where you are sitting. You are yourself happiness. Happiness is your essential nature."

**CHINMAYA MISSION ATLANTA CELEBRATE BIRTH CENTENARY OF THREE STALWARTS :** Atlanta, GA: Chinmaya Mission Atlanta organized a triple colorful celebration commemorating the birth centenary of three stalwarts of India, viz., Swami Chinmayanandaji (1916-1993), founder Chinmaya Mission, M.S. Subbulakshmi (1916-2004), legendary musician and Swami Chidanandaji (1916-2008), successor of Swami Sivananda, founder of Divine Life Society. The birth centenary celebrations of trio were held on Sunday, July 3 in Chinmaya Niketan, Norcross in the holy presence of Swami Adhyatmanandaji, President of Sivananda Ashram, Ahmedabad. Swamiji was in Atlanta for two days as part of Sri Chidananda Birth Centenary Celebrations Tour to USA, Canada and UK. Other dignitaries present on the occasion are Acharya Dr. G.V. Raghu, Acharya Gita Raghu both are Acharyas of Chinmaya Mission, Prof. Ram Sriram, President of Carnatic Music Association of Georgia and Swami Yatidharmanandaji of Chidananda Sevashram, India.

**GANDHI FOUNDATION OF USA (GFUSA) CELEBRATES The 240th INDEPENDENCE DAY OF UNITED STATES OF AMERICA :** Atlanta, GA: The Gandhi Foundation of USA (GFUSA) celebrated the 240th Independence Day of United States of America on Monday, July 4 with patriotic fervor in front of the statue of Mahatma Gandhi at Dr. Martin Luther King Jr. National Historic Site.

This year's Chief guest of July 4, His Holiness Swami Adhyatmanandaji, President of the Sivananda Ashram, Ahmedabad kicked off the celebration by rendering Bapuji's favorite song "Vaishnava Janato". Then dignitaries present, Mr. D.V. Sing from the consulate General of India in Atlanta, Greg Pridgeon, former public official of city of Atlanta, Pujya Swami Adhyatmanandaji and Pujya Swami Yatidharmanandaji from India paid rich tributes, reverence and homage to the statue of Mahatma Gandhi and ancestors of America who have given up their lives for freedom of America.

**Chicago ( July 5, 2016 - July 8, 2016)**

As always, devotee group here in Chicago Pujya Swamiji Maharaj welcomed Pujya Swamiji Maharaj with open arms. We are ever ready to receive HIM. Short three days here in Chicago were utilized fullest to the benefits of maximum people of Pujya Swamiji's holy presence. Morning Yoga was organized by Hindu Temple of Greater Chicago (HTGC). The temple committee members whole heartedly support Swamiji's Morning Yoga for many years.

" Pujya Swami Adhyatmanandaji - All of us HTGC yoga students and teachers are deeply honored and privileged to learn and re-learn many teachings and lessons of yoga from you every year. With deepest gratitude and respects to you for gracing yet another year of "HTGC Yoga Retreat 2016" Many thanks to Tilak ji (Temple President) and Sri Bhima Reddy Garu ( Temple Board trustee) for hosting the event although very busy with preparations for the Temple's 30th anniversary celebrations. Lastly cannot thank enough yoga committee members, teachers and volunteers for making this years yoga retreat a great success" - Prasad, Yoga Chair at HTGC.

Evening satsang on July 5th was organized by Sri Arbindo devotee group - Swamiji talked on Guru's Grace bringing Swami Chidananda Darshan. Satsang on July 6th was held at Gayatri Mandir- Swamijji's talk on Kundalini Yoga was enlightening. And a few home satsang, bhiksha, fulfilling the wish of devotee to celebrate his birthday (82 year grandpa), listening patiently some devotees' problem etc. filled Swamiji's all days.

Concluding was the grand satsang on July 7th at Sri Jalaram Mandir. It was indeed a joy to be a part of most memorable event of Jalaram Mandir Pranpratishta Mahotsav. That day, Pujya Swami Adhyatmanandaji Maharaj ignited a special spark and created a big momentum with HIS holy presence & Kirtan. It reminded of he ecstatic site (that is read in the book) of Kirtan by Sri Chitanya Mahaprbhu ! Our hats off to Chirayubhai (Jalaram Mandir president) and his team to work so hard to make it a grand success. It is all the Guru Krupa I Krupa of Sri Jalaram BAPA!

**Houston ( July 13, 2016 - July 17, 2016)**

At Houston Swamiji was received by Sri Divakarbhai Trivedi & his family in great reverence. Sri Divakarbhai, is a ardent devotee of Gurumaharaj Sri Swami Chidanandaji Maharaj. Swamiji arrived in the evening at their home. Home satsang was arranged by Sri Dhaval Trivediji's family. Swamiji shared his thoughts on our rich heritage of Hindu Culture, nurturing the children and family values. Swamiji gave simple formula of Bhajan & Bhojan together with family.

Revered Sri Swamiji's Houston visit was highlighted with Centenary Celebration of Brother Monks, Guru Maharaj Swami Chidanandaji Maharaj & His Holiness Sri Chinmayanandaji Maharaj at Chinmaya Mission (Houston), Satsang program at Shree Sanatan Shiv Mandir, Morning Yoga at Swaminarayan Mandir, Yoga sessions for business groups. Credits goes to Sri Dhaval Trivediji for coordinating all the programs at Houston.

On July 14 & July 15 Two days morning yoga from 7.00am to 8.30 am at Shree Swaminarayan Temple (ISSO) were appreciated by all. Swamiji explained the science & benefits of chanting Omkara and taught simple but very useful flexibility exercises, main stream Yogasana & Sivananda Pranayam, Shitali, Shitkari, Kapalbhati and Bhrastrika Pranayams.

Sri Swamiji visited BAP's Swaminarayan mandir also and offered sincere prayers for the good health and long life of Shree Pramukh Swamiji Maharaj.

On July 14, Swamiji's discourse on the subject of "Stress Management Through Yoga" at Borusan Mannesmann Pipe US Inc. was well received. He

emphasized that a little but regular practice of Pranamyam, flexibility exercise, simple Yogasana can help daily stress.

**Centenary Celebration of Brother Monks at Chinmaya Mission, Houston - On July, 15 2016**

Swamiji visited Saumyakasi Shivalaya in the evening where he was greeted and welcomed by Acharya of Chinmaya Mission Shri Gaurang Nanavati ji. Swamiji shared his experiences with His Master Sri Swami Chidanandaji Maharaj and H. H Sri Swami Chinmayanandaji Maharaj. What a closeness, mutual love, respect and reverence two Gurubhai had !

On July 16 Yoga workshop was organized at Unique Flo Group of Companies 9:00 am to 10:30 am. Swamiji explained the science and benefits of Omkara Chanting, Shitali, Shitkari, Kapalbhati and Bhrastrika Pranayams.

Shree Sanatan Shiv Shakti Mandir organized Swamiji's satsang for two days. Evening satsang on the subject of Gita Navanitam was enlightening. Swamiji shared his thoughts on how to live Gita in daily life. Swamiji picked up key verses from each chapter of Gita and explained how our every action could be selfless. Offer all our actions to God and be free from the bondage of Samsara. In summary. Swamiji emphasis that key to peace and bliss is within you, perform your dharma and attain God Realization in this very birth.

**Kula -Kamala Ashram ( July 17, 2016 - July 24, 2016 )**

By Sharon ( Sudhaji ) Alitt

Pujya Swami Adhyatmananda-Ji Maharaj arrived at Kula Kamala Ashram in Reading PA safely and joyfully on July 17th. He was welcomed with a Community Dinner and served the Grace of God through Satsang that same evening. All the people had hearts of gratitude and peace for the teaching of His Holiness.

During the week Swami-Ji has lead morning meditation each day and instructed the Kula Kamala YTT in the Holy Message of the Bhagavad Gita, and the Science of the Patanjali Yoga Sutra. The following are student reflections:

"Being in His presence brings feelings of love, kindness, calmness… his knowledge, history and experience allow me to walk away with the tools I need to continue my journey toward becoming a Yogi."

"He gives so much… Swami-Ji's words and spirit will be with me forever."

"Listening to the teaching style and stories Swami-Ji has shared, I feel the Love of God blossoming in me."

"My life has profoundly changed for the better."

"It has truly been an honor to have the experience of learning from Swami-Ji… It has also been amazing to experience his beautiful gift of chanting with such intricate intervals."

On July 19th, Swamiji traveled to Anoopam Mission in Allentown PA, where he was held in Great Honor and celebration of Guru Purnima. Swami-Ji was lovingly gifted with garlands of flowers and ten lotuses by Gayatri, a NJ devotee.

On July 20th. Swamiji returned to the Anoopam Mission, where he took part in their annual festival of adorning the Holy Murti. Swamiji was accompanied by a group of dedicated Karma and Bhakti Yogi's from Kula Kamala Ashram each day during His visit to the Mission. On both the 19th and 20th, Swami-Ji sat side by side and celebrated the Greatness of God with Revered Saheb-Ji, the Spiritual Master at Anoopam Mission, a true embodiment of Divine Love and Grace.

On July 22nd, His Holiness planted three trees, a Mimosa, Asian Pear and Birch, at Kula Kamala Ashram.

Swami-ji will travel on Sunday, July 24th, to London for further programming.

We have been and continued to be blessed by His presence in our life and His teachings. Wherever Swami-Ji goes, Love is there. Peace is there. Joy is there. God is there. We are better people as a result of His sharing of the Light.

**Invitation**

Pujya Sri Swami Adhyatmanandaji Maharaj,

Jai Sivananda ! Jai Chidananda!

Our Humble Pranams !

The organizers' team is pleased to bring YOU Centenary Celebrations Tour 2016 itinerary. With great joy, we join you all in Sri Chidananda Birth Centenary Celebrations, it is indeed a rare & blessed opportunity.

How the tour unfolded is all the Grace & Blessings of Holy Master Sri Swami Sivanandaji Maharaj & Gurumaharaj Sri Swami Chidanandaji Maharaj

Thanks for taking time out from YOUR busy programs schedule in INDIA .

With love, regards & prayers, Organizing Team

# વૃત્તાંત

**શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ :** શ્રુતિએ કહ્યું છે, 'કલૌ કેશવકીર્તનમ્' 'કલિયુગ કેવલ નામ આધારા' આ તુલસીદાસનું કથન છે. આશ્રમોની શોભા ઈંટ-પથ્થરનાં ચણતરથી નહીં, પરંતુ ત્યાં કેટલું હરિનામ, ભગવન્નામ, કથાકીર્તન, સ્વાધ્યાય, જપ કે ભજન તથા સર્વોપરી સર્વ સાધારણ જનગણની સેવા થાય ત્યાં જ ખરું અધ્યાત્મ, ત્યાં જ સાચું દિવ્ય જીવન.

ગુરુભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજની મહદીય કૃપા અને પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપ ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની શુભાકાંક્ષા વડે શિવાનંદ આશ્રમ-અમદાવાદની સર્વે પ્રવૃત્તિઓ ભગવન્નામ-પરાયણ અને સેવાપરાયણ થઈને ચાલી રહી છે.

- **તા.૯-૭-૨૦૧૬ના રોજ રથયાત્રા ઉત્સવ :** અષાઢી બીજે આશ્રમના પ્રાંગણમાં આશ્રમ સ્થિત ભગવાન શ્રી જગન્નાથ મહાપ્રભુજી, સુભદ્રાજી અને બલભદ્રને શૃંગાર કરેલા રથમાં આશ્રમ પરિસરમાં વાજતેગાજતે ઢોલ-નગારાં અને હરિનામ સંકીર્તનની હેલી સાથે ફેરવવામાં આવ્યા. મોટી સંખ્યામાં ભાવિકો આ યાત્રામાં જોડાયા અને પછી સૌએ દૂધપાક, માલપૂઆ, મગ અને જાંબુનો મહાપ્રસાદ આરોગી કૃતકૃત્યતાનો અનુભવ કર્યો.
- **તા.૧૪-૭-૨૦૧૬ના રોજ મહાસમાધિ દિવસ :** પૂજ્ય ગુરુભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના ૫૩મા પવિત્ર મહાસમાધિદિન નિમિત્તે આશ્રમમાં ગુરુપાદુકા-પૂજન, સત્સંગ અને મહામૃત્યુંજય મંત્રના જપ થયા.
- **તા.૧૯-૭-૨૦૧૬ના રોજ ગુરુપૂર્ણિમા ઉત્સવ:** ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે સાંજે શ્રી સ્વામી ચિદાનંદ ધ્યાન-યોગ મંદિર ખાતે ખૂબ જ ઉત્સાહપૂર્વક પાદુકાપૂજન, ભજન-કીર્તન થયાં. પછી સૌ ભક્તોએ ભાવપૂર્વક મહાપ્રસાદ ગ્રહણ કર્યો અને ગુરુકૃપાને હૃદયમાં ધારણ કરી ધન્યતાનો અનુભવ કર્યો.
- **તા. ૨૫-૭-૨૦૧૬ના રોજ :** પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજને દિલ્હીની સુપ્રસિદ્ધ સંસ્થા ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઑફ એજ્યુકેશન એન્ડ મેનેજમેન્ટ, જેના ચેરમેન શ્રી ડૉ. મહાનવીર તુલી (IFC Retd.) દ્વારા 'Credit for outstanding achievement JEWEL OF INDIA award' થી સન્માનિત કરવામાં આવ્યા. આ એવોર્ડ માનનીય શ્રી ભીષ્મનારાયણ સિંહ (પૂર્વ રાજ્યપાલ, આંધ્રપ્રદેશ)ના હસ્તે એનાયત કરવામાં આવ્યો.
- **તા.૨૮-૭-૨૦૧૬ના રોજ આરાધના પર્વ :** ગુરુભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજની ૫૩મી પુણ્યતિથિ-આરાધના પર્વ નિમિત્તે સાંજે વિશેષ ગુરુપાદુકાપૂજન અને સત્સંગનું આયોજન થયું.
- **તા. ૩-૮-૨૦૧૬ થી શ્રાવણમાસ :** શિવાનંદ આશ્રમ ખાતે પવિત્ર શ્રાવણમાસની ઉજવણીનો ભગવાન શ્રી વિશ્વનાથ મહાદેવની પૂજા-અર્ચના અને શ્રી શિવમહાપુરાણ કથાની સાથે શુભારંભ થયો. ભગવાન શ્રી વિશ્વનાથ મહાદેવ મંદિર ભક્તોથી ઉભરાઇ રહ્યું. પવિત્ર શ્રાવણ માસ દૈનિક રુદ્રાભિષેક પૂજાઓ, ષોડશોપચાર પૂજાઓ, અભિષેકાત્મક લઘુરુદ્રો, સવાલક્ષ બિલ્વપત્રોની અર્ચના, પાર્થિવેશ્વર મહાદેવ પૂજાઓ ઉપરાંત સોમવારે વિશેષ શૃંગાર આરતી અને રાત્રે પ્રહરપૂજાઓ સાથે ઉજવાયો. વિવિધ ઉત્સવોના આયોજન સમયે વિશેષ શૃંગારદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું.
- **શ્રી શિવમાહાપુરાણ કથા :** શિવાનંદ આશ્રમ ખાતે શ્રાવણમાસ નિમિત્તે પૂજ્યચરણ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના વ્યાસાસને નિત્ય સાંજે શ્રી શ્રી અષ્ટલક્ષ્મી આદિશક્તિપીઠ ખાતે શ્રી શિવપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું. તા. ૩ ઓગસ્ટ, શ્રાવણ સુદ એકમના રોજ ભવ્ય પોથીયાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભાગ લીધો.

• **તા. ૭-૮-૨૦૧૬ના રોજ શપથવિધિ સમારોહ :** ગુજરાત રાજ્યના નવા મુખ્યમંત્રી માનનીય શ્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલ સહિતના નવા મંત્રીમંડળની શપથવિધિ સમારોહમાં પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજે ઉપસ્થિત રહી આશીર્દાન કર્યા.

• **તા. ૧૨-૮-૨૦૧૬ના રોજ :** અમદાવાદની સુપ્રસિદ્ધ શિક્ષા સંસ્થા નિરમા યુનિવર્સિટી ખાતે નવા પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો સમક્ષ પૂજ્ય સ્વામીજીનું 'આપણા પ્રાચીન શાસ્ત્રોમાંથી જીવન દર્શન' વિષય ઉપર મનનીય પ્રવચન થયું. જેમાં સ્વામીજીએ ભવ્ય પ્રાચીન પરંપરાનો આદર્શ લઇ વર્તમાન સમયમાં સુવ્યવસ્થિત જીવન જીવી જીવનમાં પ્રગતિ અને સફળતા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે માટે એક સુંદર જીવનદૃષ્ટિ બક્ષી.

• **તા. ૧૫-૮-૨૦૧૬ના રોજ સ્વાતંત્ર્ય દિન :** સ્વતંત્ર ભારતના ૭૦મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે આશ્રમના પ્રાંગણમાં સવારે ૭ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો. પૂજ્ય સ્વામીજી તથા કુંજબિહારી દવે (કેનેડા)ના વરદ્ હસ્તે ધ્વજારોહણ થયા બાદ સમૂહ રાષ્ટ્રગાન ગાવામાં આવ્યું. આ પ્રસંગે નારાયણ ગુરુ વિદ્યાલયના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ, શિક્ષકો, આશ્રમના ભક્તો અને યોગપ્રેમીઓએ હાજર રહી સમગ્ર વાતાવરણને દેશભક્તિના રંગે રંગી દીધું. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ પ્રેરણાસ્પદ ઉદ્‌બોધન કર્યું. સાંજે પૂજ્ય સ્વામીજી રાજ્યપાલશ્રીના આમંત્રણથી રાજભવન ગાંધીનગર પધાર્યા.

• **તા. ૧૮-૮-૨૦૧૬ના રોજ શ્રાવણી પૂનમ :** શ્રાવણી પૂનમના રોજ શિવાનંદ આશ્રમ ખાતે બ્રાહ્મણ સમાજ દ્વારા ૧૦૦ ઉપરાંત બ્રાહ્મણો દ્વારા જનોઇ બદલવાના કાર્યક્રમે સમગ્ર વાતાવરણ વેદગાનોથી ભરી દીધું.

• **તા. ૨૧-૮-૨૦૧૬ના રોજ :** સદ્‌વિચાર પરિવાર ખાતે શ્રીમતી બીનાબેન શ્રેયસ પંડ્યા હોલમાં આરોગ્ય શિક્ષણ માહિતી કેન્દ્ર દ્વારા સુખદ સ્વાસ્થ્ય માટેના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પૂજ્ય સ્વામીજીએ સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ 'સુખદ સ્વાસ્થ્યની ચાવી' વિષય ઉપર ઉપરાંત ડૉ. મુકુંદ મહેતા અને ડૉ. હેમંત પટેલના પણ ઉદ્‌બોધનો થયા.


રાત્રે અમદાવાદની સુપ્રસિદ્ધ આધ્યાત્મિક સંસ્થા 'તત્ત્વતીર્થ' દ્વારા આયોજિત 'વેદાંત ડાયરો' કાર્યક્રમમાં તેમના આમંત્રણથી પૂજ્ય સ્વામીજી કેટલાક ભક્તો સાથે ઠાકોરભાઇ હોલમાં ઉપસ્થિત રહ્યા અને અને આ આધ્યાત્મિક ડાયરાનું રસપાન કર્યું.

• **તા. ૨૨-૮-૨૦૧૬ના રોજ :** ભોપાલ (મ.પ્ર)ની સુપ્રસિદ્ધ શિક્ષા સંસ્થા સાંચિ યુનિવર્સિટીમાં તેમના નિમંત્રણને માન આપી ઉપસ્થિત રહી 'રાષ્ટ્રીય ઉત્કર્ષ અભિયાન' વિષય ઉપર ખૂબ જ મનનીય પ્રવચન આપ્યું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ હાજર રહી આ વક્તવ્યનો લાભ લીધો.

• **તા.૨૫-૮-૨૦૧૬ના રોજ જન્માષ્ટમી ઉત્સવ :** જન્માષ્ટમીના રોજ રાત્રે ૯.૦૦ થી ૧૨.૦૦ સુધી ડૉ. જયંત વસાવડાના સ્વરગુંજન હાટકેશ ગ્રુપના કલાકારો દ્વારા ભક્તિ સંગીતનો કાર્યક્રમ આયોજાયો. કલાકારોએ સમગ્ર ભાવિકોને મંત્રમુગ્ધ કરી દીધા અને મહારાત્રીના મહાલય સમયે સૌ ભક્તોને શ્રીકૃષ્ણ રસમાં તરબોળ કર્યા. શ્રી કૃષ્ણ જન્મોત્સવની આરતી, પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. સૌ ભક્તોના હૃદય હર્ષોલ્લાસ ભરાઈ ગયા.

જન્માષ્ટમીના ઉત્સવે પૂ. સ્વામીજીએ દૂરદર્શન દ્વારા આયેજિત દ્વારકામાં આ ભવ્ય શ્રી કૃષ્ણ પ્રાગટ્ય ઉત્સવની ઉજવણીની રનીંગ કોમેન્ટ્રી આપી સૌ ભક્તોમાં આનંદનો મહાસાગર લહેરાવી સૌને મંત્રમુગ્ધ કર્યા.

• **તા. ૩૧-૮-૨૦૧૬ના રોજ શિવપુરાણ કથાની પૂર્ણાહુતિ :**
પવિત્ર શ્રાવણમાસના મંગલપ્રારંભથી પૂજ્ય સ્વામીજીની વ્યાસપીઠે આયોજિત શિવકથા પુરાણનું આજ રોજ સમાપન થયું. ખૂબ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ આ કથાશ્રવણનો લાભ લીધો. અમાવસ્યાના દિવસે ૧-૯-૨૦૧૬ના રોજ હોમાત્મક લઘુરુદ્ર અને મહાપ્રસાદ-ભંડારો પણ થયો.



Rhythm of art
BIS Hallmarked Jewellery
SUVARNAKALA®
Gold, Diamond & Jadtar Jewellery
BIS Approved Jeweller
અમદાવાદ
સી.જી. રોડ
"નેશનલ પ્લાઝા",
લાલ બંગલાની સામે,
સી.જી રોડ, અમદાવાદ - 6
સેટેલાઇટ
"વીનસ એમેડીયસ",
જોધપુર ચાર રસ્તા BRTS બસ સ્ટેન્ડ સામે,
સેટેલાઇટ, અમદાવાદ - 15
SUNDAY CLOSED

ISO 22000
ફૂડ સેફ્ટી પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.

ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!


રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

**રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.**

સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com

Identity




એટલાન્ટા ખાતે, શ્રી સ્વામી ચિદાનંદજી, શ્રી સ્વામી ચિન્મયાનંદજી અને
શ્રીમતી એમ. એસ. સુબ્બુલક્ષ્મીજીનો જન્મ શતાબ્દી ઉત્સવ (૩-૭-૨૦૧૬)



વહાલા બાલુકાકાનું
દિવ્ય સાંનિધ્ય-વડોદરા (તા. ૨૦-૬-૨૦૧૬)






શિકાગો ખાતે શ્રી જલારામ મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પૂજ્ય સ્વામીજીનું દિવ્ય સંકીર્તન (૭-૭-૨૦૧૬)



ઈન્ડિયાના બ્લૂમિંગ્ટન (યુએસએ) ખાતે પૂજ્ય શ્રી દલાઈ લામાના
આશ્રમમાં પ્રાતઃકાલીન ધ્યાન પછી લામાઓના સાંનિધ્યમાં
(૩૦-૬-૨૦૧૬)



"અંતિમદર્શન" પૂજ્યપાદ શ્રી પ્રમુખ સ્વામીજી
મહારાજના શ્રીચરણે (૧૪-૮-૨૦૧૬)

Printed and Published by ARUN DEVENDRA OZA on behalf of GUJARAT DIVYA JIVAN SANGH and Printed at Print Vision Private Limited, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- SWAMI ADHYATMANANDAJI




શિકાગો ખાતે ગીતા સ્ટડી ગ્રુપ દ્વારા ચિદાનંદ સ્મૃતિ યાત્રા પૂર્વે સ્વાગત (૨૨-૬-૨૦૧૬)



શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે જન્માષ્ટમીના શુભ પર્વે ભક્તિસંગીત ડૉ. જયંત વસાવડાજી અને સ્વર ગુંજન હાટકેશ ગ્રુપ દ્વારા (૨૫-૮-૨૦૧૬)



પૂજ્ય સ્વામીજીના નિદર્શનમાં હિન્દુ ટેમ્પલ ઓફ ગ્રેટર શિકાગો ખાતે વાર્ષિક યોગશિબિર (૮-૭-૨૦૧૬)



સાંચી વિશ્વવિદ્યાલય (વિદિશા) મધ્યપ્રદેશ ખાતે પૂજ્ય સ્વામીજીનું ઉદ્‌બોધન 'યાદ કરો કુરબાની' (તા. ૨૨-૮-૨૦૧૬)

## ગુરુ અને શિષ્ય

'ગુરુ-કૃપા' અદ્‌ભુત અને અગમ્ય છે. ગુરુકૃપા સાધકને જીવનનું પરમ લક્ષ્ય સિદ્ધ કરવા - આત્મસાક્ષાત્કાર કરવા- પ્રભુદર્શન કરવા શક્તિમાન બનાવે છે. શિષ્ય અધિકારી હોય કે અનધિકારી હોય, પણ ગુરુ આધ્યાત્મિક માર્ગમાં પ્રચલિત તમામ કાયદાઓને અભરાઈએ ચઢાવીને શિષ્યને પારલૌકિક સુખનો અનુભવ કરાવી શકે છે. ગુરુ હંમેશાં કૃપાળુ જ હોય છે, પણ ગુરુકૃપા માત્ર વરસાવવાની નથી, માત્ર આપવાની જ નથી, પણ તે લેવાની યે હોય છે. તે લેવામાં આપણે આપણી જાતને અમર અને દિવ્ય બનાવવાની છે.

**- સ્વામી ચિદાનંદ**

Print Vision